પરદેશમાં દેશની મહેંક એટલે

સ્વદેશ

કેનેડાથી પ્રસિદ્ધ થતું સર્વોત્તમ ગુજરાતી સાપ્તાહિક SWADESH

ન્યૂઝીલેન્ડની સોફિ ડિવાઇને ટી-૨૦ ક્રિકેટમાં ૩૬ બોલમાં સદી ફટકારી

વાંચો પેજ નં. ૨૧

FRIDAY, 15 JANUARY, 2021 Vol. 17, No. 03 Pages 24 Tel: 416-996-7755, E-mail : info@swadesh.news Web : www.swadesh.news

૨૪૫ વર્ષમાં પ્રથમવાર ઘટના

ટ્રમ્પ વિરુદ્ધ ચાલશે હવે મહાભિયોગ બંને ગૃહોમાં બીજી વાર પ્રસ્તાવ પાસ

- ટ્રમ્પના મહાભિયોગ પ્રસ્તાવના પક્ષમાં ૨૩૨ અને વિપક્ષમાં ૧૯૭ મત મળ્યા

વોશિંગ્ટન : અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના કાર્યકાળ આડે માંડ ૬ દિવસ બાકી રહ્યા છે ત્યારે અમેરિકી સંસદમાં ટ્રમ્પ સામે બીજીવાર મહાભિયોગની કાર્યવાહીનો તખતો તૈયાર થઈ ગયો છે. બુધવારે અમેરિકી સંસદના હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવમાં ટ્રમ્પ સામેના મહાભિયોગ પ્રસ્તાવ પર ચર્ચા થઈ હતી. હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવમાં મતદાન દરમિયાન ટ્રમ્પના મહાભિયોગ પ્રસ્તાવને પક્ષમાં ૨૩૨ અને વિપક્ષમાં ૧૯૭ મત મળ્યા હતા. આ પ્રસ્તાવ માટે મત આપનારાઓમાં ૨૨૨ ડેમોક્રેટ્સ સાંસદ હતા, જ્યારે ૧૦ રિપબ્લિકન. મહાભિયોગને ૨૧૮ મતોની જરૂર છે.

આ સાથે અમેરિકામાં રાજકીય સંકટ વધુ ઉંડું બન્યું છે. તમામની નજર હવે સેનેટ પર છે. જો સેનેટમાં મહાભિયોગના પ્રસ્તાવ પણ પસાર કરવામાં આવે તો ડોનાલ્ડ ટ્રમ્પે નિર્ધારિત સમય પૂર્વે રાષ્ટ્રપતિ પદ છોડવું પડશે. સેનેટમાં પસાર કરેલા મહાભિયોગ પ્રસ્તાવને પસાર કરવા માટે સભ્યોના બે તૃતીયાંશ સભ્યોના મતોની જરૂર રહેશે. જો કે, સેનેટમાં રિપબ્લિકન નેતાઓ ૫૦ની સામે ૫૧ના પાતળા બહુમતી ધરાવે છે. પ્રસ્તાવ પસાર કરવો થોડો મુશ્કેલ લાગે છે, પરંતુ તે ભૂલવું ન જોઈએ કે ઘણા રિપબ્લિકન પણ ટ્રમ્પની વિરુદ્ધ છે.

૧૭ રિપબ્લિકન્સનો મત બદલાય તે જરૂરી

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ પર મહાભિયોગની પ્રક્રિયા કરવી એટલી સરળ નથી, કેટલાક રિપબ્લિકન સાંસદોએ હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સમાં મહાભિયોગ પ્રસ્તાવનું સમર્થન તો કર્યું પરંતુ તેઓ જાણે છે કે સીનેટમાં તેને સફળતા મળવી ખૂબ જ મુશ્કેલ છે. સીનેટના ૧૦૦માંથી ૬૭ સાંસદ જ્યારે મહાભિયોગ ના પક્ષમાં વોટિંગ કરશે તો જ પ્રસ્તાવ પાસ થશે. હાલ સીનેટની સંખ્યા ૯૮ છે. એટલે કે મહાભિયોગની મંજૂરી માટે ૬૫ વોટ જોઈએ. ૫૦ સીટો રિપબ્લિકન અને ૪૮ ડેમોક્રેટ્સની પાસે છે. એટલે કે ૧૭ રિપબ્લિકન્સ જો બદલાય છે તો ૬૫ વોટ પ્રાપ્ત થશે અને મહાભિયોગ મંજૂર થશે. હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સના ૧૦ રિપ બ્લિકન સાંસદ તો ટ્રમ્પની વિરુદ્ધ થઈ ચૂક્યા છે. જોવાનું એ છે કે સીનેટમાં કેટલા રિપબ્લિકન સાંસદ મહાભિયોગનું સમર્થન કરે છે.

જો બાઈડેનની જીતનું પ્રમાણપત્ર માંગનારને ધમકી મળીઃ રો ખન્ના

ભારતીય અમેરિકન રો ખન્ના સહિત ડેમોક્રટ અને રિપબ્લીકન સાંસદોને ધમકીઓ મળતા ચકચાર

વોશિંગ્ટન : અમેરિકાના આગામી પ્રમુખ તરીકે ત્રીજી નવેમ્બરે ચૂંટાયેલા જો બાઈડેનની જીતના સર્ટિફિકેટ માગનાર અમેરિકન સાંસદોને મારી નાંખવા સહિતની ધમકીઓ મળી રહી હોવાનું ભારતીય અમેરિકન સાંસદ રો ખન્નાએ કહ્યું હતું. એક ટીવી ચેનલ સાથેની વાતચીતમાં ખન્નાએ કહ્યું હતું કે ડેમોક્રેટ અને રિપબ્લીકન એમ બંને પક્ષોના સાંસદોને કેટલાક લોકો તરફથી ધમકીઓ મળી રહી હતી.

'લોકોને એ વાતનો અહેસાસ નથી કે આ ધમકી રિપબ્લીકન કે પ્રગતિશીલ સામે નથી, બલકે ડેમોક્રેટ સામે છે. મેં મારા કેટલાક સાથીઓ સાથે વાત કરી હતી, કોની સાથે કરી તે મારે કહેવું નથી, પણ હકીકત છે કે તમને મારી નાંખવાની ધમકી મળે છે'એમ ખન્નાએ ટીવી ચેનલને કહ્યું હતું. 'જેમણે સર્ટિફિકેશન માટે મત આપ્યા હતા તેમને મારી નાંખવાની ધમકીઓ મળે છે. આમ અનેક લોકો માટે આ તો અત્યંત બિહામણી સ્થિતિ છે જેઓ સેવા આપે છે અને પક્ષાપક્ષી થી દૂર છે'એમ કેલિફોર્નિયાના ડેમોક્રેટ નેતા ખન્નાએ કહ્યું હતું. છટ્ટી જાન્યુઆરીના સંસદના સંયુક્ત સત્રમાં પ્રમુખ તરીકે બોઈડેન અને ઉપ પ્રમુખ તરીકે કમલાહેરિસની જીતને ઈલેકટ્રોલ કોલેજ સર્ટિફિકેટ અપાયું હતું.

કોરોનાના સમાચાર માટે જૂઓ

પેજ નંબર ૨, ૭, ૨૨

કોરોનાનું સંક્રમણ, ૨૪ કલાકમાં ૧૨૫ મોત, ૫૪૫૮ કેસ

સૌથી વધુ કોરોના પોઝિટિવ કેસ ઓન્ટેરિયો પ્રાંતમાં ૨૧૩૨ નોંધાયા, જ્યારે ન્યુ ફાઉન્ડલેન્ડમાં સૌથી ઓછો એક કેસ મળ્યો

ટોરોન્ટો : કેનેડામાં કોરોનાનુ સંક્રમણ અટકવાનું નામ જ લેતું ન હોય તેમ ગુરુવારે સાંજ સુધીના વીતેલા ૨૪ કલાકમાં સમગ્ર દેશમાં ૫૪૫૮ નાગરિકો કોરોના ચપેટમાં આવી ગયા હતા. જ્યારે આ જ સમયગાળામાં ૧૨૫ લોકોએ કોરોનાને કારણે પોતાના જીવ ગુમાવ્યા હતા. કેનેડામાં હજી પણ કોરોનાના એક્ટિવ કેસની સંખ્યા ૭૮૪૫૮ હોવાથી સરકાર ગંભીરતા સાથે પગલા લઈ રહી છે.

ગુરુવારે સાંજ સુધીના છેલ્લાં ૨૪ કલાકમાં ઓન્ટેરિયોમાં સૌથી વધુ ૨૧૩૨ લોકો કોરોનાથી સંક્રમિત થયાનું બહાર આવવા સાથે ૬૪ લોકોના મોત કોરોનાને કારણે નોંધાયા હતા. આ ઉપરાંત સાસ્કેચવાનમાં ૩૧૨, ન્યુ બ્રુન્સવીકમાં ૨૩, મોનીટોબામાં ૨૬૧, નોવા સ્કોસિયામાં ૬ તથા ન્યુ ફાઉન્ડ લેન્ડમાં એક કેસ નોંધાયો હતો. આ જ સમયગાળામાં મૃત્યુ કેસની વાત કરીએ તો મોનીટોબામાં બે દર્દીઓને કોરોનાને કારણે મોતને ભેટી ગયું હતુ. રાહતજનક વાત એ રહી હતી કે, સમગ્ર દેશમાં નોવાસ્કોસિયામાં ૪, મોનીટોબામાં ૨૯૯, ન્યુ બ્રુન્સવીકમાં ૭ તથા સાસ્કેચવાનમાં ૨૦૧ અને ઓન્ટેરિયોમાં દર્દીઓએ કોરોનાને મ્હાત આપી હતી. આખા દેશમાં કોરોનાની સારવાર લઈ રહેલા દર્દીઓ પૈકી ૮૪૩ લોકોની હાલત અત્યંત કટોકટ હોવાનું જાણવા મળ્યું છે.

કોવિડ-૧૯ને કારણે ક્યૂબેકમાં કર્ફ્યૂ મુકાયોઃ વિરોધ કરનારા સામે ગુનો દાખલ

શનિવારથી શરૂ થયેલા રાત્રિ કર્ફ્યુનો અમલ ચાર અઠવાડિયા સુધી રહેશેઃ મોન્ટ્રીયલ પોલીસે કર્ફ્યુનો વિરોધ કરનારા ૮૪ પાસે દંડ વસૂલ્યો

મોન્ટ્રીયલ : ક્યૂબેકમાં કોરોનાનો ચેપ વકરતા રવિવારે લાદવામાં આવેલા કરફ્યુનો વિરોધ કરવા કેટલાક લોકો નીકળ્યા હતા. આ પ્રદર્શનકારીઓ સામે સ્થાનિક પોલીસે ગુનો દાખલ કરી દંડ ફટકાર્યો હોવાના સમાચાર મળી રહ્યા છે. પ્રાંતીય પોલીસના જણાવ્યા મુજબ જુદી જુદી મ્યુનિસીપાલીટી વિસ્તારોમાં ૨૦ ઠેકાણે પોલીસે અંદાજે ૧૫૦ વ્યકિતઓ સામે કરફ્યુભંગનો ગુનો દાખલ કરી દંડ ફટકાર્યો હતો. કરફ્યુનો અમલ શનિવારની રાત્રે ૮.૦૦ વાગ્યાથી થયો હતો. જો કે, સત્તાવાળાઓએ લોકોના સહકારને બિરદાવતા કહ્યું હતું કે, જાહેર હિત માટેના આ કરફ્યુનો અમલ આવનારા ચાર સપ્તાહ સુધી રહેશે અને લોકો એમાં સહકાર આપશે.

પ્રાંતની પોલીસે પણ કહ્યું હતું કે, કેટલાક અપવાદોને બાદ કરીએ તો લોકો સારો સહકાર આપી રહ્યો છે. આ કરફ્યું રાત્રે ૮.૦૦ વાગ્યાથી સવારે ૫.૦૦ વાગ્યા સુધીનો જ છે અને ૮મી ફેબ્રુઆરી સુધી એનો અમલ રહેનાર છે. કરફ્યુ ભંગ બદલનો દંડ ૧૦૦૦ યુએસ ડોલર અને ૫૫૦ યુએસ ડોલર મળી ૧૫૫૦ યુએસ ડોલરથી લઈને ૬૦૦૦ યુએસ ડોલર સુધીનો છે. ક્યૂબેકમાં અંદાજે ૨૦ લોકોને ઓલ્ડ પોર્ટ વિસ્તારનામ્યુઝીયમ ઓફ સિવિલાઈઝેશન નજીક પ્રદર્શન કરતી વખતે પકડવામાં આવ્યા હતા અને દંડ ફટકાર્યો હતો. કેટલાકે ઓળખ આપવાનો ઈન્કાર કરતા એમને અટકાયત હેઠળ પણ લેવામાં આવ્યા હતા. મોન્ટ્રીયલની પોલીસે પણ વિરોધ કરી રહેલા સહિત કુલ અંદાજે ૮૪ લોકોને દંડ ફટકાર્યો હતો. ક્યૂબેકના શેરબ્રુકમાં પોલીસે ૧૧ લોકોને દંડ કર્યો હતો. જે લોકો વિરોધ કરી રહ્યા હતા એમને અટકાયતમાં રાખવામાં આવ્યા હતા. સ્થાનિક પોલીસે કરફ્યુનું પાલન કરી રહેલાઓનો આભાર માન્યો હતો. એ જ રીતે ક્યૂબેકના જાહેર સલામતી મંત્રી જેનેવીવી ગીલ્બર્ટે પણ લોકોનો આભાર માન્યો હતો અને ક્યૂબેકના પ્રિમીયર ફ્રાન્કોઈસ લેગોલ્ટે પણ લોકોને સંદેશો પાઠવી આભાર વ્યકત કર્યો હતો અને વધુ સહકારની અપીલ પણ કરી હતી. આ નિર્ણય જાહેર આરોગ્યની સલામતી માટેનો હોવાથી એનું પાલન થવું જરૂરી છે અને પોલીસે જે દંડની રકમ રાખી છે તે યોગ્ય હોવાનો ઉલ્લેખ પણ તેમણે કર્યો હતો. કર્ફ્યૂના અમલ બાદ નજીકનાવિસ્તારની પોલીસે અંદાજે ૧૪૩ વાહનો અટકાવ્યા હતા અને ૧૬૧ લોકોને અટકાવ્યા હતા. જે પૈકી છને દંડ કર્યો હતો. બાકીનાઓ પાસે બહાર નિકળવા માટેનું યોગ્ય કારણ હોવાથી તેમને જવા દેવામાં આવ્યા હતા એમ પોલીસના પ્રવકતાએ જણાવ્યું હતું.

બિનજરૂરી પ્રવાસ કરનારને કોવિડથી અમલી યોજનાઓનો લાભો નહીં મળે

કોરન્ટાઈનનો ખર્ચ CRSBમાંથી લેવાના કેનેડિયનોના વલણને કારણે નવા નિયમો અમલી બનશે

ટોરોન્ટો : ફેડરલ સરકારના નવા નિવેદન મુજબ કેનેડાના ટ્રાવેલ રૂલ્સમાં ફેરફાર થઈ રહ્યો છે. એમ્પ્લોયમેન્ટ એન્ડ સોશિયલ ડેવલપમેન્ટ કેનેડાએ ૧૧મી જાન્યુઆરીએ સ્પષ્ટ કરી દીધું હતું કે કોવિડ-૧૯ના લાભો મેળવનારા બિનજરૂરી પ્રવાસ કરનારાઓ માટેની બધી છટકબારીઓ હવે બંધ કરી દેવાશે. વધારામાં કેનેડા રેવન્યુ એજન્સી (સીઆરએ) પણ ત્રણ નવા રીકવરી બેનીફીટસ માટેની અરજીઓની પ્રકિયાને અપડેટ કરશે. કેનેડાના પ્રવાસ નિયમો શું કહે છે એ પણ જાણીએ તો કોવિડ -૧૯ મહામારી શરૂ ત્યારથી સરકારે કેનેડીયનોને બિનજરૂરી પ્રવાસને ટાળવા અને ખાસ કરીને રજાઓમાં પ્રવાસ ટાળવા વિનંતી કરાઈ હતી. જોકે દેશમાં પ્રવાસ પર કોઈ પ્રતિબંધ લાદવામાં આવ્યો નહોતો. એટલે કે પ્રવાસની જરૂરીયાત નક્કી કરવાની જવાબદારી સરકારે કેનેડીયનો પર જ છોડી હતી.

વડાપ્રધાન જસ્ટીન ટ્રુડોએ કહ્યું હતું કે, દેશવાસીઓ માટે પ્રવાસ અંગેની માર્ગદર્શિકા બહું સ્પષ્ટ જ છે અને તે એ છે કે તમારે બિનજરૂરીવિદેશ પ્રવાસ ટાળવાનો છે. કેનેડાના ટોચના ડોકટર થેરેસા ટેમે પણ આવો જ સંદેશ આપ્યો હતો. અધિકારીઓએ પણ આ જ વાતને ફરીથી દોહરાવી હતી. જયારે ઘણાં કેનેડીયન રાજકારણીઓ બિનજરૂરી પ્રવાસ કરતા ઝડપાયા હતા.સીઆરએસબીમાં કઈ છટકબારી મુખ્ય છે એ પણ જાણીએ તો જાન્યુઆરીના આરંભે કોવિડ -૧૯ના લાભો માટેની પહેલી છટકબારી જોવા મળી હતી. જેની ચર્ચા કેનેડાના પબ્લિક સર્વિસ મિનીસ્ટર કાર્લા કવાલઘ્રોના પ્રેસ સેક્રેટરી મેરીલી હોસાકના લા પ્રેસે સાથેના ઈન્ટરવ્યુમાં થઈ હતી. જેમાં ઘણાં લોકો બિનજરૂરી પ્રવાસ બાદના કોરન્ટાઈનનો ખર્ચ સીઆરએસબીમાંથી લઈ રહ્યા હોવા વિશે છણાવટ થઈ હતી. ખરેખર એ લાભ તો માત્ર એવા કેનેડીયનો માટે હતો જે ખરેખર કોવિડથી ગ્રસ્ત હોય અને એ કારણથી આઈસોલેશન પાળવાનું હોય. હવે ત્રીજી જાન્યુઆરી બાદ વિદેશ પ્રવાસ માટેની નવી માર્ગદર્શિકા નક્કી કરાઈ છે. જેની જાહેરાત ૧૧મી જાન્યુઆરીએ કરવામાં આવી છે. એટલે બિનજરૂરી વિદેશ પ્રવાસ કરનારા હવે એવા લાભો મેળવી નહીં શકે.

The North Star Insurance Inc.
For all your Insurance & Investment needs
Start Education Saving Plan for your kid's education
Get up to $7200 Grant (CESG) * Get up to $2000 Grant CLB
Get up to 15% Extra Bonus on your contribution *(Condition Apply)
Start Retirement Saving Plan & Get the benefit of
* Tax Deduction * Tax Free Growth
* Retirement Income * Spousal RRSP
* First home buyers plan * Education costs for you/your spouse
Life Insurance | Critical Illness Insurance | Disability Insurance
Visitors Insurance | Travel Insurance | Super Visa Insurance
Call today for a free no obligation quote
Jagdish Patel (President, insurance Advisor) 647-470-1673 northstar.inc19@gmail.com
Jagruti Patel (Insurance Advisor) 647-831-7045 advisorjpatel@gmail.com
Hiring new & experienced insurance advisor
Better Commission package
Weekly product training
One on one basis support
Full flexibility

Happy New year & Best Wishes to all.
VISITOR TO CANADA AND NEW IMMIGRANTS INSURANCE
SHIV FINANCIAL SERVICES
Personal Tax - File is Free For New Immigrants.
Full Time Service Provider
Serving Community Since 2009
Supervisa Insurance Monthly Plan Available
• Life Insurance, Critical Illness Insurance & Mortgage Insurance with Money Back Option • Health & Dental Plan • Segregated Fund • Personal Tax-file
* અમે બધી ટોપની ઈન્સ્યુરન્સ કંપનીઓનું પ્રતિનિધિત્વ કરીએ છીએ.
* New Life Insurance Advisors are recruited.
::: For Free Quotation & Consultation :::
જગદીશ સેવક (Financial Advisor) Cell: 647-236-7620
SHIV FINANCIAL SERVICES "Proper insurance coverage is Peace of Mind" Email: sevak_2007@hotmail.com www.shivfinancialservices.ca
GUARANTEED LOWEST PREMIUM

ઓન્ટેરિયો-ડરહામ પ્રાંતના શહેરો કાર ઈન્સ્યુરન્સના પ્રિમીયમ દરોમાં મોખરે

- અકસ્માતના કલેઈમ વધતા વીમા કંપની પર ખર્ચનું ભારણ પણ વધ્યું
- ટોરન્ટોમાં કારની સંખ્યા વધુ હોવાથી ૨૨૦૦ ડોલરની આસપાસ પ્રિમિયમ

ઓન્ટેરિયો : કારના ઈન્સ્યુરન્સનું પ્રિમીયમ ભરવું એટલે બેંક એકાઉન્ટને મોટો ફટકો લાગવો એવું જીટીએ અને આસપાસના પ્રાંતોમાં જોવા મળે છે. સ્થાનિક ઈન્સ્યુરન્સ ડેટા પરથી જાણવા મળે છે કે કયાં લોકો કેટલું પ્રિમીયમ ભરે છે. રેટસ ડોટ કેનેડાએ એકત્ર કરેલા આંકડાઓ મુજબ ડીસેમ્બર ૨૦૨૦માં સરેરાશ પ્રિમીયમ અંદાજે ૧૬૧૬ ડોલર જેટલું હતું એમ લિયામ લાહેએ કહ્યું હતું. તેમના કહેવા મુજબ ૨૦૧૮ની સરખામણીમાં આ ઉછાળો લગભગ ૧૦ ટકા જેટલો છે અને ડરહામમાં તો એનાથી પણ વધારે છે. ગ્રેટર ટોરોન્ટો વિસ્તારમાં કાર ઈન્સ્યોરન્સનો ખર્ચ પ્રાંતમાં સૌથી વધુ છે. ટોરોન્ટો, એજાકસ, વ્હીટબી, પીકેરીંગ, હેમિલ્ટન અને ઓશાવા જેવા શહેરોમાં એ પ્રાંતીય સરેરાશથી ઉપર જ રહે છે. ડરહામ પ્રાંતના ત્રણ શહેરો તો ટોચના ૧૦ શહેરોની યાદીમાં છે. વ્હીટબીમાં લગભગ ૧૮૦૦ યુએસ ડોલર જેટલું પ્રિમીયમ છે જયારે પીકેરીંગમાં ૨૦૦૦ યુએસ ડોલર જેટલું અને એજાકસમાં તો એ લગભગ ૨૧૦૦ યુએસ ડોલર જેટલું થાય છે.

આ જાણકારી ઈન્સ્યુરન્સ કવોટ કંપની ઈન્સ્યુરમેપ તરફથી મળી છે. જેણે ૩૫ વર્ષીય હોન્ડા સિવિકના ડ્રાઈવર પાસેથી એકત્ર કરી હતી. રેટસડોટ કેનેડાએ પોસ્ટલ કોડના આધારે આ જાણકારી મેળવી હતી. ટોચના ૧૦ સ્થાનો ઉપર ગ્રેટર ટોરોન્ટો એરિયાના શહેરો જ છે. લાહે કહે છે કે, આની પાછળનું કારણ કારની વધુ સંખ્યા પણ હોઈ શકે છે. જેને કારણે વધુ અકસ્માતોની શકયતા રહે છે. જેની અસર કાર ઈન્સ્યુરન્સના પ્રિમીયમ પર સીધી પડી શકે છે. આ તો ઈન્સ્યુરન્સ ઈન્ડસ્ટ્રીએ ડ્રાઈવરોને એક બિલીયન યુએસ ડોલરની રાહત આપ્યા પછીની સ્થિતિ છે. પરંતુ તમે જયાં રહો છો એ વિસ્તાર સૌથી વધુ એકસીડેન્ટ કલેમ વાળો છે. જેમ જેમ કલેમ વધે તેમ તેમ ઈન્સ્યુરન્સનો ખર્ચ પણ વધે જ છે. પછી એ ડરહામ વિસ્તાર હોય કે યોર્ક વિસ્તાર હોય. ટોરોન્ટોમાં તો કારની ગીચતા સૌથી વધુ હોવાથી પ્રિમીયમ પણ ૨૨૦૦ યુએસ ડોલર છે અને બ્રામ્પ્ટનમાં તો એ લગભગ ૨૭૦૦ યુએસ ડોલર અને સ્કારબોરોમાં એ વધીને ૩૦૦૦ યુએસ ડોલર પણ થયું છે. માત્ર કિંગ્સ્ટન સીટીમાં સરેરાશ ૧૧૦૦ યુએસ ડોલર પ્રિમીયમ છે જે સૌથી ઓછું ગણાય છે.

ઓન્ટેરિયોમાં કોરોનાનું સંક્રમણ વધતાં નાગરિકોને ઘરમાં રહેવા આદેશ જારી

ટોરોન્ટો : ઓન્ટેરિયોની સરકારે જાહેર આરોગ્યને લગતા પ્રતિબંધોમાં નવો ઉમેરો કરી કોવિડ-૧૯ની સ્થિતિ વકરતી અટકાવવા લોકોને પોતાના ઘરોમાં જ રહેવાના આદેશ જારી કર્યા છે. જેનો અમલ ૧૪મી જાન્યુઆરીથી શરૂ થઈ ગયો છે. પ્રાંતમાં કટોકટીનો બીજો તબક્કો શરૂ થયો હોવાનું જાહેર કરીને સરકારે નવા પ્રતિબંધો લાદયા છે. મંગળવારે મળેલા ડેટાને આધારે સરકારના આરોગ્ય વિભાગે લોકોના

નાગરિકોને એકબીજાનો સંપર્ક અનિવાર્ય હોય તો જ કરવા તાકીદ કરાઈ

સંપર્કને શકય એટલો ઓછો કરવા સુચન કર્યું હોવાથી આ જાહેરાત કરવામાં આવી છે. રસીકરણ શરૂ થયું હોવા છતાં બીજા તબક્કાને નિયંત્રણમાં લાવવામાં મુશ્કેલી નડી શકે છે. પ્રિમીયર ડગ ફોર્ડે કહ્યું હતું કે, અમલીકરણ માટે પ્રાંતિય અધિકારીઓ ઓન્ટેરિયો પોલીસ ફોર્સ, બાય લો ઓફિસર્સ અને પ્રાંતિય વર્કપ્લેસ ઈન્સપેકટર્સને નિયમોનો ભંગ કરનારા સામે કાર્યવાહી કરવા અને દંડ કરવાની સત્તા આપવામાં આવી છે.

પ્રતિબંધોમાં શું શું છે જોગવાઈઓ

સ્ટે એટ હોમ આદેશ

- લોકોએ બધો સમય પોતાના ઘરમાં જ રહેવું પડશે, જીવનજરૂરી ચીજવસ્તુઓ અને દવાઓ કે જરૂરી વ્યાયામ કે કામ માટે બહાર જઈ શકાશે.
- બધા બિઝનેસે એ જોવાનું રહેશે કે જે કામ એમના કર્મચારીઓ ઘરેથી કરી શકતા હોય તેમને એમ કરવા દેવું.

જાહેર સમારંભો મર્યાદીત રાખવા

- જાહેરમાં ૧૦ વ્યકિતઓને એકત્ર થવાની મર્યાદા ઘટાડીને પાંચ વ્યકિતઓની કરવામાં આવી છે જેમાં ઓછી છૂટછાટ અપાશે.
- વર્ષ ૨૦૨૦ના શિયાળામાં નક્કી કરાયેલી મર્યાદા મુજબ પોતાના પરિવાર સાથે બહાર જઈ શકશે પણ સલામતીનું પુરૂં ધ્યાન રાખવું પડશે.

કોવિડ-૧૯ના હોટસ્પોટમાં શાળો બંધ રાખવાની સમય મર્યાદા લંબાવવામાં આવી

- ટોરોન્ટોમાં ૧૧મી ફેબ્રુઆરી સુધી પ્રત્યક્ષ શિક્ષણ શરૂ નહીં થાય, એ રીતે જ યોર્ક વિસ્તાર, હેમિલ્ટન, વિન્ડસર-એસેકસ અને પીલ વિસ્તારમાં પણ શાળાઓ શરૂ નહીં થાય.
- પ્રાંતના દક્ષિણ ભાગમાં આવેલી એલીમેન્ટરી અને સેકન્ડરી સ્કુલ્સ પહેલા નક્કી કરાયેલી તારીખથી બે અઠવાડિયા બાદ એટલે કે, રપમી જાન્યુઆરી સુધી બંધ રહેશે.
- ઉત્તર ઓન્ટેરિયોની એલીમેન્ટરી વિદ્યાર્થીઓ માટે વ્યકિતગત શિક્ષણ ૧૧મી જાન્યુઆરીથી શરૂ કરી શકાશે.

માસ્કના ઉપયોગ માટે નવી ગાઈડલાઈન્સ

- દરેક વ્યકિતએ જયારે પણ બહાર નીકળે ત્યારે મોં ઢંકાય એવા માસ્ક પહેરવા અને ફિઝીકલ ડીસ્ટન્સ જાળવવું.
- દુકાનો કે ઓફિસોમાં કામ કરનારા દરેકે પણ મોં ઢંકાય એવા માસ્ક પહેરવા પડશે.
- દુકાનો ચાલુ રાખવાના સમયમાં કાપ
- બિનજરૂરી સ્ટોર્સ સવારે ૭.૦૦થી રાત્રે ૮.૦૦ વાગ્યા સુધી ખુલ્લા રાખી શકાશે. જેમાં હાર્ડવેર સ્ટોર, આલ્કોહોલ સ્ટોર્સ જે માત્ર પીકઅપ કે ડીલીવરી માટે જ રહેશે.
- પ્રતિબંધો એવા સ્ટોર્સને નહીં લાગુ પડે જે ખોરાક, દવાઓ, ગેસ સ્ટેશનો અને કન્વીનીયન્સ સ્ટોર અને ટેક આઉટ અને ડીલીવરી માટેના રેસ્ટોરાં હોય.

બિનજરૂરી બાંધકામ મર્યાદીત કરાશે

- સરકાર માને છે કે બિનજરૂરી બાંધકામો અને બિલો ગ્રેડ પ્રોજેકટસને મર્યાદીત કરવા જોઈએ. અમલીકરણના નવા ધોરણો જાહેર આરોગ્ય અંગેના પ્રતિબંધોના અમલ માટે પ્રાંતમાં માળખુ નક્કી કરાયું છે.

કેનેડા-અમેરિકા સરહદ ૨૧મી ફેબ્રુ. સુધી બંધ : પબ્લિક સેફટી મિનીસ્ટર

- કોરોનાનો રિપોર્ટ નેગેટિવ હોય તો પણ સેલ્ફ આઈસોલેશન પાળવું પડશે

ઓન્ટેરિયો : કોવિડ-૧૯ના પ્રસારને અટકાવવા કેનેડાના પબ્લિક સેફટી મિનીસ્ટર બિલ બ્લેરે જાહેર કર્યું હતું કે, આંતરરાષ્ટ્રીય પ્રવાસ પરના પ્રતિબંધોને કમસેકમ ૨૧મી ફેબ્રુઆરી સુધી લંબાવવામાં આવશે. જેને પગલે કેનેડા-અમેરિકા વચ્ચેની સરહદ બંધ રહેશે. તેમણે ટવીટ કર્યું હતું કે, અમારી સરકાર કેનેડીયનોને કોવિડ-૧૯ સામે સુરક્ષાની ખાતરી આપવા માંગે છે અને એટલે જ જાહેર આરોગ્ય વિભાગની સલાહ મુજબ પ્રવાસ પ્રતિબંધો અને સરહદ બંધ રાખવાનો નિર્ણય લીધો છે. કેનેડા-અમેરિકા વચ્ચે થયેલી સંધિ મુજબ જે કેનેડીયન નાગરીક નથી કે, પરમેનન્ટ રેસીડેન્ટ નથી કે અમેરિકાથી બિનજરૂરી રીતે કેનેડામાં પ્રવેશ કરવા માંગતા હોય એવા પ્રવાસીઓના પ્રવેશ પર પ્રતિબંધ છે. આ સંધિ ૨૦૨૦ના માર્ચ મહિનાથી અમલમાં છે. બ્લેરના પ્રવકતા મેરી લીઝ પાવરે કહ્યું હતું કે, અમારી સરકાર આ મહામારી શરૂ થઈ ત્યારથી જ બિનજરૂરી પ્રવાસ ટાળવા વિનંતી કરી રહી છે. આ સલાહ આપણા લોકોની સુરક્ષાના બંધારણીય અધિકારને લગતી છે અને કોવિડ -૧૯ સામેના જંગમાં આપણા પ્રયાસોને સફળતા માટેની છે. તેમણે એમ પણ કહ્યું હતું કે, કેનેડાની સરહદ વિશેના ધોરણો વિશ્વભરમાં સૌથી વધુ સખત છે. જાન્યુઆરીની સાતમીથી કેનેડામાં પ્રવેશનારા તમામ કોવિડ -૧૯ના ટેસ્ટમાં નેગેટીવ હોય એ જરૂરી છે. પછી એ લોકો ગમે તે દેશમાંથી આવતા કેમ ન હોય. તેમણે અહીં આવ્યા બાદ ૧૪ દિવસનું સેલ્ફ આઈસોલેશન પાળવું પડશે.

૨૦૨૦ના વર્ષમાં અણધારી આફતોથી વિશ્વને ૨૧૦ અબજ ડોલરનો ફટકો

તંત્રી સ્થાનેથી

તંત્રી - પ્રકાશક
સ્વદેશ

૨૦૨૦નું આખુ વર્ષ દુનિયા માટે અનેક મુશ્કેલીઓ અને પડકારોભર્યું રહ્યું . ક્લાયમેટ ચેન્જને કારણે કુદરતી આફતો અને કોરોનાના કેરથી આ સમય માનવ સમુદાય માટે ખૂબ જ કપરો સાબિત થયો છે. બ્રિટનની સંસ્થા ક્રિશ્ચિયન એડના રિપોર્ટમાં નોંધાયું છે કે, ૨૦૨૦માં આખી દુનિયામાં ૧૦ સૌથી મોટી કુદરતી આફત આવી છે. જેમાં આશરે ૧૩૦ અબજ ડોલરનું નુકસાન થયું છે. આ દસમાંની બે કુદરતી હોનારતો ભારતમાં નોંધાઈ હતી. મ્યુનિક -રે નામની ઈન્સ્યોરન્સ કંપનીના અહેવાલમાં કહેવાયું છે કે વાવાઝોડા, આગ, પૂર, ગરમી અને ઠંડી જેવી કુદરતી આફતોના કારણે વિશ્વને ગત વર્ષે ૨૧૦ અબજ ડોલરનો ફટકો પડ્યો છે. વર્ષ ૨૦૨૦માં ક્લાયમેટ ચેન્જનો સૌથી મોટો માર ગરીબ દેશોને પડયો છે. આ દેશોમાં તો જાનમાલનો કોઈ વીમો પણ નહોતો. એશિયાના અનેક દેશોમાં આવેલા પૂર અને વાવાઝોડા, અમેરિકા અને યુરોપના ભયંકર તોફાન કે પછી આફ્રિકાના દેશોમાં થયેલા તીડોના હુમલા હોય, પ્રકૃત્તિએ તેને થયેલા નુકસાનનો માનવજાત ઉપર બરાબર બદલો લીધો છે. આફતો પૈકી સુપર સાયક્લોન અમ્ફાન ચોથા ક્રમે અને જૂનથી ઓક્ટોબર દરમિયાન કેરળથી લઈને આસામ જેવા અનેક રાજ્યોમાં આવેલા પૂર અને ભૂસ્ખલની હોનારતોને પાંચમા ક્રમે મૂકવામાં આવી છે. ક્લાઈમેટ ચેન્જ આજે સમગ્ર ધરતી માટે મોટો ખતરો બની ગયો છે. ધરતીને બચાવવા માટે વિશ્વ પર્યાવરણ સંમેલનોમાં મોટી મોટી જાહેરાતો થતી રહી છે. પરંતુ આ સમસ્યાના સમાધાન માટે કોઈ નક્કર સમાધાન થતું નથી. કાર્બન ઉત્સર્જન કેવી રીતે ઘટાડવું એનો ઉકેલ મળ્યો નથી. પરિણામે પરિસ્થિતિ એટલી હદે સ્ફોટક બની ગઈ છે કે ઉદ્યોગોથી લઈને ઘરોમાં વપરાતા બળતણના ઉપયોગથી ઉત્સર્જિત થતો ધુમાડો હવાને ઝેરી બનાવી રહ્યો છે. ધરતીના તાપમાનમાં થઈ રહેલા ભયજનક વધારાને રોકવા માટે વાતાવરણમાં કાર્બન ડાયોકસાઈડનું જે પ્રમાણ હોવું જોઈએ તેનો બે તૃતીયાંશ હિસ્સો આપણે અત્યાર સુધીમાં વાતાવરણમાં ભેળવી ચૂક્યાં છીએ. જો ક્લાયમેટ ચેન્જ પર અંકુશ રાખવો હોય તો ૨૦૨૦ સુધીમાં ગ્રીન હાઉસ ગેસોનું ઉત્સર્જન ચરમસીમાએ હોવું જોઈએ. પરંતુ વર્તમાન પરિસ્થિતિ જોતા એ પછી પણ આવા ગેસોનું પ્રમાણ વધ્યાં જ કરે એવી પૂરી સંભાવના છે. ૨૦૫૦ સુધીમાં દુનિયાભરમાં વીજળીના ઉત્પાદન માટે સૌર, પવન અને પરમાણુ ઉર્જા જેવા વૈકલ્પિક ઉર્જાસ્ત્રોતો પર નિર્ભર થવાનું લક્ષ્યાંક છે. જે હાલના સંજોગોમાં શક્ય નથી.

જો દુનિયાના તમામ દેશો પણ ગ્રીનહાઉસ ગેસના ઉત્સર્જનમાં કમી લાવવાના પોતાના વચનો પાળે તો પણ દુનિયાનું તાપમાન ઔદ્યોગિક ક્રાંતિ પહેલાના સ્તરથી ઓછામાં ઓછું ત્રણ ડિગ્રી સેલ્સિયસ વધી જશે. વૈજ્ઞાનિકોનું કહેવું છે કે, આટલા ઊંચા તાપમાનના વધારાની પર્યાવરણ પર અત્યંત ખરાબ અસરો થશે. જર્મન પર્યાવરણશાસ્ત્રી યોહાન રોકસ્ટ્રોમના દાવા અનુસાર તાપમાનમાં બે ડિગ્રીનો વધારો થશે તો તાપમાન આપોઆપ વધવા લાગશે. મોસમ વિજ્ઞાાનીઓએ ચેતવણી આપી છે કે વર્તમાન સદીમાં સૌથી મોટું જોખમ વધી રહેલા તાપમાનનું જ છે. એટલા માટે આગામી કેટલાંક દાયકામાં ધરતીનું તાપમાન બે ડિગ્રી સેલ્સિયસ સુધી ઘટાડવાનો ભારેખમ પડકાર દુનિયા સામે ઊભો છે. પર્યાવરણને બચાવવા માટે સંમેલનો અને શિખર બેઠકો તો વર્ષોથી યોજાય છે પરંતુ શક્તિશાળી રાષ્ટ્રો પોતાના સ્વાર્થોને લઈને ધરતીને બચાવવાના કોઈ પ્રયાસમાં સહકાર આપતાં નથી. શ્રીમંત રાષ્ટ્રો પર્યાવરણની પરિસ્થિતિ કથળવાના દોષનો ટોપલો ગરીબ રાષ્ટ્રોના માથે ઢોળી દે છે. દુનિયાના તમામ દેશોની સરકારો હવામાન ખાતુ અને પર્યાવરણ વિભાગના સંશોધનો અંગે ગંભીર નહીં બનશે તો હવામાન એવું બેલગામ બની જશે. જેને દુનિયાની કોઈ તાકાત રોકી નહીં શકે. ખરેખર તો કુદરત સાથે આપણે જે પારકો વ્યવહાર કર્યો છે એના જવાબમાં કુદરત પણ આપણી સાથે સાવકો વ્યવહાર કરી રહી છે. કુદરતી આફતોનો સામનો કરવા માટે અને ત્વરિત પ્રતિક્રિયા આપવા માટે જરૂરી યોજના બનાવવા અને એ લાગુ કરવા માટે માળખું રચવાની જરૂર છે.

શહેરીકરણ અને પર્યાવરણના સંતુલનને સાથે રાખીને ચાલવાની જરૂર છે. ઉદ્યોગો, પાવર હાઉસો, રિફાઈનરીઓ અને કાર્બન ઉત્સર્જિત કરતા અન્ય એકમોને લઈને એક સર્વગ્રાહી નીતિ બનાવવાની જરૂર છે. પર્યાવરણના રક્ષણમાં નાગરિકોની ભાગીદારી વધારવી જોઈએ. સુનામી જેવી આફતો પણ પહેલા કરતા વધારે પ્રમાણમાં જોવા મળી રહી છે. ગ્લેશિયરો પીગળી રહ્યાં છે જેના કારણે કેટલાંય દેશો પૂરની સમસ્યાનો સામનો કરી રહ્યાં છે. ક્લાઈમેટ ચેન્જના આ દોરમાં આપણે હવે એ તૈયારી રાખવી પડશે કે મોસમનો કેર કોઈ પણ સ્વરૂપે ત્રાટકી શકે છે. દુનિયા માટે આ ચિંતા છેલ્લાં પાંચેક વર્ષથી માથે જ છે. ત્યાં ૨૦૨૦થી કોરોનાનું આગમન થયું છે. દુનિયા હાલ કોરોના સામે રસીકરણની ઝુંબેશ તો ચલાવી રહી છે. પરંતુ તેની સફળતા સામે સવાલો છે. આવા સંજોગોમાં માનવજાત પર ત્રાટકવા જીવલેણ વાઈરસોની ફોજ તૈયાર બેઠી છે. બ્રિટનમાં કોરોના વાઈરસના વધારે ખતરનાક સ્વરૂપ સામે આવ્યા બાદ દુનિયાભરમાં ખળભળાટ મચી ગયો છે. વાઈરસોના ઈતિહાસને જોઈએ તો તેમાં કોઈને કોઈ વાઈરસ મ્યૂટેટ થયા પછી પહેલા કરતા પણ વધારે શક્તિશાળી બનીને સામે આવે છે. કોરોના વાઈરસના નવી સ્ટ્રેને સાબિત કર્યું છે કે છેલ્લા થોડા દાયકાથી વાઈરસની ફોજ માનવજાત પર ત્રાટકવા તૈયાર બેઠી છે. સંશોધકો દ્વારા એવા દાવા થાય છે કે આજનું અત્યાધુનિક ચિકિત્સા વિજ્ઞાન જટિલથી જટિલ વિષાણુઓ અને જીવાણુઓની બનાવટ અને રચના જાણે છે અને તેનાથી બચાવના ઉપાયો શોધી શકે છે. પરંતુ કોરોના વાઈરસના જ બદલાયેલા સ્વરૂપોએ અને નવા નવા ફૂટી નીકળતા વાઈરસો જાણે કે ચિકિત્સા વિજ્ઞાનને પડકારી રહ્યાં છે. એવી જાણકારી સામે આવી છે કે કોરોના વાઈરસે જ્યારથી માણસોને પોતાની ચપેટમાં લેવાના શરૂ કર્યા છે ત્યારથી તેમાં દર મહિને લગભગ બે ફેરફાર થઈ રહ્યાં છે. રિસર્ચમાં સામે આવ્યું છે કે ચીનના વુહાન શહેરમાં મળેલા કોરોના વાઈરસ સાથે આજના કોરોના વાઈરસને સરખાવવામાં આવે તો તેમાં પચ્ચીસ જેટલા ફેરફાર થઈ ચૂક્યાં છે. ભારત સહિત દુનિયાભરમાં કોરોનાની વેક્સિન મૂકવાની શરૂઆત થાય ત્યાં સુધીમાં તે કોઈ બીજું રૂપ ધારણ કરી શકે છે. વાઈરસના સતત થતા મ્યુટેશન અને જૂના વાઈરસના ફરીથી માથું ઉંચકવાના અને નવા નવા વાઈરસના અચાનક હુમલા કરવાના બનાવો છેલ્લા ઘણાં દાયકાથી ચિકિત્સાજગત સમક્ષ રહસ્ય બની રહ્યાં છે. કોરોના વાઈરસ સામે આખું વર્ષ ઝઝૂમ્યા બાદ જ્યારે તેની વેક્સિનો સામે આવી રહી છે એવા સમયે જ વાઈરસની નવી સ્ટ્રેન સામે આવવી એક સંયોગ છે કે પછી કુદરતનો પ્રકોપ છે? તે સમજાય તેમ નથી. તાજેતરમાં થયેલા કેટલાંક સંશોધનોમાં બહાર આવ્યું છે કે ક્લાયમેટ

અનુસંધાન પાના નં. ૧૩ ઉપર

manoj1968@yahoo.ca

RE/MAX
REALTY SERVICES
INDEPENDENTLY OWNED AND OPERATED INC. BROKERAGE

JAY PATEL
BROKER
647.241.3818
jaypatel1323@gmail.com

BRAMPTON — FOR LEASE
43 Altura Way
$2,500
Amazing Semi Detached House In Very High Demand Area Near Hwy 50 & Castlemore Road. Spacious 3 Bedrooms Including 2 Full Baths, Hardwood Floor Though-Out, Hardwood Stair Case, Large Backyard. Granite Counter Top In Kitchen With S/S Appliances. Close To Hwy 427, School, Parks,Grocery Stores And Much More...
Extras:All Elfs, All Window Coverings, S/S Appliances/ Stove/ Dishwasher.

BRAMPTON — FOR SALE
83 Villadowns Tr
$929,800
This Beautiful, , Semi - 4Bd 3 Bath House With 9Ft Ceilings Situated In The Most Sought After Area Of Sandringham. Living/ Dining/ Room Comes With Hardwood Floors And . Porcelain Tiles In Foyer, Kitchen, Breakfast And Powder Room. Tall Cabinets In Kitchen With Granite Center Top. Fenced Backyard ,Sun Filled Windows Throughout

BRAMPTON — FOR SALE
35 Gold Hill Rd
$979,999
Look No Further!! Don't Miss This Gem In The Neighbourhood Location! Location! This Beautiful Detached Is Move In Ready And Situated In Desirable Neighbourhood. Spacious Layout. Big Sun Filled Windows Throughout, Family Size Eat-In Kitchen, Generous Sized 3 Bedrooms, 1 Bedroom Basement Apartment, Laminate Floors, Stainless Steel Appliances, 6 Cars Parking.

BRAMPTON — FOR SALE
34 Vernet Cres
$1,399,900
Beautiful Over 4600 Sf Of Living Space 4 Huge Bedrooms 3 Full Washrooms On 2nd Floor With 2 Br Finished Legal Basement, 9' Cialing On Main Floor.No Carpet In Entire House, Full Washroom And Den On Main Floor.Extra Large Walk In Closet In Master Br.All Washrooms Upgraded With Quartz Counter Tops. Upgraded Stamping Driveway With 6 Car Parking And Concrete Back Yard.

Off : 905.456.1000 I Fax : 905.456.1924
295 Queen Street East, Brampton, On., L6W 3R1

ARISTO PEST CONTROL
Set your mind at rest, we will get rid of the pest
✔ Mice
✔ Rat
✔ Cockroach
✔ Bedbug
✔ Animal Control
✔ Bird Control
✔ Wasps &
✔ Hive Removal

*** Same Day Service - Residential, Commercial, Industrial ***
*** No obligation inspection for commercial and residential clients ***
Written Guarantee And Discounted Rates
We speak English, Gujarati & Hindi
CPMA - ACGP
SANKET TRIVEDI
Government Licensed Structural Exterminator
647-339-3926
info@aristopestcontrol.ca
www.aristopestcontrol.ca
24 Hours / 7 Days
Emergency Services
&
Animal Removal

ગોવર્ધનથાળ

સ્વાદિષ્ટ શુદ્ધ શાકાહારી ગુજરાતી ભોજન

Weekend Special

રગડા પેટિસ, પાંઉભાજી,
છોલેપુરી, કટલેસ,
ખાસ્તા કચોરી,
સેવ ઉસળ, સમોસા ચાટ

Takeout & Catering

Limited થાળી
(with sweet & Farsan)
$8.00 +Tax

Limited થાળી
(without sweet & Farsan)
$6.50 +Tax

CATERING SPECIAL

$ 7.99 10 items +Tax
Sweet, Farsan, Subji,
Kathor, Puri, Dal, Rice
Papad, Pickle, Kachumber

Franchise Opportunity in GTA

રસોઈકામ કરી શકે તેવા બહેનોની જરૂર છે.

Call us for details

ફોન નં: ૪૧૬-૪૩૮-૦૫૪૪
૪૧૬-૫૨૦-૨૯૨૨, ૪૧૬-૪૩૪-૮૧૨૧

૯૪૦, મારખમ રોડ, સ્કારબોરો, ઓન્ટેરીયો, કેનેડા, M1H2Y2

દેશ–વિદેશથી ટોરન્ટો ભણવા આવતા ગુજરાતી
(વેજીટેરીયન) સ્ટુડન્ટ, ભાઈઓ તથા બહેનોની ખાસ
સગવડ માટે તુષાર શાહ તથા ગોવર્ધન થાળ શરૂ કરે છે

ગુજરાત ભવન

જેમાં આપને સ્પેશિયલ રૂમ, શેરીંગ રૂમ, ગુજરાતી વેજીટેરીયન ભોજન,
પ્રાઈવેટ બેડ, Wi Fi ઈન્ટરનેટ વગેરે સગવડો આપવામાં આવશે.

Quarantine Special Package
$50 Per Day

Knights Inn & Suites
Every Knight, Just Right®

Call : Tushar Shah - 416-434-8121
ગુજરાત ભવન - 416-913-7184

4694 Kingston Road, Scarborough.

મંત્રી બેન્સનું રાજીનામું: ટ્રુડો મંત્રીમંડળમાં ફેરફારો

મંગળવારે વર્ચ્યુઅલ સમારોહ યોજાયો : વિદેશ મંત્રી ફ્રાન્કોઈસ ફિલીપને બેન્સના વિભાગનો હવાલો સોંપાયો

ઓન્ટેરિયો : કેનેડાના વડાપ્રધાન જસ્ટીન ટ્રુડોએ મંગળવારે પોતાના પ્રધાનમંડળમાં ફેરફારો કર્યા હતા. વર્તમાન મંત્રીમંડળમાં ઈનોવેશન, સાયન્સ એન્ડ ઈન્ડસ્ટ્રી વિભાગ સંભાળી રહેલા નવદીપ બેન્સે મંત્રીમંડળ છોડી દેતા આ ફેરફાર કરવા પડ્યા હતા.

સૂત્રોના જણાવ્યા મુજબ વિદેશ મંત્રી ફ્રાન્કોઈસ ફિલીપને બેન્સના વિભાગનો હવાલો સોંપવામાં આવ્યો હતો. અને ટ્રાન્સપોર્ટ મિનીસ્ટર માર્ક ગાર્નેઉનને વિદેશી બાબતોનો વિભાગ અપાયો હતો. જયારે ઓમર અલ્ગાબ્રાને બઢતી આપી ટ્રાન્સપોર્ટ વિભાગના કેબીનેટ મંત્રી બનાવાયા હતા. બેન્સ ઓન્ટેરિયોના એમપી તરીકે રહેશે. સૂત્રોના જણાવ્યા મુજબ આ ફેરફાર મંગળવારે સવારે ૯.૦૦ વાગ્યે કોવિડ -૧૯ને કારણે આ સમારોહ વર્ચ્યુઅલ યોજાયો હતો.

ઉલ્લેખનીય છે કે કેનેડાના વડાપ્રધાન જસ્ટીન ટ્રુડોએ ગયા વર્ષે ઓગસ્ટમાં નાણામંત્રી બિલ મોર્નેઉએ વી ચેરીટી વિવાદને પગલે રાજીનામુ આપી દીધા બાદ મંત્રીમંડળમાં ફેરફારો કર્યા હતા. મોર્નેઉ સામેની તપાસ એથિકસ કમિશને કરી હતી. તેમના સ્થાને તે સમયના નાયબ વડાપ્રધાન અને સરકારી બાબતોના પ્રધાન ક્રિસ્ટીયા ફ્રીલેન્ડને હવાલો સોંપાયો હતો.

ટોરોન્ટો વિસ્તારના સંગીત શિક્ષક ઉપર યૌન શોષણના આરોપ મુકાતા ચકચાર

- આઠ વર્ષની બાળકી હરકતનો ભોગ બનતા પોલીસે ફરિયાદ નોંધાવાઈ, આરોપીની ધરપકડ

ટોરોન્ટો : પોલીસે ટોરોન્ટો વિસ્તારના એક વાયોલિન ટીચર ઉપર બાળકી ઉપર યૌન શોષણ અંગેનો આરોપ લગાડયો હતો. યોર્ક રીજિયોનલ પોલીસે જણાવ્યું હતું કે, તેમણે મારખમ ઓન્ટેરિયોના ૪૮ વર્ષીય વાયોલિન શિક્ષક એન્ગસ વોન્ગની ધરપકડ કરી છે. ગયા મહિને એક મહિલાએ નોંધાવેલી ફરિયાદની તપાસમાં તથ્ય જણાતા આ કાર્યવાહી થઈ હતી.

ફરીયાદી મહિલાએ આક્ષેપ મુકયો હતો કે, વર્ષ ૨૦૦૮માં આઠ વર્ષની વયે જયારે એ વાયોલિન શીખવા જતી હતી. ત્યારથી ૨૦૧૬ દરમિયાન એનું યૌન શોષણ થયું હતું. પોલીસે વોન્ગ સામે જે ગુનાઓ દાખલ કર્યા છે એમાં સેકસ્યુઅલ એસોલ્ટ, યૌન શોષણ અને ૧૬ વર્ષથી ઓછી વયની સ્ત્રી સાથે શારીરીક સંબંધ બાંધવાના ગુનાનો સમાવેશ થાય છે. પોલીસે જણાવ્યું હતું કે, આરોપી મારખમ, ટોરોન્ટો, લંડન અને ઓન્ટેરિયોમાં છેલ્લા કેટલાક દાયકાથી રહે છે. તપાસ અધિકારીઓ માને છે કે, આ શિક્ષકે વધુનો ભોગ લીધો હશે. જો કોઈને યૌન શોષણનો અનુભવ થયો હોય તો સામે આવીને એનો રીપોર્ટ લખાવી શકે છે.

ADS GAS SERVICES AND INSTALLATIONS INC.

- GAS FURNACE
- Gas Line Installation
  Stove, BBQ, Dryer
- Fire Places
- Humidifier
- Fridge Water Line
- Dryer & Washer Installation
- Dishwasher Installations

Furnace Install Start From $ 2300

Registered Licensed Contractor

Call: VIPUL SHAH

www.adsgas.ca

416.988.5784

Email:adsgasservice@gmail.com

WE ALSO REPAIR RESTAURANT EQUIPMENT

THANK YOU FRONTLINE WORKERS

MD MORTGAGE DILIGENT
A STEP AHEAD
FSRA # 10252

➲ Purchase ➲ Refinance ➲ Renewal/Switch

5 Yrs Fixed @ 1.39%* High Ratio Only
5 Yrs Variable @ 1.35%* High Ratio Only

Rajesh Khurana, MBA
Principal Broker

Rakesh Patel**
Vice President- Commercial.

Pranay Jani *

Nilesh Tailor *

Tushar Patel*

Bala Shah*

Vijay Rana*

Cell : 416-616-1300

Tel.: 289 521 6900
1305 Matheson Blvd E, Mississauga ON L4W 1R1
• info@mortgagediligent.com • www.mortgagediligent.com

Rates are subject to change without notice.* FSCO#10252,OAC,E&O.E * - Mortgage Agent, ** - Vice President

* Some conditions apply

ગુજરાતમાં કોરોનાના નવા ૬૬૭ કેસ, ૩ના મોત

ગુજરાતના મુખ્યમંત્રી, મંત્રી, ધારાસભ્ય, સાંસદ રસીકરણના બીજા તબક્કા બાદ જ વેક્સિન લેશે

ગાંધીનગર : ૧૬મી જાન્યુઆરીથી દેશભરમાં કોરોના રસીકરણ શરૂ થવાનું છે. પણ તે પહેલાં જ ગુજરાતીઓ માટે સારા સમાચાર એ છે કે રાજ્યમાં કોરોનાનાં કેસોમાં સતત ઘટાડો થઈ રહ્યો છે. ગુરુવારે રાજ્યમાં કોરોનાનાં નવા ૫૭૦ કેસ નોંધાયા હતા. જ્યારે ૩ લોકોનાં મોત નિપજ્યા હતા અને ૭૩૭ દર્દીઓએ કોરોનાને મ્હાત આપી હતી.

ગુરુવારે અમદાવાદ કોર્પોરેશન, ગાંધીનગર અને વડોદરામાં એક-એક દર્દીનું મોત નિપજ્યું હતું. ગુજરાતમાં રિકવરી રેટ ૯૫.૫૧% પહોંચ્યો છે. નવા કોરોના કેસોની જિલ્લાવાર વિગતો જોઈએ તો અમદાવાદમાં ૧૧૨, સુરતમાં ૯૮ નવા કેસ, વડોદરામાં ૧૦૪, રાજકોટમાં ૮૫ નવા કેસ, ભાવનગરમાં ૮, ગાંધીનગરમાં ૧૫ નવા કેસ, જૂનાગઢમાં ૧૩, જામનગરમાં ૮ નવા કેસ, ભરૂચમાં ૧૮, મહેસાણામાં ૧૪ નવા કેસ, દાહોદમાં ૧૨, કચ્છ ૧૧, આણંદમાં ૧૦ કેસ, ગીર સોમનાથ ૯, મોરબીમાં ૮ નવા કેસ, સાબરકાંઠામાં ૭, પંચમહાલ ૬, ખેડામાં ૫ કેસ, નર્મદા, સુરેન્દ્રનગર, વલસાડમાં ૪ – ૪ કેસ, અમરેલી અને પાટણમાં ૩ – ૩ નવા કેસ, અરવલ્લી, બનાસકાંઠા, દ્વારકામાં ૨ – ૨ કેસ, બોટાદ, છોટાઉદેપુર, તાપીમાં ૧ – ૧ કેસ નોંધાયા હતા. જ્યારે ડાંગ, મહિસાગર, નવસારી, પોરબંદરમાં એકપણ કેસ નોંધાયો ન હતો. આગામી ૧૬ જાન્યુઆરીથી કોરોના મહામારીની સામે દેશમાં દુનિયાનું સૌથી મોટું વેક્સિનેશન અભિયાન શરૂ થવા જઈ રહ્યું છે. જેની રૂપરેખાને અંતિમ ઓપ આપવા માટે વડા પ્રધાન મોદીએ તમામ રાજ્યો તેમજ કેન્દ્રશાસિત પ્રદેશના મુખ્યમંત્રીઓ સાથે બેઠક કરી હતી. આ બેઠક બાદ વડા પ્રધાને કહ્યું કે ફ્રન્ટલાઈન વર્કર્સના વેક્સિનેશનનો ખર્ચ સરકાર ઉઠાવશે. જોકે આ દરમિયાન પ્રધાનમંત્રીએ તમામ રાજ્યોને સાફ કહ્યું હતું કે, કોઈ પણ રાજ્ય પોતાની રીતે વેક્સિન ખરીદવાની શરુઆત ન કરે. બીજા ચરણમાં ૫૦ વર્ષથી ઉપરના લોકો અને જે સંક્રમણથી વધારે સંવેદનશીલ છે તેઓને રસી લગાવાશે. ગુજરાતના મુખ્યમંત્રી અને ધારાસભ્યો, સાંસદોને વેક્સિન મૂકવામાં આવશે.

WAREHOUSE ORDER PICKER/PACKER/
GENERAL HELP (PART TIME/FULL TIME)

(For a Food distribution company in Scarborough)

Job Description:

- Order picking and packing as well as stocking up of shelves.
- Contribute to daily inbound or outbound warehouse operations.
- Palletize and wrap skids, organize warehouse space, Pick, and load orders quickly and accurately and other duties as required.
- Arranging Cartons and Bags on the racks and inside the freezer.

Requirements:

- 1 position, Preferred Experience - 2-3 yrs. in food wholesale/distribution warehouse. Students/New Immigrants Welcome.
- Capable of lifting up to 50lbs • Able to speak English
- Full time Shift- 11am to 7pm on weekdays. Part time also available.
- Hourly Rate - Order Picker - $17 to $19 , Packer/Helper-$16 to $18 depending upon experience.

Please send your resumes by email at siva@srimi.com or by fax at +1 647-351-7157 or Call Ram at +1 647-831-9149 (Morning) or Siva at +1 416-666-8525 (Evening).

Imperial
PEST CONTROL
Residential • Commercial • Industrial
24 Hour Service • 7 Days a Week

Preventing the Spread of COVID-19 :
Our disinfectant services that we offer are:

1 Spray Services | 2 Fogging Services | 3 Sanitation Services

All Pest Control:
Mouse & Rats, Cockroaches, Bedbugs,
Silver Fish, Spiders & Fleas, Carpenter Ants.
Total Interior & Exterior Pest Control

Removal:
Bees & Wasps, Pigeon, Squirrels, Raccoon,
Skunk, Nest & Hive, Hornests, Yellow Jackets

First Time Customer gets 10% Off on your first home service
*Mention this offer while booking
Free Estimates & Written Guarantee
Special Service For Bedbug Control
www.imperialpestcontrol.ca
info@imperialpestcontrol.ca
(We speak English, हिन्दी, ગુજરાતી)
Call: Ramesh Kanani 416-837-1820

SHARP INTERNATIONAL IMMIGRATION SERVICES
iccrc IMMIGRATION CONSULTANTS OF CANADA REGULATORY COUNCIL
crcic CONSEIL DE RÉGLEMENTATION DES CONSULTANTS EN IMMIGRATION DU CANADA
AMI MEHTA
(SINP Authorized Rep)
Web: www.siis.ca
E-mail: info@siis.ca

CANADA IMMIGRATION

Investor / Business visa expert | Agriculture / Farming
Self-start visa | Owner operator work permit
Business branch in Canada work permit

Child support worker (caregiver) Home support worker (Nanny)

EXPRESS ENTRY AND ALL PNP

STUDY VISA / SUPER VISA /
VISITOR VISA (TRV)

AMI MEHTA
(SINP Authorized Rep)

CANADA OFFICE
94-499 Main Street South;
Brampton, Ontario, Canada.

VADODARA OFFICE
2/A, Wagheshwary Society,
Vip Road, Vadodara.

India Cell: +91 94289 73911, +91 95121 57817, +91 78749 58758
Canada:. + 1 416 745 2466
Email.: info@siis.ca Website.: www.siis.ca

સ્વદેશ CANADA
Registration # 869127209
Publication Mail Agreement /
Email : info@swadesh.news

Return Undeliverable Canadian Address To :
Shree Balaji Inc.
MAILING ADDRESS
23 Lyric Road,
Brampton ON L6S 0B4.
416-996-7755
Registered Address
713, Markham Road, Scarborough M1H 2A8.

Editor & Publisher : Manoj Gandhi
Director : Nilesh Tailor
Sub Editor : Chhaya Gandhi
Montreal Bureau : Vijay Patel (514-826-7442)

Designed By
Sabir Daroga
Mevada Piyush
Firoz Shaikh

GUJARAT OFFICE MAC AGENCIES : F-9, Jolly Square, Ram Chowk, Ghod-Dod Road, Surat – 395 001. GUJARAT (INDIA)

WWW.SWADESH.NEWS

Declaimer : Swadesh is a weekly newspaper published by Shree Balaji Inc. in Gujarati Language. The opinions expressed in Swadesh may not be those of the publisher. Contents of this publication are covered by copyright and offenders will be prosecuted under the law.

ગુજરાતમાં બર્ડ ફ્લૂના કેસોથી વહિવટી તંત્રની દોડધામ

ગાંધીનગર : દેશમાં બર્ડ ફ્લૂનો ખતરો દિવસેને દિવસે વધી રહ્યો છે. દેશના ચાર રાજ્યોમાં બર્ડ ફ્લૂના રિપોર્ટ પોઝિટીવ આવ્યા બાદ તંત્ર દોડતું થઈ ગયું છે. ત્યારે ગુજરાતમાં પણ બર્ડ ફ્લૂનો ખતરો દેખાઈ રહ્યો છે. વલસાડ જિલ્લામાં બર્ડ ફૂલના કાગડાના મોતમાં ૪ જેટલા કેસ પોઝિટિવ આવતા વલસાડ વહીવટી તંત્ર દોડતું થયું હતું. આ પહેલા જામનગરના માણાવદરમાંએક તથા બારડોલીના મઢીમાં બર્ડ ફ્લૂના કેસ પોઝિટિવ આવ્યા હતા.

મળતી માહિતી પ્રમાણે વલસાડ જિલ્લાના છેલ્લા કેટલા દિવસોથી કાગડાઓ મૃત હાલતમાં મળી આવ્યા હતા. વલસાડ શહેરના સુગળ ફળિયા તથા અટગામ ખાતે કાગડાઓ મૃત હાલતમાં મળતા વલસાડ પશુપાલન વિભાગ તથા વન વિભાગ દ્વારા સ્થળ પર પહોંચી તમામ મૃત કાગડાઓના સેમ્પલો લઈ ભોપાલ ખાતે મોલવામાં આવ્યા હતા. ભોપાલ ખાતે મોકલવામાં આવેલા કાગડાઓના સેમ્પલમાંથી ૪ જેટલા કાગડાઓના સેમ્પલ પોઝિટિવ આવતા વહીવટી તંત્ર દોડતું થઈ ગયું હતું.

વલસાડ શહેરના સુગળ ફળિયા વિસ્તારના ૩ તથા અટગામ વિસ્તારનો એક કાગડામાં બર્ડ ફૂલ જોવા મળ્યો હતો. ૪ જેટલા કાગડાઓના મોતનું કારણ એવિયન એન્ફ્લૂએન્ઝાથી થયાની પુષ્ટિ થઈ છે, ત્યારે જિલ્લામાં એવિયન એન્ફ્લૂએન્ઝા રોગના કારણે કાગડાઓ મોતથી ફફડાટ ફેલાયો છે.

જિલ્લા વહીવટી તંત્ર દ્વારા અસરગ્રસ્ત વિસ્તારોમાં પ્રતિબંધત્મક આદેશો જાહેર કરાયા છે તો અસરગ્રસ્ત વિસ્તારોમાં ૬૦ દિવસ સુધી વિસ્તારના ૧ કિલોમીટરની ત્રિજયામાં ચાલતા પોલ્ટ્રી ફાર્મમાં પક્ષીઓ, મરઘાઓ કે સામાનની આવન જાવન પર રોક મુકવામાં આવી છે. વહીવટી તંત્રના આદેશનો ભંગ કરનાર વિરુદ્ધ કડક કાર્યવાહી કરવામાં આવશે

ગુજરાતમાં બર્ડ ફ્લૂના ચેપનો ફેલાવો વધતા દિલ્હીથી તજજ્ઞોની ટીમ આવશે

ગુજરાતમાં એવીયન ઈન્ફ્લ્યુએન્ઝા વાઈરસ– બર્ડ ફ્લૂના ચેપથી કાગડા, ટીટોડી, બતક જેવા અનેક પક્ષીઓ મૃત્યુ પામ્યા છે. જૂનાગઢ, વડોદરા, વલસાડ અને સુરત આ રોગથી અસરગ્રસ્ત થઈ ચૂક્યા છે. તાપી, નર્મદા, કચ્છ, મહેસાણા અને પોરબંદર એમ પાંચ જિલ્લામાંથી લેવાયેલા સેમ્પલના રિપોર્ટ આવ્યા નથી આ સંજોગોમાં સ્થિતિ વણસે તે પહેલા જ ભારત સરકારે દિલ્હીથી પશુપાલન વિભાગના તજજ્ઞોની એક ટીમ ગુજરાત મોકલવા નિર્ણય કર્યો છે. બુધવારે કેબિનેટની બેઠક બાદ પશુપાલન મંત્રી કુંવરજી બાવળિયાએ ભારત સરકારે બર્ડ ફ્લૂના રોગચાળોને ફેલાવો થતા રોકવા ટીમ મોકલવાનો નિર્ણય કર્યાનું કહેતા હજી સુધી તેનો શિડયુલ આવ્યો નથી તેમ ઉમેર્યું હતુ. ગુજરાતમાં પહેલાથી જ નવ જિલ્લાઓમાંથી અનેક પ્રજાતિઓના પક્ષીઓ મૃત હાલમાં મળ્યા છે. કાગડા, કાગડા, બતક, ટીટોડી, કબૂતર બાદ મોર, કુંજ પછીના સેમ્પલો પણ ભોપાલ સ્થિત લેબોરેટરીમાં તપાસઅર્થે મોકલાયા છે.

સુરત ડિસ્ટ્રીક્ટ કો.ઓપ. બેન્કની ચૂંટણીમાં વધુ ત્રણ ફોર્મ પરત ખેંચાયા

સુરત : સુરત ડિસ્ટ્રીકટ બેન્કની ચૂંટણીમાં આજે માંડવીની બેઠક પરથી બે અને સુરતની બેઠક પરથી એક મળીને કુલ્લે ત્રણ ઉમેદવારી ફોર્મ પાછા ખેંચાયા હતા. આગામી શનિવારે ફોર્મ ખેંચવાનો અંતિમ દિવસ છે. સુરત ડિસ્ટ્રીકટ બેન્કની ચૂંટણીમાં ફોર્મ ભરાયા બાદ ચકાસણી સંપન્ન થઈ હતી.આગામી ૧૬મી જાન્યુઆરીએ ફોર્મ ખેંચવાનો અંતિમ દિવસ છે. જયારે આજે માંડવી બેઠક પરથી જયાં સાંસદ પ્રભુ વસાવાએ ઉમેદવારી નોંધાવી છે. તે બેઠક પરથી આજે બે ઉમેદવારો કિશોર ગણપત પટેલ અને રેવજી મંગા ચૌધરીએ ફોર્મ પરત ખેંચ્યા હતા. આ સિવાય સુરત અન્ય બેઠક પરથી નરસિંહ જીવરાજ ડાખરાએ ઉમેદવારી પાછી ખેંચી લીધી હતી. ૧૬ મી જાન્યુઆરીએ ફોર્મ ખેંચવાના અંતિમ દિવસે ચિત્ર સ્પષ્ટ થશે.

ગુજરાત સરકારને હાથ તાળી આપી ટેસ્લા હવે બેંગ્લોરમાં પ્લાન્ટ સ્થાપશે

ગાંધીનગર : વિશ્વમાં સૌથી મોટી ઈલેક્ટ્રિક ઓટોમોબાઈલ કંપની ટેસ્લા છેવટે કર્ણાટકમાં કરોડો રૂપિયાનું રોકાણ સાથે પ્લાન્ટ સ્થાપશે. અમેરિકન કંપની લાંબા સમયથી ભારતમાં પ્લાન્ટ સ્થાપવા જગ્યાની શોધખોળ કરતી હતી. કેરળ, મહારાષ્ટ્રમાં તપાસ કર્યા બાદ ટેસ્લાએ બેંગ્લોરમાં પ્લાન્ટ સ્થાપવાનું નક્કી કરતા વધુ એક વાર ગુજરાત સરકાર હાથ ઘસતી રહી છે.

દાયકા અગાઉ કરોડો રૂપિયાના પ્રોત્સાહનો, જમીન, વિજળી, સ્ટેમ્પ ડયુટી જેવી અનેક રાહતો આપીને પશ્ચિમ બંગાળથી સીધા જ સાણંદમાં ટાટા નેનો પ્લાન્ટને લાવ્યા બાદ ગુજરાતમાં બહુચરાજી-માંડલ ઔદ્યોગિક વિસ્તાર ભારતના સૌથી મોટા ઓટોમોબાઈલ હબ ઉભર્યો હતો. રેલ્વે, પોર્ટ, હાઈવે અને અવિરત વિજળી તેમજ સ્કિલ્ડ લેબર સહિતના ઈન્ફ્રાસ્ટ્રક્ચરને કારણે ટાટાને પગલે મારૂતી સુઝૂકી, હોન્ડા, હ્યૂન્ડાઈ, પ્યુઝો, હિરો ઓટોમોબાઈલ્સ અને એમજી મોટર્સ જેવી અનેક કાર ઉત્પાદક કંપનીઓએ ગુજરાતમાં ઝંપલાવ્યુ હતુ. અમેરિકન કંપની ટેસ્લા ભારતમાં પ્રવેશ કરે ત્યારે ગુજરાતમાં આવશે એમ મનાતુ હતુ. ટેસ્લાએ ભારતમાં તેનું જે યૂનિટ રજિસ્ટર્ડ કરાવ્યુ છે તેમાં ટેસ્લા ઈન્ડિયા મોટર્સ એન્ડ એનર્જી પ્રાઈવેટ લિમિટેડની બેંગલુરૂના સરનામાં પર રજિસ્ટ્રેશન કરાવ્યું છે. જ્યાં કંપની એક રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ યુનિટ સાથે મેન્યુફેક્ચરિંગ પણ શરૂ કરશે. કહેવાય છે કે, કર્ણાટકની યેદુરપ્પા સરકારે લાલ જાજમ બિછાવીને ટેસ્લા કંપનીને બેંગ્લુરૂ માટે મનાવી લીધા છે. જ્યારે ગુજરાત સરકાર આ કંપનીને રાજ્યમાં પ્લાન્ટ સ્થાપવા માટે તૈયાર કરવામાં નિષ્ફળ રહી છે.

એમએસયુની આર્ટસ ફેકલ્ટીમાં જૈન એકેડમી માટે જગ્યા ફાળવાશે

વડોદરા : એમ.એસ.યુનિ.ની આર્ટસ ફેકલ્ટી અંતર્ગત આવેલ શ્રી કાલિદાસ એસ દોશી (એસકેએસડી) જૈન વિદ્યાલયને ફેકલ્ટીમાં જ ઓફિસ અને ક્લાસરુમ માટેની જગ્યા ફાળવવાની જાહેરાત એમ.એસ.યુનિ.ના વાઈસ ચાન્સેલરે કરી છે, જેની જવાબદારી આર્ટસ ફેકલ્ટીના ડીનને સોંપાઈ છે. ક્લાસરુમ તેમજ ઓફિસની તમામ સુવિધાઓ સાથે અત્યાધુનિક બનાવવા આવશે. આચાર્ય વિજય વલ્લભસૂરિ મ.સાહેબના ૧૫૦ જન્મશતાબ્દિ વર્ષ નિમિત્તે ક્લાસરુમ અને ઓફિસના તમામ ખર્ચની જવાબદારી ગચ્છાધિપતિ આચાર્ય ધર્મધૂરંધરસૂરિ મ.સાહેબે લીધી છે. જેઓ દાતાઓ પાસેથી ફાળો મેળવીને યુનિ.ને દાન કરશે. યુનિ.માં ગત વર્ષે આયોજિત રાષ્ટ્રીય સેમિનારમાં જૈન એકેડમીને ઓફિસ અને ક્લાસરુમ ફાળવવાની રજૂઆત કરાઈ હતી.

હવાલાકાંડનો પર્દાફાશ : ગોળી ભરેલી રિવોલ્વર સાથે રાજકોટના ત્રણ ઝડપાયા

રાજકોટ : મહારાષ્ટ્ર એટીએસએ ગુજરાતના ત્રણ શખ્સોને પકડીને કરોડોના હવાલાકાંડનો પર્દાફાશ કર્યો છે. આ શખ્સોના પાકિસ્તાન, યુગાન્ડા અને દુબઈનું આંતરરાષ્ટ્રીય કનેકશન હોવાનું બહાર આવ્યું હતું. અંધેરીના સિટી મોલ પાસેથી પકડેલા ત્રણેય આરોપી પાસેથી લોડેડ કરેલી બે રિવોલ્વર અને રૂ.૩ લાખ પોલીસે કબજે કર્યા છે.

મહારાષ્ટ્ર એટીએસના પોલીસ અધિકારી દયા નાયકની બાતમી મળી હતી કે, ગુજરાતના કેટલાક લોકો ઘાતક હથિયારો સાથે આવ્યા છે. એટીએસએ અંધેરીના સિટી મોલ પાસે નાકાબંધી કરી હતી. જેમાં શંકાસ્પદ લાગતી ગુજરાત પાર્સિંગની એક કારને અટકાવી હતી. કારમાં તપાસ કરતા ત્રણ યુવકો પાસેથી બે લોડેડ રિવોલ્વર અને રૂ.૩ લાખ મળી આવ્યા હતા. એટીએસએ તપાસ કરતા રાજકોટના ઘોરાજીના વતની મોહમ્મદ યુનુસ ધુણેજા, સૈયદ સોહેલ મિયા અને ઈલિયાસ મોજોઠી હોવાનું જાણવા મળ્યું હતું. આરોપીઓ પાસેથી કુલ-૧૪ મોબાઈલ મળી આવ્યા હતા. પોલીસે મોબાઈલ ફોનની તપાસ કરતા દુબઈ, યુગાન્ડા અને પાકિસ્તાનથી કરોડોના હવાલાઓ પાડયા હોવાની વિગતો મળી હતી. ગુજરાતના આ ત્રણેય યુવકો હવાલા રેકેટ ચલાવી રહ્યા હતા અને જેનાં માટે તેમણે મુંબઈના મીરા રોડ વિસ્તારમાં એક ફ્લેટ રાખ્યો હતો અને ત્યાંથી કારોબાર ચલાવતા હતા. પરંતુ હવાલા રેકેટ સાથે સંકળાયેલા યુવકો લોડેડ હથિયાર સાથે મુંબઈમાં શા માટે ફરી રહ્યા હતા. તેની પણ મુંબઈ પોલીસે તપાસ શરૂ કરી છે.

"Savings For YOU, Protection for Your Loved Ones"

: Offered services :

1. Life Insurance
2. Mortgage Insurance
3. Critical Illness Insurance
4. Visitors Medical Insurance
5. Tax Return Filing
6. Super Visa Travel Insurance

We represent many insurance companies, we can shop around for best rates.

Shailesh Patel

CALL TODAY
Cell : 416 837 9155
Email : shailesp@gmail.com

First Flight
FFCL Couriers Inc.

દુનીયાના કોઇપણ દેશમાં ડોકયુમેન્ટ્સ અને પાર્સલ મોકલવા માટે પણ સેવા ઉપલબ્ધ

તમારા ડોકયુમેન્ટ્સ અને પાર્સલ ઈન્ડિયા મોકલવા માટે સૌથી વ્યાજબી ભાવ અને સર્વશ્રેષ્ઠ સ્થળ

1 LB $20 વધુ દર LB ના $5
11 LB $50 વધુ દર LB ના $5
23 KG $165, વધુ દર KG ના $10
30 KG $210, વધુ દર KG ના $10

ખાવા-પીવાની વસ્તુ USA મોકલવા માટે FDA ની એપ્રુવલ અમે કરી આપીશું (Extra Charge)

જીટીએની સૌથી મોટી ઈન્ડિયન કુરિયર કંપની હવે તમારી સેવા માટે ચાર શાખાઓ

બ્રામ્પટન (વેસ્ટ)
૫૧૯, રે લોસન બુલેવાર્ડ યુનિટ-૩
બ્રેમ્પટન ON L6Y 0N2
ટે. 647-761-1317, 647-657-9631
ચાંદનીચોક પ્લાઝા સબ્ઝી મંડીની સામે
સોમ-શુક 3.00 PM થી ૭.૦૦ PM
શનિ-રવિ : ૧૧.૦૦ AM થી ૬.૦૦ PM

India import Services Available
બ્રામ્પટન (વેસ્ટ) : 647-657-9631, 647-761-1317
સ્કારબોરો : 416-619-0352,
મીસીસાગા : 905-673-9631

સ્કારબોરો
૮૮૦ મારખમરોડ, યુનિટ ૮
મેઈન ઈન્ટરસેક્શન મારખમરોડ & પેઈન્ટેડ પોસ્ટ
સાંઈલીલા ખમણ-ઢોકલા હાઉસ કોમ્પલેક્ષ પાસે.
ટે. 647-657-9631 / 905 673 9631
સોમ-શુક્ર : ૨.૦૦ PM થી ૭.૦૦ PM
શનિ : ૧૧.૦૦ AM થી ૬.૦૦ PM

મીસીસાગા
2960 ડ્રયુ રોડ, યુનિટ-૧૫૮,
મીસીસાગા ON L4T 0A5
ટે. 905-673-9631, 905-231-0527, 647-657-9631
ગ્રેટ પંજાબ પ્લાઝા, માલ્ટન,ગુરુદ્વારા પાસે
સોમ-શુક ૯.૩૦ AM થી ૭.૦૦ PM
શનિ-રવિ : ૧૧.૦૦ AM થી ૬.૦૦ PM

૬૪૭-૬૫૭-૬૬૩૧
www.firstflightcanada.com

હવે, સ્વદેશ વેબસાઈટના બદલાતા કલેવર
નિહાળો નીત નવા રુપરંગમાં !!
માત્ર ગરવી ગુજરાત કે મેરા ભારત મહાન જ નહિ પરંતુ સમગ્ર વિશ્વની અટારીએ સર્જાતી
અનેકવિધ ઘટનાઓનો સાક્ષાત્કાર ક્ષણેક્ષણ માણો !!
રાજકારણ, સમાજ, ધર્મ, શિક્ષણ, રમતગમત, મનોરંજનનો મહાસાગર, હોલીવુડ-બોલીવુડ,
પ્રવાસ-પર્યટન, પર્યાવરણ તથા આરોગ્ય વિષયક માહિતીના રોમાંચક ખજાનાનો આવિષ્કાર !!

www.swadesh.news

સ્વદેશમાં વિજ્ઞાપનો માટે ઈમેલ એડ્રેસ પર માહિતી મોકલો

info@swadesh.news

હવે પછી નીચે મુજબના સરનામે તમામ પોસ્ટલ વ્યવહાર કરવા વિનંતી.
23 Lyric Road, Brampton ON L6S 0B4.

સરકાર અને ખેડૂતો વચ્ચે ચાલતા ગજગ્રાહને થાળે પાડવા સુપ્રીમ કોર્ટ સક્રિય થઈ

સુપ્રીમની પહેલ છતાં કૃષિબિલ વિવાદ ઠેરનો ઠેર

પ્રાસંગિક
ધવલ શુક્લ

ભારતમાં મોદી સરકારે ધ્વનિ મતથી પસાર કરી દીધેલા ૩ કૃષિ કાયદા સામે ચાલી રહેલા કિસાન આંદોલનનો ૫૦ દિવસ પછી પણ અંત આવ્યો નથી. આ વિવાદમાં ખેડૂતોને નવા કાયદા રદ કરાવવા છે તો સામેપક્ષે મોદી સરકારે આ પ્રશ્નને પ્રતિષ્ઠા સાથે જોડી દેતા વાત ખોરંભે પડી રહી છે. આમ પણ ધાર્યું કરવામાં પાવરધી મોદી સરકારને આ વખતે પણ હતુ કે, આ આંદોલનને કોઈપણ પ્રકારે રફેદફે કરી દઈશું. પરંતુ કિસાન સંગઠનના નેતા સરકારની દરેક ચાલને નિષ્ફળ બનાવી રહ્યા હોવાથી વિવાદનો ઉકેલ આવી રહ્યો નથી. આ વિવાદમાં હવે સુપ્રીમ કોર્ટે મંગળવારે એક અપીલની સુનાવણી સાથે જ સરકાર અને ખેડૂતોને ખખડાવી નવા ૩ કાયદા પર સ્ટે મૂકી દીધો છે. આ સાથે જ વિવાદ ઉકેલવા માટે સમિતિ રચવા આદેશ કર્યો છે. જો કે, સુપ્રીમ કોર્ટના નિર્ણયથી ખેડૂત સંગઠનોની નારાજગી દૂર થઈ નથી.

કારણ કે સમિતિમાં જે ચાર સભ્યોને સમાવવા ભલામણ કરાઈ છે તે ચારેય સભ્યો સરકારે પસાર કરેલા કૃષિ કાયદાના સમર્થક છે. આવા સંજોગોમાં તેઓ ખેડૂતોની સમસ્યા કેવી રીતે સમજશે અને ખેડૂતોને કેવી રીતે ન્યાય આપતો પ્રસ્તાવ તૈયાર કરશે તે સવાલ ખેડૂત સંગઠનો કરી રહ્યા છે. અને તેથી જ તેઓ કોઈ સમિતિ સમક્ષ જવા પણ રાજી નથી. જો કે, સુપ્રીમ કોર્ટના આદેશ બાદ એટલું સ્પષ્ટ થયું છે કે, ત્રણેય કૃષિ કાયદા હાલ દેશમાં ક્યાંય લાગુ નહીં થાય. જો કે, આ કાયદા રદ્ થયા છે તેવું પણ નથી.

છેલ્લા દોઢ મહિનાથી ચાલી રહેલા ખેડૂત આંદોલનને લઈને સરકારના વલણ ઉપર સુપ્રીમ કોર્ટનું નારાજ થવું સ્વાભાવિક છે. સર્વોચ્ચ અદાલત સરકારને કહેતી રહી છે કે તેઓ પ્રદર્શનકર્તા ખેડૂતો સાથે મંત્રણા કરીને સમસ્યાનું સમાધાન શોધે. પરંતુ સરકાર તરફથી નક્કર કોઈ પ્રયાસ ન થયા. ખેડૂત સંગઠનો અને સરકાર વચ્ચે આઠ તબક્કાની મંત્રણા થઈ પરંતુ તે માત્ર દેખાડા ખાતર જ હતી. સરકાર આંદોલન ખતમ થાય તેવો કોઈ રસ્તો આ બેઠક દરમિયાન શોધી શકી નહીં. સ્પષ્ટ છે કે સરકારનો ઈરાદો પ્રદર્શનકર્તા ખેડૂતોની વાત સાંભળવાનો અને સમસ્યાનો ઉકેલ શોધવાનો હતો જ નહીં. સરકાર એમ માનતી હતી કે, એક દિવસ ખેડૂતો થાકી હારીને આંદોલન સમેટીને ઘરભેગા થઈ જશે. મંત્રણાઓ માટે તારીખો આપવા સિવાય સરકારે કોઈ નક્કર પગલું ભર્યું નથી. બસ, મોદી સરકારના આ જ વલણથી સુપ્રીમ કોર્ટે પહેલા તો સરકારને કૃષિ કાયદા પર સ્ટે મૂકવા અંગે વિચારણા કરવા કહ્યું, પરંતુ સરકાર તરફથી કોઈ હિલચાલ ન થતાં છેવટે સુપ્રીમ કોર્ટે જ ત્રણેય કૃષિ કાયદા હોલ્ડ ઉપર મૂકી દીધાં.

કૃષિ કાયદાને લઈને સરકારના વલણ સામે શરૂઆતથી સવાલ થઈ રહ્યાં છે. સરકાર કૃષિ સુધારા માટે વટહુકમ લાવી ત્યારથી જ ખેડૂતોમાં આશંકા અને વિરોધ હતો. એવામાં કાયદા લાવતા પહેલા વ્યાપક સંવાદ દ્વારા ખેડૂતોની આશંકા દૂર કરવાની જરૂર હતી. સૌથી પહેલા પાંચ જૂને સરકાર ત્રણ વટહુકમ લાવી હતી અને એ પછી સંસદના મોનસૂન સત્રમાં સરકારે બિલ તરીકે રજૂ કર્યાં. લોકસભામાં તો ભાજપ પાસે બહુમતિ હતી એટલા માટે બિલો પસાર કરાવવામાં કોઈ અડચણ ન આવી. પરંતુ રાજ્યસભામાં સરકાર પાસે બહુમતિ ન હોવાના કારણે બિલ પસાર થવામાં અડચણ આવવાની શક્યતા હતી. જોકે ભારે હોબાળા વચ્ચે કૃષિબિલ રાજ્યસભામાં ધ્વનિમતથી પસાર કરીને મોદી સરકારે તેનુ ધાર્યું કરી દીધું. નવા કૃષિ કાયદા વિશે સરકારનો દાવો છે કે એ ખેડૂતોના હિતમાં છે. સરકારનું કહેવું છે કે નવા કૃષિ કાયદા દ્વારા ખેડૂતો પર લાગેલા બંધનો દૂર થશે અને તેમને ખેતપેદાશોની વધારે સારી કિંમત મેળવવામાં સરળતા રહેશે. પરંતુ ખેડૂતોનું કહેવું છે કે આ વટહુકમો માર્કેટની વર્તમાન વ્યવસ્થા અંતર્ગત તેમને જે સંરક્ષણ છે એ સમાપ્ત કરી દેશે. સરકારે જે ત્રણ કાયદા ઘડયાં છે એમાંનો પહેલો ખેડૂતોને માર્કેટ સિવાય પણ કૃષિપેદાશો વેચવાની પરવાનગી આપે છે. બીજો કાયદો બિલમાં આવશ્યક વસ્તુઓની યાદીમાં સુધારો કરીને અનાજ, દાળ, તેલ જેવા ઉત્પાદનોને ગમે તેટલી માત્રામાં ખરીદવાની અને સંગ્રહ કરવાની છૂટ આપે છે. તો ત્રીજા કૃષિ કાયદામાં કોન્ટ્રાક્ટ ફાર્મિંગનો રસ્તો ખુલ્લો મુકવામાં આવ્યો છે. દેશભરના ખેડૂત સંગઠનોનો આ કોન્ટ્રાક્ટ ફાર્મિંગ સામે ભારે વિરોધ છે. દેશમાં આ મુદ્દે આવેદનપત્રો અને વિરોધપ્રદર્શનો પણ થયા છે. સરકારનું કહેવું છે કે આ પ્રથા ચાલુ થયા બાદ ખેડૂતોની આર્થિક સ્થિતિ સુધરશે. સાદી ભાષામાં સમજવું હોય તો મોટી કંપનીઓ કે શ્રીમંતો ખેડૂતો સાથે કોન્ટ્રાક્ટ કરીને તેમને અમુક ખાસ પાક લેવા માટે કહેશે અને એ જ સમયે ઉપજનું મૂલ્ય પણ નક્કી કરી દેશે. ખેડૂતોને ખેતી માટે બીજ અને ટેકનિકલ સહાયતા જેવી સેવાઓ ઉપલબ્ધ કરાવવામાં પણ કોન્ટ્રાક્ટ દ્વારા મદદ મળશે. પાક તૈયાર થતાં નક્કી થયેલા ભાવે તે ખરીદવામાં આવશે. આ કંપનીઓ ખેત ઉત્પાદન કેટલા પ્રમાણમાં સંગ્રહ કરી શકશે એની કોઈ મર્યાદા નથી. એટલા માટે આવશ્યક ચીજવસ્તુ કાયદામાં સંશોધન કરવામાં આવી રહ્યું છે. પાક કોઈ કારણોસર નિષ્ફળ જશે તો કોન્ટ્રાક્ટ કરનારી કંપની નુકસાનનું વળતર વીમા કંપનીઓ પાસેથી મેળવી શકશે. આ વ્યવસ્થામાં ખેડૂતના ઉત્પાદનો માટે નક્કી થતા ન્યૂનતમ સમર્થન મૂલ્યનું મહત્ત્વ ઘટી જશે. પાક ઉપર મળતું ન્યૂનતમ સમર્થન મૂલ્ય ખેડૂતો માટે મોટી સમસ્યા છે. સરકારે ટેકાના ભાવ જાહેર કરી દે છે. પરંતુ આ ભાવનો લાભ કેટલા ખેડૂતોને મળે એ મોટો સવાલ છે.

એક અનુમાન પ્રમાણે માત્ર દસ ટકા ખેડૂતો જ ટેકાના ભાવે પોતાની ખેતપેદાશો વેચી શકે છે. જ્યારે ૯૦ ટકા ખેડૂતોને બજારમાં બેઠેલા વચેટિયાઓને ખેતપેદાશો નજીવા દામે વેચી દેવી પડે છે. ભારતના બંધારણ અનુસાર જનકલ્યાણકારી રાજની સ્થાપના માટે સામાન્ય નાગરિકોની ખાદ્ય સુરક્ષા અને ગરીબીની રેખા નીચે રહેતા લોકો માટે યોગ્ય કિંમતે અનાજ ઉપલબ્ધ કરાવવું જરૂરી છે. જોકે ખેડૂત સંગઠનોને ભય છે કે કોન્ટ્રાક્ટ ફાર્મિંગ શરૂ થયા બાદ આ સુરક્ષા જ સમાપ્ત થઈ જશે અને ખાદ્યાન્નના ભાવ કૂદકેને ભૂસકે વધવા લાગશે. આ સાથે જ ૮૦ ટકાથી વધારે ખેડૂતો પાસે નાના કદના ખેતરો હોવાના કારણે મોટી કંપનીઓ અને પુંજીપતિઓ સમક્ષ કાયમ મજબૂર રહેવું પડશે. કોન્ટ્રાક્ટની શરતો તોડયા બાદ તેમને કોઈ રક્ષણ પણ નહીં મળે. ખેતીવાડીમાં ખેડૂતો અને કંપનીઓ વચ્ચે જે કોન્ટ્રાક્ટ થશે એમાં કંપનીઓનું પલડું ભારે રહેશે અને આવી કંપનીઓ પોતાની આર્થિક તાકાતના જોરે અને સામાજિક અને રાજકીય વગના કારણે કોઈ વિવાદની સ્થિતિમાં ખેડૂતો પર જોહુકમી કરી શકશે. સરકારનું કહેવું છે કે તે આવું નહીં થવા દે. કારણ કે, દરેક કંપની અને પુંજીપતિનું રજિસ્ટ્રેશન રાજ્ય સરકારની દેખરેખ હેઠળ થશે અને તેમના પર સરકાર નજર રાખશે. સરકારે નવા કૃષિ કાયદામાં સંશોધન કરવાનો પ્રસ્તાવ રજૂ કર્યો હતો. પરંતુ ખેડૂતો ત્રણેય વિવાદાસ્પદ કાયદા પાછળ લેવાની માંગ પર મક્કમ છે. સુપ્રીમ કોર્ટના સમિતિ રચના કરવાના આદેશથી ખેડૂતો રાજી નથી. કોર્ટે પોતાના તરફથી જાણીતા કૃષિ અર્થશાસ્ત્રી અશોક ગુલાટી, ભારતીય કિસાન યુનિયનના એક વિભાગના અધ્યક્ષ ભૂપિન્દરસિંહ માન, સાઉથ એશિયા ઈન્ટરનેશનલ ફૂડ પોલીસી સંસ્થાના ડાયરેક્ટર પ્રમોદકુમાર જોશી અને શેતકારી સંગઠનના અનિલ ધનવંતને સમિતિના સભ્યો તરીકે રજૂ કર્યા છે. જોકે ખેડૂત સંગઠનોને આ નામ પસંદ આવ્યા નથી.

એટલે ખેડૂતોએ આંદોલન ચાલુ રાખવાની જાહેરાત કરી દીધી છે. ખરેખર તો ખેડૂત સંગઠનોનું માનવું છે કે, આ ચાર સભ્યો તો પહેલાથી જ કૃષિ કાયદાના સમર્થક રહ્યા છે. આવા સંજોગોમાં તે ખેડૂતોના આંદોલન માટે કઈ રીતે વિચારી શકશે.

૫૦ દિવસથી ચાલી રહેલા ખેડૂતોના આંદોલનની અવગણના કરતી સરકારને કોર્ટે ઝાટકી નાંખી : સમસ્યા ઉકેલવા રચાયેલી સમિતિમાં સભ્યોની નિમણુંકથી ફરી ગુંચવણ

સ્વદેશ

10 FRIDAY 08 JANUARY 2021

બોલીવૂડના જાણીતા ડાયરેક્ટર રામ ગોપાલ વર્મા પર બેન

મુંબઈ: જાણીતા ડાયરેક્ટર રામ ગોપાલ વર્માને મોટો ઝાટકો લાગ્યો છે.તેમની સામે ફેડરેશન ઓફ વેસ્ટર્ન ઈન્ડિયા સિને એમ્પ્લોઈઝે મોટો નિર્ણય લઈને તેમના પ્રોડક્શન હાઉસ પર બેન લગાવી દીધો છે. ફેડરેશનના નિર્ણયનો અર્થ એ થાય છે કે, આ ફેડરેશન સાથે સંકળાયેલા ૩૨ યુનિયનનો કોઈ પણ સભ્ય રામ ગોપાલ વર્મા સાથે કામ નહીં કરે.રામ ગોપાલ વર્મા પર ફિલ્મ ઈન્ડસ્ટ્રીઝ સાથે સંકળાયેલા ટેકનિશિયન અને બીજા કર્મચારીઓના મહેનતાણાના ૧.૫ કરોડ રુપિયા નહીં ચુકવવાનો આરોપ મુકાયેલો છે. મીડિયા રિપોર્ટ પ્રમાણે આ મામલામાં રામ ગોપાલ વર્માને નોટિસ પણ મોકલવામાં આવી હતી.

પંજાબમાં ખેડૂતોએ ફિલ્મનુ શૂટિંગ અટકાવ્યુ

ચંદીગઢ: પંજાબના ફતેગઢ સાહિબના બસ્સી પઠાના શહેરમાં હાલમાં બોલીવૂડ એક્ટ્રેસ જહાન્વી કપૂર અભિનિત ફિલ્મનુ શૂટિંગ ચાલુ રહ્યુ છે.કેન્દ્રના નવા કૃષિ કાયદાનો વિરોધ કરી રહેલા ખેડૂતો પૈકીના કેટલાક શૂટિંગના સ્થળ પહોંચી ગયા હતા અને હંગામો મચાવ્યો હતો.ખેડૂતોના વિરોધના કારણે શૂટિંગ થોડા સમય માટે રોકાઈ ગયુ હતુ.દેખાવો કરી રહેલા ખેડૂતોની માંગ હતી કે, જહાન્વી કપૂર કૃષિ કાયદાના વિરોધમાં નિવેદન આપે અને એ પછી જ અમે અહીંથી રવાના થઈશું. જોકે શૂટિંગ કરી રહેલા યુનિટ તરફથી આ માટે તેમને આશ્વાસન આપવામાં આવ્યુ હતુ.એ પછી ખેડૂતો પાછા જતા રહ્યા હતા.ખેડૂતોએ શૂટિંગ કરી રહેલા યુનિટને કહ્યુ હતુ કે, બોલીવૂડના સ્ટાર ખેડૂત આંદોલનના વિરોધમાં કે સમર્થનમાં કશું બોલી રહ્યા નથી.

આવતા અઠવાડિયે વરુણ અને નતાશા લગ્નના ફેરા ફરશે

બોલિવૂડ એક્ટર વરૂણ ધવન આવતા અઠવાડિયે તેની લાંબા સમયની ગર્લફ્રેન્ડ નતાશા દલાલ સાથે લગ્ન કરવા જઈ રહ્યો હોવાના અહેવાલ સામે આવ્યા છે. વરૂણ અને નતાશાના લગ્ન અલીબાગની ફાઈવ સ્ટાર હોટલમાં થશે. તેનું બુકિંગ થઈ ચૂક્યું છે અને વરુણે આ હોટલનું ચેકિંગ પણ કરી લીધું છે. વરૂણ અને નતાશાના લગ્નમાં આવતા ૨૦૦ મહેમાનોની યાદી પણ તૈયાર થઈ ગઈ છે. વરુણ ધવનનું કહેવું છે કે અલીબાગની ફાઇવ સ્ટાર હોટલ બુક થઈ ગઈ છે અને થોડીક એડવાન્સ પેમેન્ટ પણ થઈ ગઈ છે. જો કે, હજી સુધી તે અંગે ખુલાસો કરવામાં આવ્યો નથી કે વરુણ અને નતાશા આ મહિનામાં કઈ તારીખે લગ્ન કરશે.

અનુપ જલોટા સત્ય સાંઇ બાબાની બાયોપિકમાં ચમકશે

મુંબઇ: ભજન સમ્રાટ અનુપ જલોટા જલદી જ એક બાયોપિકમાં જોવા મળવાના છે. આ ફિલ્મ આધ્યાત્મિક ગુરુ સત્ય સાંઇબાબા પર આધારિત હશે.અનુપ જલોટાના આ રોલવાળી તસવીર સોશિયલ મીડિયા પર વાયરલ થઇ રહી છે. અનુપ જલોટાએ એક વાતચીત દરમિયાન જણાવ્યું હતું કે, તેઓ ૧૨ વરસના હતા ત્યારે સાંઇબાબાને મળ્યા હતા. હું ૫૫ વરસનો હતો ત્યારે સત્ય સાંઇ બાબાને મળ્યો હતો. લખનઉમાં મારી તેમની સાથે મુલાકાત હું ૧૨ વરસનો હતો ત્યારે થઇ હતી. એ દરમિયાન તેમણે મારા અને મારા પિતા દ્વારા ગાયેલા ભજનો સાંભળીને અમને આશીર્વાદ આપ્યા હતા. આ પછી હું તેમને મુંબઇ, દિલ્હી, બેંગલુરુ અને ઊંટીમાં પણ મળ્યો હતો. વધુમાં ભજન સમ્રાટે જણાવ્યું હતું કે, લોકો સત્ય સાંઇબાબાને સારી રીતે ઓળખે છે.

મારે શક્ય એટલા વધુ બાળકો જોઈએ : પ્રિયંકા ચોપરા

મુંબઈ: બોલિવૂડ એક્ટ્રેસ અનુષ્કા શર્માએ ગત સોમવારે દીકરીને જન્મ આપ્યો છે. વિરાટ અનુષ્કાનાં માતા પિતા બન્યાનાં સમાચાર વાયુ વેગે વાયરલ થઇ ગયા છે. હવે આ સવાલ પ્રિયંકા ચોપરાને પુછવામાં આવી રહ્યો છે કે તે ક્યારે લગ્ન કરશે. વર્ષ ૨૦૧૮ માં નિક જોનાસ સાથે લગ્નના બંધનમાં બંધાયેલ પ્રિયંકા ચોપડાના ઘરે કીલકીલારી ક્યારે ગુંજશે તે અંગે ચર્ચા જામી છે. તાજેતરમાં જ એક મેગેઝિન સાથેની વાતચીતમાં તેણે તેના ફેમિલી પ્લાનિંગ વિશે વાત કરી હતી. પ્રિયંકાએ કહ્યું, 'મને બાળકો જોઈએ છે. શક્ય તેટલા બાળકો. ક્રિકેટ ટીમ ઉભી કરવી છે. આપને જણાવી દઇએ કે, પ્રિયંકા ચોપરાના પતિ નિક જોનસ એક અમેરિકન સિંગર છે અને બંનેના લગ્ન હિન્દુ અને ક્રિશ્ચિયન બંને રિવાજોથી થયા હતા. બંનેની સંસ્કૃતિમાં રહેલા તફાવત અંગે, પ્રિયંકાએ એકવાર તેના એક ઇન્ટરવ્યુમાં કહ્યું હતું કે તેમાં કોઈ સમસ્યા આવતી નથી. નિક ભારત આવ્યો હતો સામાન્ય દંપતીની જેમ અમારે પણ તકરાર થાય લડાઇ થાય છે પણ નિક મને સંભાળી લે છે. પ્રિયંકાએ કહ્યું, અમારા લગ્નજીવનમાં કંઇપણ ખૂબ મુશ્કેલ નહોતું. વર્ક ફ્રન્ટની વાત કરીએ તો, પ્રિયંકા ચોપરાની ફિલ્મ ધ વ્હાઇટ ટાઇગર રિલીઝ થઈ હતી. ફિલ્મમાં રાજકુમાર રાવ અને પ્રિયંકા ચોપરા મુખ્ય ભૂમિકામાં હતા. આ ફિલ્મને સારો પ્રતિસાદ મળ્યો છે અને આવનારા સમયમાં તેની પાસે ઘણા મોટા પ્રોજેક્ટ છે જે રિલીઝ થવા જઈ રહ્યા છે. પ્રિયંકા ચોપડા ટૂંક સમયમાં જ ફિલ્મ 'ધ મેટ્રિક્સ ૪' માં કામ કરતી જોવા મળશે અને તેની ફિલ્મ ધ ટેક્સ્ટ ફોર યુ વિશે દર્શકોમાં ભારે ઉત્તેજના છે.

અનુષ્કા શર્મા અને વિરાટ કોહલીના ઘરે 'લક્ષ્મી' પધાર્યા

મુંબઈ: નુષ્કા શર્માએ ૧૧ જાન્યુઆરીના રોજ પુત્રીને જન્મ આપ્યો છે. વિરાટ કોહલીએ આ ખુશીના સમાચાર ટ્વિટર પર શેર કર્યા હતા. વિરાટે આ ખુશખબરી આપતાં ટ્વિટર પર શેર કરતા કહ્યું હતું કે, અમને બન્નેને એ જણાવતાં ખુશી થાય છે કે, આજે ૧૧મી તારીખે અમારે ત્યાં દીકરીનો જન્મ થયો છે. અમે તમારા પ્રેમ અને મંગલકામનાઓ માટે દિલથી આભારી છીએ. અનુષ્કા અને અમારી દીકરી બન્નેની તબિયત સારી છે. અમારું સૌભાગ્ય છે કે, જીવનની આ વાસ્તવિકતાનો અનુભવ અમે કરી શક્યા છીએ. અમે સમજીએ છીએ કે, હાલના સમયમાં અમને થોડી પ્રાઇવસીની જરૂર છે. ઉલ્લેખનીય છે કે, અનુષ્કા અને વિરાટે ૧૧ ડિસેમ્બર ૨૦૧૭ના ઇટાલીમાં લગ્ન કર્યા હતા. જેમાં ફક્ત અંગત મિત્રો અને નજીકના સગા-સંબંધીઓ જ હતા.

ઉર્વશી રાઉતેલા જોવા મળશે મધુબાલાના નવા અવતારમાં

મુંબઈ: અભિનેત્રી ઉર્વશી રાઉતેલા રૂપના ઢગલા સમી દિવંગત અભિનેત્રી મધુબાલાના લોકપ્રિય ગીત 'એક લડકી ભીગી ભાગી સી'ના રીક્રિએટમાં આવી રહી છે. આ ગીતમાં ઉર્વશી પણ તદ્દન નવા અવતારમાં જોવા મળશે. ઉર્વશીએ કહ્યું હતું કે આ ગીત મારું શમણું સાકાર થવા બરાબર છે. હું તેમાં એક સમયની દિગ્ગજ અને અત્યંત સ્વરૂપવાન અભિનેત્રી મધુબાલાના પેંગડામાં પગ ઘાલવા જઈ રહી છું. અભિનેત્રીએ વધુમાં કહ્યું હતું કે આ મ્યુઝિક વિડિયોમાં હું દંતકથા સમાન ગાયક કિશોરકુમારના મૂળ કંઠ સાથે મારો અવાજ આપવા તૈયાર છું. તેમાં કામ કરવા સાથે મારી ૨૦૨૧ની સાલનો આરંભ ધમાકેદાર બની રહેશે. ઉર્વશીએ ઉમેર્યું હતું કે મધુબાલામાં ગજબની સુંદરતા અને ઉત્કૃષ્ટ અભિનયનો સુભગ સમન્વય હતો. તેમણે પોતાની ફિલ્મોમાં વિવિધ ભાવનાઓનું શ્રેષ્ઠ નિરૂપણ કરીને દર્શકોના દિલોદિમાગ પર અમીટ છાપ છોડી છે અને સૌંદર્યની વાત આવે તો આજે પણ મધુબાલાને સંભારવામાં આવે છે.

શિલ્પા શિરોડકર બની ભારતની પ્રથમ વેક્સિનેટેડ અભિનેત્રી

મુંબઇ: રૂપેરી પડદાથી દૂર રહેનારી પરંતુ સોશિયલ મીડિયા પર સક્રિય રહેનારી શિલ્પા શિરોડકર કોરોના વાયરસનું વેક્સિનેસન લીધું છે. તેણે સોશિયલ મીડિયા પર આ વાત શેર કરી હતી. શિલ્પાએ સોશિયલ મીડિયા પર પોતાના ફોટો સાથે શેર કરતાં જણાવ્યું છે કે, વેક્સીનેટેડ અને સુરક્ષિત, આ ન્યુ નોર્મલ છે. ૨૦૨૧માં આવી રહી છું. દુબઇમાં કોરોનાની વેક્સીન લઇ લીધી છે. તસવીરમાં શિલ્પા માસ્ક પહેરેલી જોવા મળે છે. તેમજ વેક્સીનેસન લીધા પછી હાથ પર પટ્ટી પણ મારેલી સ્પષ્ટ દેખાય છે. અત્યાર સુધીમાં હજી સુધી કોઇ બોલીવૂડની સેલિબ્રિટીએ વેક્સીન લીધું નથી.

અંગ પ્રદર્શનની હદ વટાવતું નેહા ભસીનનું નવું ગીત

મુંબઈ: સિંગર નેહા ભસીનના ગીત લોકોમાં પોપ્યુલર હોય છે. તેમનો અવાજ લોકોના દિલ જીતી લે છે. નેહા ભસીનના તમામ ગીતો પોપ્યુલર હોય છે. હવે આ જ પોપ્યુલર ગીતોના લિસ્ટમાં વધુ એક ગીત ઉમેરાયું છે. ગીતનું નામ છે 'તૂ કી જાને જોકે, આ ગીતમાં નેહા અત્યંત બોલ્ડ લૂકમાં દેખાઈ રહી છે. તેના ગીત કરતા તેના લૂકની ચર્ચા હાલ સોશિયલ મીડિયા પર વધુ થઈ રહી છે. નેહા



ભસીનનું આ ગીત બોલ્ડ અંદાજમાં ફિલ્માવાયું છે. શોર્ટ બ્લોન્ડ હેરમાં તે કાતિલ લાગી રહી છે. ગીતમાં અનેક ઈન્ટીમેટ સીન પણ નજર આવી રહ્યાં છે. ગીતનું સંગીત અને શબ્દોમાં કંઈક એવુ મિસિંગ લાગી રહ્યુ છે, જેનાથી આ ગીત બીજીવાર પણ સાંભળવાનું મન થતુ નથી. આ ગીત વધુ વ્યૂ મેળવવામા સફળ નહિ થાય. માત્ર બોલ્ડ અંદાજને કારણે ચર્ચામાં રહે તેવુ લાગી રહ્યું છે.

ઠંડીની ઋતુમાં કેવો મેકઅપ કરશો

ઠંડીની ઋતુમાં ત્વચામાં થોડું કઠોરપણું આવી જાય છે અને તે શુષ્ક બની જાય છે. શુષ્ક ત્વચા પર મેકઅપ કરી સુંદર દેખાવા માટે થોડી કુશળતા જરૂરી છે. આને માટે તમારે તમારી મેકઅપ કીટ બદલવાની કોઈ જ જરૂર નથી. રેગ્યુલર મેકઅપમાં વપરાતી વસ્તુઓ થકી જ થોડી કુશળતા સાથે મેકઅપ કરો અને ઠંડીની ઋતુમાં પણ સુંદર દેખાવ.

ઠંડીની ઋતુમાં ત્વચા તરડાઈ જાય છે અને તેના પર મેકઅપ કરવાથી તરડાયેલી ચામડી પર કરચલીઓ ઊપસી આવે છે. આ સમસ્યાથી છુટકારો પામવા માટે જ્યારે તમે ચહેરો ધુઓ કે તેને લુછી સ્વચ્છ ત્વચા પર તમારા રેગ્યુલર ફેસ ક્રિમ સાથે સનક્રિમ ભેળવી ચહેરા પર લગાડો. આમ કરવાથી ભેજવાળી ઠંડી હવાને લીધે ત્વચા પર થતાં ઘસારાથી તમે બચી શકશો અને ચહેરાની ત્વચા કાળી પડશે નહીં. સનક્રીમ લગાવ્યા બાદ કોમ્પેક્ટ પાવડરનો ચહેરા પર ઉપયોગ કરવો. દિવસના સમયે આ ઋતુમાં ફાઉન્ડેશન ક્રિમથી દૂર રહેવું હિતાવહ છે કારણ ફાઉન્ડેશન દિવસના પ્રકાશમાં ચહેરાને કુદરતી દેખાડવાને બદલે સફેદ દેખાડશે જે ખૂબ વરવું લાગશે. તમને કોમ્પેક્ટ તમારી ચહેરાની ત્વચાને શુષ્ક કરી રહ્યો છે એમ લાગે તો હથેળી પર થોડું પાણી લઈ ચહેરા પર થપથપાવો.

આ દિવસોમાં હોંઠને સુકા થવાથી બચવા માટે 'લીપબામ'નો ઉપયોગ કરો. ગુલાબી અથવા પીચ કલરનો લીપબામ તમારી ત્વચા ઉપર સુંદર દેખાશે અને હોંઠોને ભેજવાળા રાખી શુષ્ક થતા બચાવશે.

આંખોને સુંદર બનાવવા માટે શિયાળામાં ફક્ત કાજલ અથવા મોઈશ્ચરાઈઝીંગ આયપેન્સિલનો ઉપયોગ કરવો કરવો કારણ મસ્કરા અને આયલાઈનર સુકાઈ જશે અને આંખોને તકલીફ પહોંચાડશે. સાંજના હવામાં વધુ ઠંડક હોય છે તેથી શિયાળામાં સાંજનો મેકઅપ ચિવટપૂર્વક કરવો જરૂરી હોય છે. સાંજની વેળા બહાર નિકળતી વખતે જો થોડો વધુ મેકઅપ કરવો પડે એમ હોય તો ત્વચાને મોઈશ્ચરાઈઝ કરવી ખૂબ જરૂરી છે. ત્વચા તજ્ઞાના અભિપ્રાય પ્રમાણે આ વખતે મોઈશ્ચરાઈઝરથી ભરપૂર એવા ક્રિમનો મસાજ ચહેરા પર થોડીવાર પહેલાં જ કરી લો. ત્યારબાદ મેકઅપ કરો. ચહેરાને સર્વપ્રથમ ક્વિન્ઝર વડે સાફ કરો. ત્યારબાદ મોઈશ્ચરાઈઝર યુક્ત ક્રિમને ચહેરા પર અને ગળા પર લગાડો અને મેકઅપની શરૂઆત કરો.

'કન્સિલર'ના ઉપયોગથી તમે તમારી ચહેરાની ત્વચા પરના ડાઘ છુપાવી શકશો. તેમજ જ કરચલીઓને પણ થોડા પ્રમાણમાં દૂર કરી શકશો. ઠંડીમાં મેકઅપ કરતી વખતે આવા 'કન્સિલર'નો ઉપયોગ કરવાનું ચુકવું નહીં.

જો ફાઉન્ડેશન લગાડવું ખૂબ જ જરૂરી લાગતું હોય તો ક્રિમવાળું સુંવાળું ફાઉન્ડેશન ઉપયોગમાં લેવું જે ચહેરાની ત્વચાને ભેજવાળી રાખવામાં મદદ કરશે. તેમજ ચહેરાને તેજસ્વી દેખાડશે. સાંજના સમયે હોઠોંને સુંદર દેખાડવા માટે ઘેરા રંગની લીપસ્ટિકનો ઉપયોગ કરો, હોઠોંને લીપબામ વડે ભેજવાળા રાખો. મોવ, મરૂન અને લાલ રંગની લીપસ્ટિક હોંઠો પર શોભી ઉઠશે. આ ઘેરા રંગો કુદરતી રીતે ભેજયુક્ત હોવાથી હોંઠોની ત્વચાને સુંવાળી રાખશે.

આંખોનો મેકઅપ સાંજે થોડો ઘેરો હોવો જરૂરી છે. જેલીયુક્ત આયલાયનર અને મસ્કરા તમારા ચહેરા પર આંખોને સુંદર ઊઠાવ આપશે. આંખોની આસપાસના ભાગ પર થોડું મોઈશ્ચરાઈઝર લગાવવાથી તેટલા ભાગમાં ત્વચા તરડાશે નહીં અને આંખો સુંદર દેખાશે. ફક્ત મેકઅપ ઉપર ધ્યાન ન આપતા ઠંડીમાં પુષ્કળ પાણી પીવાનો પણ આગ્રહ રાખો જે ત્વચાને અંદરથી ભેજવાળી રાખશે અને તરડાવા નહીં દે. અઠવાડીયામાં એક વાર સુગંધીયુક્ત તેલનું માલીશ પર ત્વચાને સુંવાળી અને ચળકતી રાખશે. પોષક આહાર, તાજા ફળો અને અને નિયમીત કસરત પણ તમારી શુષ્ક ત્વચાને ઠંડીમાં સુંદર અને કાંતીમય રાખશે. જો આટલું કરશો તો શિયાળામાં પણ સુંદર દેખાશો.

વોટ્સએપ નવી પોલીસી સાથે અપડેટ કરવું કે વોટ્સએપ ડિલીટ કરવું

હવે વોટ્સએપ પણ ફેસબૂકનો જ એક હિસ્સો છે. જેથી વોટ્સએપની પોલીસીમાં મોટો ફેરફાર થઈ રહ્યો છે. જેથી વોટ્સએપના યુઝર્સની પ્રાઈવસી રહેશે નહીં અને ડેટાની જવાબદરી પણ યુઝર્સની જ રહેશે. નવા અપડેટથી લો એન્ફોર્સમેન્ટ એજન્સી પણ યુઝર્સની ચેટ જોઈ શકશે અથવા ડેટા લઈ શકશે. જે અગાઉની પોલીસી મુજબ એન્ડ ટુ એન્ડ એનક્રિપ્ટસન હતું. યૂઝર્સ એ વોટ્સએપનો ઉપયોગ ચાલુ રાખવા માટે ૮ ફેબ્રઆરી ૨૦૨૧ પેહલા આ પોલીસીનો સ્વીકાર કરવો પડશે નહીં તો કંપની દ્વારા એકાઉન્ટ ડિલીટ કરવામાં આવશે. નવી નીતિ મુજબ ફેસબુક અને ઈન્સ્ટાગ્રામનું ઈન્ટિગ્રેશન વોટ્સએપમાં જોઈ શકાશે. વોટ્સએપ યુઝર્સના ડેટા જાહેરાત માટે એકત્રિત કરી રહ્યું છે. જેથી ભવિષ્યમાં વોટ્સએપમાં પણ જાહેરાત આવવાની શક્યતા છે.

વોટ્સએપ યુઝર્સના નવી પોલિસી મુજબ કયા ડેટા જોઇ શકશે?

▸ કોન્ટેક ▸ સ્ટેટસ ▸ વપરાશ ની માહિતી ▸ ડીવાઈસનું નામ ▸ આઇ પી એડ્રેસ ▸ મોબાઈલ લોગ ▸ ઈન્ટરનેટ સર્વિસ પ્રોવાઈડરની માહિતી ▸ લોકેશન સંબધિત માહિતી

યુઝર્સ હવે Signal એપ તરફ વળી રહ્યા છે. આ એપ યુઝર્સ પાસે મોબાઈલ નંબર સિવાયના કોઈ ડેટાની માંગણી કરતું નથી. આ એપમાં વોટ્સએપની જેમ બધા ફિચર્સનો સમાવેશ છે. જેથી યુઝર્સને કોઈ તકલીફ પડવાની નથી. યુઝર્સના ડેટા આ એપમાં વધારે સીક્યોર્ડ છે. Signal એપમાં જાહેરાતને કોઈ સ્થાન નથી. Elon Muskના ટ્વીટ કરવાથી Signal એપના Sharesમાં અને યુઝર્સમાં ઝડપી વધારો નોંધાઈ રહ્યો છે. Apple યુઝર્સ iMessage appનો ઉપયોગ કરી શકે છે જે Signal એપની જેમ નંબર સિવાય કોઈ માહિતીની માંગણી કરતું નથી.

@beinghumanmj

તુલસીના સેવનના લાભ તેમજ ઔષધિય ગુણ

ઔષધીય ઉપયોગ તરીકે તુલસીના પાનને ગુણકારી માનવામાં આવે છે. તુલસીના બિયાં પણ લાભદાયી છે. તુલસીના પાનના સેવનથી કફ-વાયુ દોષ દૂર થાય છે. પાચન શક્તિ તેમજ ભૂખ વધે છે અને રક્તને શુદ્ધ કરે છે.

આ ઉપરાંત તુલસીના પાન તાવ, હૃદયની બીમારી, પેટનો દુખાવો, મેલેરિયા અને બેકટેરિયલ સંક્રમણમાં ફાયદાકારક સાબિત થાય છે. તુલસી બે પ્રકારની છે રામ અને શ્યામ જેમાં રામ તુલસીને મહત્વ આપવામાં આવે છે.

મગજ માટે તુલસી ફાયદાકારક છે. નિયમિત સેવનથી મગજની કાર્યક્ષમતા વધે છે અને યાદશક્તિ તેજ થાય છે. તેથી નિયમિત રીતે તુલસીના ચાર-પાંચ પાન પાણી સાથે ગળીને ખાઈ જવા.

તાણના કારણે માથાનો દુખાવો થવો એ સામાન્ય વાત છે. આવી સ્થિતિમાં તુલસીના તેલના એક-બે ટીપાં નાકમાં નાખવાથી આરામ થાય છે. માથાના વાળમાંની જૂં-લીખનો નાશ કરે છે વાળમાં જૂં-લીખનો ઉપદ્રવ થઈ ગયો હોય તો વાળમાં તુલસીનું તેલ નાખવાથી રાહત થાય છે.

ઘણા લોકોને રતાંધળાની બીમારી હોય છે. સાંજ પડે પછી દ્રષ્ટિ નબળી પડી જતી હોય છે. તેવામાં તુલસીના પાનના રસના બે-ત્રણ ટીપાં આંખમાં નાખવાથી ફાયદો થાય છે.

સાઈનસની તકલીફમાં તુલસીના પાન સુંઘવાથી આરામ થાય છે. તુલસીના પાન કાનના સોજા અને દુખાવામાં રાહત આપે છે. તુલસીના પાનનો રસ કાઢી તેને હુંફાળો ગરમ કરી બબ્બે ટીપાં કાનમાં નાખવાથી રાહત થાય છે.

તુલસીના પાન દાંતના દુખાવામાં રાહત આપે છે. કાળા મરી અને તુલસીના પાનની ગોળી બનાવીને દાંત નીચે રાખવાથી ફાયદો થાય છે. શરદી-ઊધરસ તેમજ ઋતુમાંના ફેરફારના કારણે ગળુ બેસી જવું, શરદી, ઊધરસ થવા જેવી સામાન્ય તકલીફો થાય છે. તેવામાં તુલસીના રસને હુંફાળા પાણી સાથે ભેળવી કોગળા કરવાથી રાહત થાય છે.

ઉત્તરાયણે ૬ નાં મોત, ડીજે વગાડાતાં શહેરોમાં કેસ

- રાજકોટમાં દોરીથી ગળું કપાતા યુવકે જીવ ગુમાવ્યો
- અમદાવાદમાં જાહેરનામાના ભંગ સાથે ઠેરઠેર આતશબાજીનો નજારો

અમદાવાદ : ઉત્તરાયણની ઉજવણી જીવલેણ બની છે. ગુજરાતમાં ૮ વાગ્યા સુધી ૨૭૭૧ ઈમરજન્સી કેસ નોંધાયા છે. દોરી વાગવા અને પડી જવાના ૨૦૭ બનાવ બન્યા છે. પંચમહાલમાં પતંગની દોરીથી ૨ લોકોના મોત નિપજ્યા છે. ભરૂચ, સાણંદમાં દોરી વાગતા યુવકનું મોત થયું છે. રાજકોટમાં દોરીથી ગળું કપાતા યુવકે જીવ ગુમાવ્યો છે. સુરતમાં ધાબેથી પટકાતા બાળકનું દર્દનાક મોત થયું હતું. અમદાવાદ પાંજરાપોળમાં ૪૦૦ પક્ષીઓની સારવાર કરવામાં આવી છે. તો રાજકોટ અને વડોદરામાં ડીજે વગાડવાનો ૧ – ૧ કેસ પોલીસે નોંધ્યો છે.

રાજકોટમાં દોરી વાગતા યુવકનું મોત નિપજ્યું હતું. ૧૫૦ ફૂટ રિંગ રોડ પરનો આ બનાવ છે. સારવાર દરમિયાન યુવકનું મોત થયું હતું. સાણંદમાં બોળના તબેલા ચોકડી પાસે દોરી વાગતાં ૩૧ વર્ષીય બાઈકચાલકનું મોત નિપજ્યું હતું. પંચમહાલમાં દોરી વાગતા બે યુવકોનાં મોત થયા હતા. વેજલપુર ગામ પાસે દોરી વાગતા ૪૦ વર્ષીય યુવકનું મોત થયું હતું તો મોરવા હડફ-ગોધરા હાઈવે પર પણ દોરીથી એક મોતનો બનાવ બન્યો હતો.

નર્મદામાં જાહેરનામાનો ભંગ થયો હતો. રાજપીપળામાં પ્રતિબંધિત ચાઈનીઝ તુક્કલ ઉડાડવામાં આવી હતી. રાજકોટના ધોરાજીમાં પણ મોડી સાંજ બાદ પ્રતિબંધિત ચાઈનીઝ તુક્કલ ઉડી હતી. આણંદમાં પણ ચાઈનીઝ તુક્કલો જોવા મળી હતી. અમદાવાદમાં જાહેરનામાનો ભંગ કરતાં ઠેરઠેર આતશબાજીનો નજારો જોવા મળ્યો હતો. કોટ વિસ્તાર અને ઘાટલોડિયામાં ફટાકડા ફોડી ઉજવણી કરવામાં આવી હતી.

મોદીના વિશ્વાસુ પૂર્વ આઈએએસ એ. કે. શર્મા ભાજપમાં જોડાયા

ગાંધીનગર : નિવૃત આઈએએસ એ.કે.શર્મા વિધિવત રીતે ભાજપમાં જોડાયા છે. ૧૯૮૮ બેચના ગુજરાત કેડરના આઈએએસ એ.કે.શર્મા છે. એ.કે.શર્માએ ગઈકાલે નિવૃતિ જાહેર કરી હતી. પીએમ નરેન્દ્ર મોદીના ખાસ ગણાતા અને ૧૯૮૮ બેચ ગુજરાત કેડરના આઈએએસ એ.કે.શર્માએ કરિયરની કરવટને બદલીને ભાજપમાં જોડાયા છે. તેમણે તેમના દિલ્હીના સેક્ટરી તરીકેના ડેપ્યુટેશન પરથી સોમવારે જ સ્વૈચ્છિક નિવૃત્તિ લઇ લીધી હતી. આજે તેમણે ઉત્તરપ્રદેશના લખનૌમાં ભાજપનો કેસરિયો ખેસ ધારણ કરી લીધો છે. તેઓ ઉત્તરપ્રદેશ ભાજપના પ્રદેશ અધ્યક્ષ સ્વતંત્ર દેવસિંહ અને યુપીના નાયબ મુખ્યમંત્રી દિનેશ શર્માની હાજરીમાં ભાજપમાં જોડાયા હતા.

અત્રે નોંધનીય છે કે, ગુજરાત કેડકના સિનિયર આઈએએસ અધિકારી અરવિંદકુમાર શર્મા જેમનું સ્વૈચ્છિક રાજીનામું બે દિવસ પહેલાં મંજૂર કર્યું હતું. તેઓ વિધિવત રીતે ભાજપમાં પ્રવેશ કરે અને ઉત્તર પ્રદેશ સરકારમાં એમને કોઈ મોટી જવાબદારી સોંપાય તેવી જોરશોરથી ચર્ચા ચાલી રહી હતી. કમુરતાં ઊતરતાં જ આ અંગે નિર્ણય જાહેર થવાની શક્યતા વ્યક્ત થઈ રહી છે.

વિરમગામમાં કરૂણાંતિકા : પતંગ લૂંટવા જતા કરંટ લાગવાથી ૨ ભાઈઓનાં મોત

- નાનીના ઘરે આવેલા બંને ભાઈ લોખંડની પાઈપથી પતંગ પકડવા જતા વીજ લાઈનને અડી જતા કરંટ લાગ્યો

વિરમગામ : વિરમગામના ભાવસારવાડમાં રહેતા એક પરિવારના બે પુત્રો શહેરની નુરી સોસાયટીમાં તેમની નાનીના ઘરે પતંગ ચગાવવા આવ્યા હતા. જો કે મકાનના બીજા માળેથી એક ભાઈએ પતંગ લૂંટવા માટે લોખંડનો પાઈપ લીધો હતો અને આ પાઈપ નજીકથી પસાર થતી વીજલાઈન સાથે અડી જતા સગીરને વીજકરંટ લાગ્યો હતો. જો કે નાના ભાઈને બચાવવા મોટાભાઈએ પ્રયત્ન કર્યો હતો પરંતુ વીજશોક લાગવાથી બંનેના ઘટના સ્થળે મોત નિપજ્યા હતા.

વિરમગામ શહેરના ભાવસારવાડમાં રહેતા જાવેદભાઈ મીરઝાના બે પુત્રો રહેણાક મકાનના ધાબા ઉપર પતંગ ચગાવી રહ્યા હતા ત્યારે કપાયેલ પતંગ પકડવા માટે ધાબા ઉપર રહેલ લોખંડના પાઈપ વડે પતંગ પકડવા જતા ધાબાની બાજુમાંથી પસાર થઈ રહેલ હેવી વીજ લાઈન અડી જતાં વીજળી કરંટ લાગતા (૧) મહંમદતુફેલ જાવીદભાઈ મીરઝા ઉ.વ. ૧૭ અને મુજમીર જાવીદભાઈ મીરઝા ઉ.વ. ૧૫ના બન્ને સગાભાઈના કરૂણ મોત નીપજ્યા હતા.

આ બનાવથી પરીવાર ઉપર આભ તૂટી પડયું હતું. એક ભાઈને કરંટ લાગતા બીજા ભાઈએ બચાવવા જતાં બન્ને ભાઈઓને વીજ કરંટ લાગ્યો હતો. બન્ને જણાને તાત્કાલીક વિરમગામ સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા જ્યાં ફરજ પરના ડોકટરે બન્ને ભાઈઓને મૃત જાહેર કર્યા હતા. હોસ્પિટલ ખાતે મોટી સંખ્યામાં સ્વજનો અને લોકો ઉમટી પડયા હતા.

ભૂ-માફિયાઓમાં ભય : નવા એક્ટ હેઠળ અમદાવાદમાં ૩ કેસમાં ૧૦ સામે ગુના

અમદાવાદ : નવા લેન્ડ ગ્રેબિંગ એક્ટ હેઠળ અમદાવાદમાં પહેલી ફરિયાદ નોંધાતા ભૂમાફિયામાં ફફડાટ ફેલાયો છે. સોલામા સરકારી જમીન પચાવવા મુદ્દે ૬ આરોપી, એલિસબ્રિજમા પાંજરાપોળની જમીન મુદ્દે ૩ આરોપી અને સરખેજમાં એક મળી કુલ ૧૦ આરોપી સામે ત્રણ અલગ-અલગ પોલીસ સ્ટેશનમાં એફઆઈઆર નોંધાઈ છે. જેમાં શીતલ આઈસ્ક્રીમના માલિક વિરુદ્ધ ફરિયાદ થઈ છે.

ડીસીપી પ્રેમસુખ ડેલુએ જણાવ્યુ હતુ કે, આરોપી અહેમદ પટેલે ફરિયાદી પ્રણવ શેઠની સરખેજની ૮૦૩૦ ચોરસ મી.જમીનમાં કબ્જો કરી ગેરકાયદેસર રીતે બાંધકામ કરી શીતલ એસ્ટેટ ગોડાઉન અને દુકાનો બાંધી તેમજ આગળની બાજુ મસ્જિદ બાંધી કિંમતી જમીન પચાવી પાડી હતી. આરોપી અહેમદ પટેલ વિરુદ્ધ નવા એક્ટ હેઠળ ગુનો નોંધી ૪ આરોપીઓની અટકાયત કરી છે. સોલા પોલીસ સ્ટેશનમાં છારોડીના રેવન્યુ તલાટી સિદ્ધરાજસિંહ વાઘેલાએ આરોપી નાથાજી રમતાજી, જાલમજી રમતાજી , લક્ષ્મણજી રમતાજી, રાજાજી રમતાજી, અશોક રાજાજી અને લાલાજી રાજાજી વિરૂધ્ધ ફિયાદ કરી છે. જે મુજબ આરોપીઓએ મોજે બ્લોક નંબર ૧૦૮ની સરકારી જમીન પર ગેરકાયદે બાંધકામ અને કબ્જો કરી ગુનાઈત કૃત્ય આચર્યું હતું. એલિસબ્રિજ પોલીસ સ્ટેશન નોંધાયેલી એફઆઈઆરમાં અમદાવાદ પાંજરા પોળના કન્સલ્ટન્ટ તરીકે કાર્યરત રસીક વિરજીભાઈ નંદાસણાએ વિરજીભાઈ કાનજીભાઈ દેસાઈ, વિપુલ કાનજીભાઈ દેસાઈ અને બચુભાઈ પૂંજાભાઈ ચુનારા વિરુદ્ધ લેન્ડ ગ્રેબિંગ એકટ મુજબ ફિયાદ કરી છે.

આરોપીઓએ પાંજરાપોળની પોલીટેક્નિક સામે આવેલી ૩ હજાર ચો.મી જમીનમાં આવેલો વાડો છ મહિનાથી પચાવી પાડયો હતો.

ઔદ્યોગિક વિવાદ ધારામાં ગુજરાતે કરેલા સુધારાને રાષ્ટ્રપતિની મંજૂરી

અમદાવાદ : ઔદ્યોગિક વિવાદ ધારામા ંગુજરાત સરકાર દ્વારા વિધાનસભામાં કરવામાં આવેલા ફેરફારો સાથેના સુધારેલા કાયદાને રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે મંજૂરી આપી દીધી છે. રાષ્ટ્રપતિએ પહેલી જાન્યુઆરીએ આ સુધારેલા વિધેયકને મંજૂરી આપી દીધી છે.

ઔદ્યોગિક વિવાદ ધારામાં સુધારો કરીને ઉદ્યોગોને લે ઑફ આપવાને મુદ્દે, છટણી કરવાને તથા કામદારોને વળતર આપવાને મુદ્દે ચોક્કસ નિયમોનું પાલન કરવામાંથી રાહત આપી દેવામાં આવી છે. ગુજરાત ઔદ્યોગિક વિવાદ ધારા સુધારા વિધેયકને ૨૨મી સપ્ટેમ્બરે ગુજરાત વિધાનસભામાં મંજૂરી આપવામાં આવી હતી.

વેપાર ઉદ્યોગની ઈઝ ઑફ ડૂઈંગ બિઝનેસમાં વધારો કરવાના ઈરાદા સાથે ઉપરોક્ત કાયદો સુધારવામાં આવ્યો છે. આ સુધારાઓ મુખ્યમંત્રી વિજય રૂપાણીની સૂચનાથી કરવામાં આવ્યા હતા. ૧૯૪૭ના ઔદ્યોગિક વિવાદ ધારા મુજબ સો થી વધુ કર્મચારીઓ કે કામદારો ધરાવતા એકમ માટે કર્મચારીઓની છટણી કરવા માટ`કે પછી લે ઑફ આપવા માટે સરકારની આગોતરી મંજૂરી લેવી પડતી હતી. નવા કાયદામાંથી મંજૂરી લેવાની શરતને દૂર કરી દેવામાં આવી છે.

તોગડિયાની હત્યા માટે હથિયારો લાવનાર નાગોરી ગેંગ સામે કાર્યવાહી

સુરત : રામપુરા વિસ્તારના કુખ્યાત અશરફ નાગોરી અને તેના સાગરિતો સામે પોલીસે નવા કાયદા મુજબ ગુનો નોંધ્યો છે. લાલગેટ પોલીસમાં નાગોરી ગેંગના પાંચ અસામાજીક તત્વો સામે ગુનો નોંધી ત્રણની અટકાયત કરી છે. જ્યારે નામચીન અશરફ નાગોરી હજુ પકડાયો નથી.

સુરત શહેરના અલગ-અલગ વિસ્તારોમાં પોતાના બદઈરાદાઓને અંજામ આપતી આ ગેંગને કારણે શહેરની શાંતિ-સલામતી જોખમાઈ રહી છે. ત્યારે સુરત શહેર પોલીસે આ ગુંડા ગેંગોને પાઠ ભણાવવા નવા કાયદાનો સહારો લીધો છે. સુરત શહેર પોલીસે આ નવા કાયદા મુજબ આસિફ ટામેટાં ગેંગ અને લાલુ જાલિમ ગેંગ સામે ગુજરાત કંટ્રોલ ઓફ ટેરરિઝમ એન્ડ ઓર્ગેનાઈઝડ ક્રાઈમ એક્ટ (ગુજસીટોક) અંતર્ગત ગુનો દાખલ કર્યો છે. આ બંને ગેંગ સામે ક્રાઈમ બ્રાંચમાં ગુના નોંધાયા હતા. હવે અશરફ નાગોરી ગેંગ સામે ગુજસીટોકનું શસ્ત્ર ઉગામાયું છે. ઉચ્ચ અધિકારીઓના માર્ગદર્શન આ ગેંગ જે પોલીસ મથક વિસ્તારમાં આતંક મચાવે છે તે લાલગેટ પોલીસ મથકમાં જ ગુજસીટોક મુજબ ગુનો દાખલ કરાયો છે.

તમ્બાકુ ખાવામાં ગુજરાતની મહિલાઓએ પુરુષોને પાછળ છોડ્યા, બાળકો પણ બંધાણી

અમદાવાદ : હવે ગુજરાતમાં તમાકુના સેવનને લઈને ચોંકાવનારી હકીકત સામે આવી છે. નેશનલ ફેમિલી હેલ્થ સર્વેમાં પુરુષોની સરખામણીએ મહિલાઓ વધુ તમ્બાકુનું સેવન કરતી હોવાની વાત સામે આવી છે. રિપોર્ટના સર્વે પ્રમાણે પુરુષોની સંખ્યામાં ૧૦.૩ ટકાનો ઘટાડો આવ્યો છે. જ્યારે મહિલાઓની સંખ્યામાં ૧.૩ ટકાનો વધારો આવ્યો છે.

તમાકુનું સેવન કરતા બાળકોની સંખ્યા પણ રાજ્યમાં મોટી છે. દારૂ પીવાની જેમ ગ્રામીણ મહિલાઓ માટે તમાકુનું સેવન એ પરંપરાઓનો એક ભાગ બની ગઈ છે. તમાકુનો ઉપયોગ હજુ પણ એક સાંસ્કૃતિક પ્રથા છે અને ભોજન પછી મહિલાઓ બદામ અને તમાકુ ખાતી જોવા મળશે. હવે ગુટકાની સરળ ઉપલબ્ધતાને કારણે ગ્રામીણ વિસ્તારોમાં તમાકુના વપરાશમાં વધારો થયો છે.

નેશનલ ફેમિલી હેલ્થ સર્વે પ્રમાણે ૨૦૦૫-૦૬માં ૬૦.૨ ટકા પુરુષોએ તમાકુનું સેવન કર્યું હતું, જે વર્ષ ૨૦૧૫-૧૬માં ઘટીને ૫૧.૪ ટકા થયું હતું અને ૨૦૧૯-૨૦માં ઘટીને ૪૧.૪ ટકા થયું હતું. શહેરોમાં લગભગ ૩૩.૬ ટકા પુરુષો અને ગ્રામીણ વિસ્તારોમાં ૪૬.૭ ટકા પુરુષોએ વર્ષ ૨૦૧૯-૨૦ના આંકડા મુજબ તમાકુનું સેવન કર્યું હતું. (૨૦૧૫-૧૬) મુજબ શહેરોમાં ૪૬ ટકા પુરુષો અને ગ્રામીણ વિસ્તારોમાં ૫૬.૨ ટકા પુરુષોએ તમાકુનું સેવન કર્યું હતું. જોકે, મહિલા ગ્રાહકોનું પ્રમાણ માત્ર એક ટકા ઘટ્યું હતું. વર્ષ ૨૦૦૫-૦૬માં ૮.૪ ટકા મહિલાઓએ કોઈ પણ પ્રકારની તમાકુનું સેવન કર્યું હતું, જે વર્ષ ૨૦૧૫-૧૬માં ઘટીને ૭.૪ ટકા અને ૨૦૧૯-૨૦માં ૮.૭ ટકા થયું હતું.

બનાસકાંઠામાં લાંચ અને અપ્રમાણસર સંપત્તિના એક વર્ષમાં ૧૪ ગુના નોંધાયા

પાલનપુર : બનાસકાંઠા જિલ્લાની સરકારી કચેરીઓમાં ફરજ બજાવતા અને કેટલાક કર્મચારીઓ અને અધિકારીઓ તગડો પગાર મેળવવાની સાથે આડી કમાણી કરવા અરજદારો પાસે થી કામને બદલે દામ વસુલતા હોઈ વર્ષ ૨૦૨૦માં જિલ્લામાં ૧૪ જેટલા લાંચ રૂશ્વત અને સરકારી બાબુઓની અપ્રાણસર મિલકતના કેસ નોંધાસ છે .જેમાં વર્ગ -૧ના એક અધિકારી,વર્ગ- ૨ ના બે અધિકારી સહિત વર્ગ ઉના પોલીસ અધિકારી સહિતના કર્મચારીઓ લાંચ લેતાં એસીબીના છટકામાં ઝડપાયા હતા અને તેમની તપાસ દરમ્યાન મોટાભાગમાં અધિકારીઓ પાસે થી બે નંબરી અપ્રમાણસર મિલકત મળી આવી હતી.

જેમાં કોરોના પર્કોપને વર્ષ ૨૦૨૦માં પણ જિલ્લા એસીબી અને અપ્રમાણસર મિલકતના ૧૪ ગુના નોંધાયા હતા .જેમાં તત્કાલિન પાલનપુર પ્રાદેશીક વાહન વ્યહવાર કચેરીના વર્ગ-૧ અધિકારીએ આરટીઓ દિયોદર મામલતદાર, પાલનપુરના આરટીઓ અધિકારી, અને સિપુ યોજનાના નાયબ કાર્યપાલક ઈજનેર જેવા વર્ગ -૨ ના ત્રણ અધિકારી સામે લાંચનો ગુનો દાખલ થયો હતો .

જયારે પોલીસ વિભાગમાં સૌથી વધુ જુદાજુદા પાંચ એસીબીમાં ગુના નોંધાયા હતા .જેમાં તત્કાલીન જિલ્લા એસઓજી પીએસઆઈ, પાલનપુર પૂર્વ પોલીસ મથકમાં તત્કાલીન પીએસઆઈ, આગથળા પોલિસ મથકના પીએસઆઈ, ડીસા ઉત્તર પોલીસ સ્ટેશનના અનામ લોક રક્ષક તેમજ પાલનપુર મોટી બજાર ચોકીના આઈએસઆઈ લાંચ રૂશ્વત કેસ માં ઝડપાયા હતા.

છ કરોડના હેરોઈન સાથે ઝડપાયેલા નાઈજિરિયનનો પાસપોર્ટ પણ નકલી

- યુવક સામે છેતરપિંડીની વધુ એક ફરિયાદ

વડોદરાઃ રાજધાની એક્સપ્રેસ ટ્રેનના એ-૫ કોચમાં પ્રવાસ કરતા ૩૮ વર્ષના નાઈજિરિયન યુવક મમ્દુબુઝે નોન્સો ચાર્લ્સ પાસે ચરસનો જથ્થો છે તેવી બાતમીના આધારે એનસીબી, રેલવે પોલીસ અને આરપીએફને સાથે રાખી વડોદરા રેલવે સ્ટેશનપર તા.૭ માર્ચ ૨૦૧૮ના રોજ વોચ ગોઠવી મોડી રાત્રે રાજધાની એક્સપ્રેસ ટ્રેન વડોદરા રેલવે સ્ટેશનપર આવતા નાઈજિરિયન યુવકને શોધી કઢાયો હતો. તેની પાસેથી હેરોઈન ઝડપાયું હતું. એનસીબીની ટીમે નાઈજિરિયન યુવક પાસેથી જપ્ત કરેલો પાસપોર્ટ નવીદિલ્હી ખાતેની નાઈજિરિયન એમ્બેસીમાં તપાસ માટે મોકલ્યો હતો. એમ્બેસીમાંથી એવો જવાબ આવ્યો હતો કે આ પાસપોર્ટ અન્ય વ્યક્તિના નામે છે પરંતુ તેમાં નામ અને ફોટો બદલી બોગસ પાસપોર્ટ બનાવ્યો છે. નાઈજિરિયન એમ્બેસીના અભિપ્રાય બાદ આ અંગે એનસીબી દ્વારા ઈન્ટેલિજન્સને રિપોર્ટ કરાયો હતો અને આ અંગે આખરે ઈન્ટેલિજન્સ અધિકારી અનુપ મહેન્દ્રકુમાર ગુપ્તાએ નાઈજિરિયન યુવક સામે ગુનો નોંધાવ્યો હતો.

ભાજપના દસક્રોઈના ધારાસભ્ય બાબુ જમનાએ ખાનગી APMC બનાવી

અમદાવાદઃ ભાજપના નેતાઓએ ખેતબજાર પર કબજો જમાવવાનુ શરૂ કર્યુ છે. દસક્રોઈના ધારાસભ્ય બાબુ જમના પટેલે કેન્દ્રીય ગૃહમંત્રીના વિશ્વાસુ એવા બિપીન પટેલ(ગોતા) સાથે ભાગીદારી કરી ખાનગી માર્કેટયાર્ડ બનાવવાનું શરૂ કર્યુ છે. વિઝોલ નજીક રોપડા ગામ પાસે આ ખાનગી એગ્રીકલ્ચર માર્કેટયાર્ડ બાંધવા પૂરજોશમાં કામ ચાલી રહ્યુ છે. ગુજરાતમાં અત્યારે ૨૨૪ એપીએમસી સરકાર હસ્તક છે. નવો એક્ટ અમલી બનતાં સરકારી એપીએમસીની સેસની આવકમાં ધરખમ ઘટાડો નોંધાયો છે. અત્યાર સુધી ભાજપ સરકારે ૩૧ ખાનગી એપીએમસીને મંજૂરી આપી દીધી છે. ખાનગી એપીએમસી શરૂ કરવામાં ય ભાજપના નેતાઓએ જ રસ દાખવ્યો છે.

ગાંધીનગરના સેકટરોમાં આંતરિક રૂટ ઉપર પણ સીટી બસ સેવા શરૂ થશે

ગાંધીનગરઃ રાજયના પાટનગર ગાંધીનગર શહેરમાં આંતરિક વિસ્તારોમાં સીટી બસ સર્વિસ શરૂ થઈ રહી છે. અને એટલું જ નહીં નવા ભળેલા ૧૮ ગામ અને પેથાપુર પાલિકાને પણ સીટી બસ સેવામાં આવરી લઈ કોઈપણ પોઈન્ટ ઉપર ઉતરવા માંગતા મુસાફરો પાસેથી પાંચ રૂપિયા ભાડુ વસુલવાનું નક્કી કરવામાં આવ્યું છે. મેયર રીટાબેન પટેલ દ્વારા શહેરી બસ સેવાને વિસ્તૃતિકરણ માટે અધિકારીઓને સુચના આપવામાં આવી છે જેના પગલે સેકટરોના આંતરિક માર્ગો ઉપર શહેરી બસ દોડતી થઈ જશે. સીટી બસ ઓપરેટર એજન્સીને ગાંધીનગરના પથિકાશ્રમથી પેથાપુર, સરગાસણ, કુડાસણ અને સેકટરને આવરી લેતાં નવા રૂટ શરૂ કરવા માટે સૂચના આપી દેવાઈ છે.

પાવાગઢ પરિક્રમા આ વર્ષે કોરોના મહામારીના કારણે મોકૂફ રખાઈ

પાવાગઢઃ પાવાગઢ ખાતે મહાકાળી માતાજીની સાધના માટેના અભિન્ન અંગ સમી પાવાગઢ પરિક્રમા આ વર્ષે કોરોના મહામારીને લઈ મોકૂફ રાખવામાં આવી છે. માગશર વદ અમાસે છેલ્લા પાંચ વર્ષથી આ પરિક્રમા યાત્રા યોજવામાં આવે છે. ૧૩ જાન્યુઆરીએ યોજાનારી પાવાગઢ પરિક્રમા યાત્રા મોકૂફ રાખવામાં આવી હતી. પાવાગઢ પરિક્રમા યાત્રા સમિતિ અને સ્થાનિક યુવક મંડળ દ્વારા વિસરાઈ ગયેલી પરિક્રમા યાત્રાને પુનઃ શરૂ કરાઈ છે. પાવાગઢ પરિક્રમા યાત્રા સમિતિ અને વહીવટી તંત્રના સથવારે તેનું આયોજન થાય છે અને રાજયભરમાંથી મોટી સંખ્યામાં લોકો આ પરિક્રમા યાત્રામાં જોડાય છે. જોકે આગામી ચૈત્ર માસમાં સાનુકૂળ સ્થિતિ હશે તો પરિક્રમા યાત્રાનું આયોજન કરવા વિચારણા થઈ રહી છે.

ધાનેરા- પૌરાણિક નકલંગ ભગવાનના મંદિરમાં ચોરી કરી તસ્કરો ફરાર

ધાનેરા : ધાનેરા તાલુકામા સાંકડ ગામમા પૌરાણિક નકલંગ ભગવાનનું મંદિર આવેલું છે. ધાનેરા તાલુકા સહિત આસપાસ ના ગામો ના લોકો મોટા પ્રમાણ મા દર્શને આવતા હોય છે વર્ષ દરમિયાન નકલગ ભગવાન ના મંદિરે ભાઈબીજના દિવસે મેળો પણ ભરાતો હોય છે. આવા ભગવાનના મંદિરને પણ તસ્કરો એ છોડયું નથી. મંગળવારે રાત્રે કોઈ ઈસમો એ મંદિરના મુખ્ય દરવાજાનું તાળું તોડી અંદર પ્રવેશ કરી નકલગ ભગવાન ના ચાંદી ના ઘોડા ને લઈ ગયા છે. સાથે મંદિરમા પડેલી દાનપેટી ને તોડીને અંદર પડેલી રકમ ચોરી ગયા છે. મંદિરના પૂજારી સવારે જ્યારે મંદિરે આવ્યા એ સમય ચોરી થઈ હોવાનું માલુમ થતા ધાનેરા પોલીસ તેમજ ગ્રામજનોને જાણ કરાઈ હતી

ઇન્ડિયન સ્પેસ ઓલમ્પિયાડની પરીક્ષામાં ગુજરાતની દીકરીનો ડંકો

મેઘરજઃ ઈસરોમાં ઈન્ડિયન સ્પેસ ઓલમ્પિયાડ-૨ ક્ષેત્રની પરીક્ષામાં અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકાના ગોઢા ગામની ૧૭ વર્ષની ત્વિષા જયેશભાઈ ચૌધરીએ સમગ્ર ભારતમાં પ્રથમ નંબર મેળવ્યો છે. જેમાં તેણે ચંદ્રયાન મિશન-૨ વિશે વિશેષ અહેવાલ આપ્યો હતો. જે બાદ ઈસરો દ્વારા ટેડ એક્સ ઈવેન્ટ યોજાઈ હતી. જેમાં ઈન્ટરનેશનલ લેવલે ચર્ચા વિચારણા કરવા માટે જુનિયર સાયન્ટિસ્ટ તરીકે ત્વિષાની પસંદગી કરાઈ હતી. ગુજરાતની આ દીકરીએ નેશનલ લેવલે સિદ્ધિ પ્રાપ્ત કરી છે.

અરવલ્લીના મેઘરજ તાલુકાના ગોઢા ગામની ત્વિષા ચૌધરી ૧૭ વર્ષની ઉંમર ધરાવે છે. ત્વિષા પોતાના ઈસરો સુધી પહોંચવાના સ્વપ્નોને સાર્થક કરવા નાનપણથી તે વિશેની પરીક્ષામાં ભાગ લેતી હતી. જો કે, નેશનલ સ્પેસ સાયન્સ એક્ઝામીનેશનની પરીક્ષામાં તે ત્રણ વર્ષ સુધી નિષ્ફળ રહી હતી. જે બાદ તેણીએ ત્રણ વર્ષ સુધી પરીક્ષા આપી ન હતી. જો કે, ઈશરો સુધી પહોંચવાની મહત્વકાંક્ષા તેનામાં યથાવત હતી. તેથી વધારે તૈયારી કરીને ધોરણ-૧૧માં આવ્યા બાદ તેણે સૌપ્રથમ વાર પૂરેપૂરા આત્મવિશ્વાસ સાથે ઈન્ડિયન સ્પેસ ઓલમ્પિયાડની પરીક્ષા આપી હતી. જેમાં તેણે ગુજરાતમાં પ્રથમ નંબર અને ભારતમાં બીજો ક્રમ મેળવ્યો હતો. આ સિદ્ધિ પણ પણ તેના પ્રયાસો ચાલુ રહ્યા અને ઈન્ડિયન સ્પેસ ઓલમ્પિયાડ પ્રિલિમ્સની પરીક્ષામાં તેણે ડંગો વગાડ્યો છે. ૨૦૨૦ પછી પ્રોજેક્ટની વહેંચણીમાં ત્વિષાના ભાગે ચંદ્રયાન-૨નો લોન્ચિંગ ડિપાર્ટમેન્ટ આવ્યો હતો. જાન્યુઆરી ૨૦૨૧માં જ તેણે ઈન્ડિયન સ્પેસ ઓલમ્પિયાડ-૨ની પરીક્ષા આપી. જેમાં તે ભારતમાં પ્રથમ ક્રમે રહી છે. હવે ઈન્ડિયન સ્પેસ ઓલમ્પિયાડ મેઈન્સની પરીક્ષા ઓગસ્ટમાં યોજાનાર છે. જેમાં મેરિટ લિસ્ટમાં તેનુ નામ આવે તો તેને ઈસરો થકી એમ્પ્લોયર તરીકે પસંદ થઈ શકે છે.

'જીવણદાદા' તરીકે જાણીતા ભારતીય કિસાન સંઘના જીવણ પટેલનું નિધન

મહેસાણા : 'જીવણદાદા' તરીકે જાણીતા જીવણભાઇ પટેલનું શનિવારે નિધન થયું હતું. જીવણભાઈ પટેલ ગુજરાતના ખેડૂતો પર સારી પકડ ધરાવતા હતા. જીવણભાઇ પટેલે શનિવારે સવારે અમદાવાદમાં અંતિમ શ્વાસ લીધા હતા. તેમના નિધનના સમાચાર બાદ ગુજરાતનાં મુખ્યમંત્રી વિજય રૂપાણી, નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ તથા પ્રદેશ પ્રમુખ સી.આર પાટીલે ભાવભીની શ્રદ્ધાંજલિ આપી છે. મુખ્યમંત્રી વિજય રૂપાણીએ જીવણભાઇ પટેલેને શ્રદ્ધાંજલિ આપતા જણાવ્યું કે, ગુજરાત રાજ્યમાં ખેડૂતોના તથા ખેતીના હિત માટે મજબૂત સંગઠનનો પાયો નાખનાર ભારતીય કિસાન સંઘના જીવણભાઇ પટેલ (જીવણ દાદા) ના દુઃખદ અવસાનથી શોકમગ્ન છું.

કેવડિયા હવે દિલ્હી, મુંબઇ સહિતના અનેક શહેરો સાથે રેલમાર્ગથી જોડાશે

૧૭મીએ કેવડિયાની સાથે ડભોઇ અને ચાણોદ સ્ટેશનનું પણ ઉદ્ઘાટન થશે

કામગીરીની સમીક્ષા માટે રેલવે બોર્ડના ચેરમેને કેવડિયાની મુલાકાત લીધી

વડોદરાઃ વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા 'સ્ટેચ્યૂ ઓફ યુનિટી'ને રેલમાર્ગે જોડવા માટે વડોદરાથી કેવડિયા વચ્ચે રેલવે લાઈન નાખવાનો પ્રોજેક્ટ લગભગ પૂર્ણ થવાને આરે છે જેમાં રેલ લાઈન ઉપરાંત કેવડિયા, ડભોઈ અને ચાણોદ ખાતે નિર્માણ પામનાર રેલવે સ્ટેશનની ઈમારતની કામગીરી પણ યુદ્ધના ધોરણે આગળ વધી રહી છે. આ કામગીરીની સમીક્ષા માટે ગુરૂવારે રેલવે બોર્ડના ચેરમેને કેવડિયાની મુલાકાત લીધી હતી. રેલવે બોર્ડના ચેરમેન સુનિત શર્માનું કહેવુ છે કે તા. ૧૭ મી જાન્યુઆરીએ સવારે ૧૧.૩૦ વાગ્યે ચેન્નાઈ, રેવા, બનારસ, દાદર, નિઝામુદ્દીન, અમદાવાદ, અને ૨ મેમુ ટ્રેન મળી દેશ ભરમાંથી કુલ ૮ ટ્રેન કેવડિયા આવવા રવાના થશે. આ ૮ ટ્રેનોને વડાપ્રધાન નરેન્દ્ર મોદી વર્ચ્યુઅલ ફ્લેગ ઓફ આપશે. કેવડિયા રેલ્વે સ્ટેશન માટે જમીન સંપાદનના ૬ મહિનામાં સ્ટેશનનું નિર્માણ થયું છે. તા.૧૭મીએ કેવડિયા સ્ટેશનની સાથે ડભોઈ અને ચાંણોદ રેલ્વે સ્ટેશનનું પણ ઉદ્ઘાટન થશે.તો રેલવે બોર્ડ ચેરમેન સાથે કેવડિયાની મુલાકાતે આવેલા પશ્ચિમ રેલ્વેના જનરલ મેનેજર આલોક કંસલે કહ્યું હતું કે હવે આખો દેશ કેવડિયા સાથે રેલમાર્ગે જોડાઈ ગયો છે. પ્રથમ તબક્કામાં ટ્રેનની ગતિ ૧૧૦ કિમી પ્રતિ કલાકની હશે જો કે આગામી ૬ મહિનામાં સ્પીડ વધારી ૧૩૦ કિમિ પ્રતિ કલાક કરાશે.

ઉલ્લેખનીય એ છે કે લોકડાઉનના સમયગાળામાં તા.૬ જુન ૨૦૧૯ના રોજ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદના હસ્તે કેવડિયા રેલવે સ્ટેશનનું ખાતમુહૂર્ત થયુ હતુ. ડભોઈ ચાણોદ અને કેવડિયા રેલવે સ્ટેશન ઉપરાંત ૮૦ કિલોમીટરની રેલવે લાઈન માટે અત્યાર સુધીમાં અંદાજે રૂ. ૭૦૦ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે.

અનુસંધાન પાના ૪નું ચાલુ : **૨૦૨૦ના વર્ષમાં અણધારી આફતો...**

ચેન્જના પરિણામે ધરતીના તાપમાનમાં થઈ રહેલા વધારાના કારણે વાઈરસને બહાર આવવાનો માર્ગ ખૂલી ગયો છે. તિબેટમાં ગ્લેશિયરો નીચે અનેક જીવલેણ વાઈરસ ધરબાયેલા પડયાં છે. જે પંદર હજાર વર્ષ જૂના વાઈરસ છે. તિબેટના ગ્લેશિયરોમાં રહેલા બરફને આશરે પચાસ મીટર જેટલો ઉલેચ્યા બાદ ત્યાં ૨૨ જેટલી પ્રજાતિના વાઈરસ મળી આવ્યાં હતા.

જેમાંના ૨૮ જાતના વાઈરસ તો એવા હતાં જેમના વિશે પહેલા કદી જાણવા મળ્યું નહોતું. આ વાઈરસ ધરતીનું તાપમાન વધતા બરફ પીગળવાની સાથે સાથે આખી દુનિયામાં ફેલાઈ શકે છે અને અનેક બીમારીઓ લાવી શકે છે. આ વાઈરસ પૃથ્વીની બહારના હોઈ શકે છે અને ઉલ્કાપિંડો દ્વારા ધરતી પર પહોંચ્યાં હશે. ધરતીની નીચે રહેલા વાઈરસ વિશે અલાસ્કામાં પણ એક બનાવ સામે આવ્યો હતો. બીજા વિશ્વયુદ્ધ દરમિયાન માર્યા ગયેલા કેટલાક સૈનિકોના મૃતદેહ અલાસ્કામાં દફનાવવામાં આવ્યાં હતાં. આ મૃતદેહોની તપાસ કરતા જાણવા મળ્યું કે તેમાં એક સદી પહેલા ભીષણ સ્પેનિશ ફ્લૂના અવશેષ મોજૂદ હતાં. એ જ રીતે સાઈબીરિયામાં દફન મૃતદેહોમાં બ્યુબોનિક પ્લેગ અને ઓરી જેવા રોગોના અવશેષો મળ્યાં હતાં. પૃથ્વી પરના ગ્લેશિયરોમાં બરફ નીચે તો અત્યંત પ્રાચીન સમયના વાઈરસ દબાયેલા હોવાની આશંકા પણ ઘણી વધારે છે. અલાસ્કાના બરફની તપાસમાં વૂલી મેમથના યુગના કાનોબેક્ટેરિયમ પ્લીસ્ટોકેનિયમ નામના બેકટેરિયા મળી આવ્યાં હતા. આ બધી બાબતો સાબિત કરે છે કે અજાણ્યા સ્થળોએ પણ ક્યારેક અચાનક કોઈ અજાણ્યા વાઈરસ કે બેકટેરિયા પ્રગટ થઈ શકે છે અને માનવ સભ્યતાને સંકટમાં મૂકી શકે છે.

નવી પ્રવાસન નીતિઃ ગુજરાતના બીચોને ડેવલપ કરાશે

- ગુજરાતમાં પ્રવાસન ઉદ્યોગને વિકસાવવા રૂપાણી સરકારે નવા નિર્ણયો કર્યા

ગાંધીનગર : મુખ્યમંત્રી વિજય રૂપાણીએ મંગળવારે ગાંધીનગર સ્વર્ણિમ સંકુલ ખાતે પત્રકાર પરિષદ યોજી ૨૦૨૧થી ૨૦૨૫ સુધીના પાંચ વર્ષ માટે રાજ્યની નવી પ્રવાસન નીતિ જાહેર કરી છે, જેમાં ગુજરાતને ટૂરિઝમ માટે ગ્લોબલ ચોઈસ બને તે રીતે વિકસાવવા મોટા પ્રોત્સાહનો આપવાની જાહેરાત થઈ છે. મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, આ વખતે જિલ્લાઓના ચોક્કસ તાલુકાઓમાં ટૂરિઝમનો વિકાસ થાય તે માટે કેટલાક તાલુકાઓ હાઈ પ્રાયોરિટી ટૂરિઝમ સેન્ટર તરીકે નિશ્ચિત કર્યા છે અને આ સેન્ટર્સમાં રોકાણ આવશે તો જ પ્રોત્સાહનો આપવાનું નક્કી થયું છે. એમણે કહ્યું કે, રાજ્યમાં ડિઝનીલેન્ડ જેવા વિશાળ એમ્યુઝમેન્ટ પાર્ક રૂ. ૫૦૦ કરોડથી વધુના રોકાણથી સ્થપાશે તો રાજ્ય સરકારે એમને જમીન લીઝથી આપવાનું નક્કી કર્યું છે, બાકી એક પણ ટૂરિઝમ પ્રોજેક્ટમાં સરકાર જમીન નહીં આપે. સોમનાથ જેવા સ્થળોએ ઈ-વાહનોનો વપરાશ થાય તે માટે સરકારે આવા સેન્ટરોએ બે-ત્રણ-ચાર પૈડાંના વાહનોને ૧૫ ટકા સબસિડી આપવાનું પહેલીવાર જાહેર કર્યું છે, પણ આમાં શરત એ રહેશે કે વાહનો જે તે સેન્ટરે જ રજિસ્ટર્ડ થયા હોવા જોઈએ.

રાજ્યમાં મહાત્મા મંદિર કે તેથી મોટા કદના કન્વેન્શન સેન્ટરો બને તે માટે જો લઘુતમ ૨,૫૦૦ માણસો સમાવવાની ક્ષમતાવાળા સેન્ટર બનશે તો સરકાર રોકાણના ૧૫ ટકા કેપિટલ સબસિડી આપશે. વિદેશોમાં લોકો મોટા કદના વાહનો કેરેવાન લઈને ફરવા જાય છે, એવું ગુજરાતમાં વિકસે તે મોટા ટૂર ઓપરેટરો- હોટેલોને આવા વાહન માટે મહત્તમ રૂ. ૧૦ લાખની સબસિડી આપવાનું પણ પહેલીવાર જાહેર થયું છે.

નવી ટૂરિઝમ પોલિસીમાં એકમાત્ર હોટેલ સ્થાપવા માટે જ રોકાણના ૨૦ ટકા કેપિટલ સબસિડી આપવાનું જાહેર થયું છે, બાકી ક્ષેત્રોમાં સબસિડીનું ધોરણ લગભગ એકસરખું ૧૫ ટકા રખાયું છે. હોટેલ માટે બધે સબસિડી નહીં મળે, પણ હાઈ પ્રાયોરિટી સેન્ટર ખાતે જ સબસિડી અપાશે અને તેય હોટેલમાં ઓછામાં ઓછું રૂ. ૧ કરોડનું રોકાણ થાય તો જ. ગોવા જેવા બીચને ડેવલપ કરાશે પરંતુ દારૂબંધી કોઈ સંજોગોમાં હળવી નહીં થાય તેવું મુખ્યમંત્રી વિજય રૂપાણીએ જણાવ્યું હતું.

માધવસિંહનો દેહ પંચમહાભૂતમાં વિલીનઃ ગાર્ડ ઓફ ઓનર અપાયું

અમદાવાદઃ ગુજરાતના પૂર્વ મુખ્ય પ્રધાન માધવસિંહ સોલંકીના રવિવારે સાંજે અમદાવાદના પાલડી વિસ્તારમાં આવેલા સ્મશાન ગૃહમાં અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા. સોલંકીના પુત્ર અને કોંગ્રેસના નેતા ભરતસિંહ સોલંકી અમેરિકાથી સીધા જ કોંગ્રેસ કાર્યાલય ખાતે આવી પહોંચ્યાં હતા. ત્યારબાદ ત્યાંથી અંતિમ યાત્રા યોજાઈ હતી. શાસ્ત્રોક્ત વિધિ અને રાજકીય સન્માન સાથે અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા. તેમ જ ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવ્યું હતું. અમદાવાદના પ્રદેશ કોંગ્રેસ કાર્યાલય રાજીવ ગાંધી ભવન ખાતે કાર્યકરો અને હજારો સમર્થકોએ તેમના અંતિમ દર્શન કર્યા હતા. તેમજ સેવાદળે માધવસિંહને સલામી આપી હતી. ત્યાર બાદ તેમની અંતિમ યાત્રા શરૂ થઈ હતી. કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને ભૂતપૂર્વ વિદેશમંત્રી તથા ગુજરાતના ચાર વખત મુખ્ય પ્રધાન રહી ચૂકેલા માધવસિંહ સોલંકીનું શનિવારે ૯૪ની વયે ગાંધીનગરમાં અવસાન થયા બાદ રવિવારે સ્વ. સોલંકીના પાર્થિવ દેહને તિરંગામાં લપેટી ગાંધીનગરના નિવાસ સ્થાનેથી અમદાવાદના પ્રદેશ કોંગ્રેસ કાર્યાલય રાજીવ ગાંધી ભવન ખાતે લાવવામાં આવ્યો હતો.

અમદાવાદઃ કંપનીના ૪૪ લાખની લૂંટમાં સિક્યુરિટી ગાર્ડ જ કિમીયાગર નીકળ્યો

અમદાવાદ : શહેર બાદ ગ્રામ્ય વિસ્તારમાં પણ લૂંટારુઓએ લાખ્ખો રૂપિયાની લુંટને અંજામ આપ્યો હતો. જો કે પોલીસને જાણ કરતા જ પોલીસે ગણતરીના કલાકોમાંજ આરોપીને ઝડપી પાડ્યા હતા. જોકે આ લુંટ કેસમાં મુખ્ય આરોપી બીજું કોઈ નહિ પરંતુ કંપનીનો જ સિક્યુરિટી ગાર્ડ નીકળ્યો હતો. તાજેતરમાં જ અમદાવાદ જીલ્લાના ચાંગોદર રેલવે ફાટક પાસેથી પસાર થઈ રહેલા પાન મસાલાની ફેકટરીના કર્મચારી પર હુમલો કરી લૂંટારુઓ ૪૪ લાખ ૫૦ હજારની રોકડ રકમની લૂંટ ચલાવી ફરાર થઈ ગયા હતા. આ ઘટનાની જાણ થતાં જ પોલીસ કાફલો ઘટના સ્થળે પહોંચ્યા અને ગણતરીની કલાકોમાં જ આરોપીઓને દબોચી લીધા હતા. પોલીસસે કંપનીના સિક્યુરિટી ગાર્ડ સહિત છ આરોપીઓને ઝડપી ધાડમાં લૂંટાયેલી તમામ રોકડ કબ્જે કરી છે. આ ધાડનું ષડ્યંત્ર રચનાર બીજું કોઈ નહીં પણ ચાગોદરની કંપનીમાં કામ કરતા સિક્યુરિટી ગાર્ડ હતો. સિક્યુરિટી ગાર્ડ એ ૭ તારીખે પગાર માટે રૂપિયા લઈને કંપનીથી બહાર એક માણસ જતો હોવાની બાતમી આપી હતી. આજ બાતમીના આધારે પાન મસાલાની ફેકટરીમાં કામ કરતા સંદીપ યાદવ રાત્રે આઠ વાગે મજૂરો ચૂકવવાના પૈસા લઈને સનોજ કુમાર નામના કર્મચારી સાથે નિકળ્યો હતો. બંન્ને બાઈક પર બેસી ચાંગોદર રેલવે ફાટક પાસેથી પસાર થતો હતો તે સમયે તેની જ કંપનીમાં સિક્યુરિટીમાં કામ કરતા બાબુભાઈએ તેમના ભાઈ હરદેવને જાણ કરી હતી. જેથી હરદેવ તેના સાથે અન્ય ચાર લૂંટારુઓ લઈને સનોજના માથાના ભાગે છરી મારીને સંદિપ પાસે રહેલા રૂપિયા ભરેલા થેલાની લૂંટ ચલાવી ફરાર થઈ ગયા હતા. જે થેલામાં ૪૪ લાખ ૫૦ હજારની રોકડ રકમ ભરેલી હતી.

૫,૦૦૦ કરોડની જમીન આર્સેનલ મીત્તલ ગ્રૂપને ૩૦૦ કરોડમાં પધરાવા હિલચાલ

- ૭૨ હેક્ટર જમીન પર તો ૨૦૦૭થી વગર પ્રિમિયમે કબજો છે : નવી ૩૦૦ હેક્ટર જમીન ૫,૦૦૦ કરોડમાં સંપાદન કરવાની પેરવી

અમદાવાદ- આર્સેનલ મીત્તલ ગ્રુપ દ્વારા એસ્સાર સ્ટીલ પ્લાન્ટ હસ્તગત કર્યા બાદ સરકારમાં રજૂઆત કરીને વન વિભાગની અગાઉ એસ્સાર દ્વારા દબાણ કરાયેલી ૭૨ હેક્ટર જમીનનું કોઈ પ્રીમીયમ ચૂકવવાની તૈયારી નથી. એટલું જ નહીં આ જમીન હવે એસ્સાર જે દબાણ સામે રકમ ચૂકવી હતી તે રકમમાં લઈ લેવાની સરકાર સમક્ષ રજૂઆત કરતાં સરકાર પણ મુંઝવણમાં મૂકાઈ ગઈ છે. કારણ કે એસ્સાર દ્વારા ૨૦૧૦-૧૧માં ૧૨૭ કરોડ ચૂકવવામાં આવ્યા હતા. આર્સેનલ મીત્તલ ગ્રુપ હવે આ રકમ એસ્સારે ચૂકવી દીધી હોઈ એટલે અમારે વધારાની કોઈ પ્રીમીયમની રકમ ચૂકવવાની થતી નથી કેવું કહીને કરોડોની પ્રીમીયમની રકમ માફ કરવા સરકારમાં દબાણ વધાર્યું છે. પ્રીમીયમની રકમ માફ કરવી કે નવેસરથી પ્રીમીયમ ગણવું તે મુદ્દો હવે સરકાર માટે ગળામાં ફસાયેલા હાડકા સમાન બની ગયો છે. અલબત્ત આ રીતે અગાઉ એસ્સાર દ્વારા હજીરામાં દબાણ કરાયેલી ૭૨.૬૨ હેક્ટર જમીનના પ્રીમીયમનો વિવાદ ઉભો થયો છે. વન વિભાગની અંદાજિત ૭૨.૬૨ હેક્ટર જમીન સામે એસ્સાર દ્વારા માર્ચ- ૨૦૧૦માં વાણિજ્ય હેતુ માટે જમીનનું દબાણ નિયમિત કરવા માટે સરકારમાં ૧૨૭ કરોડ જમા કરાવવામાં આવ્યા હતા. જોકે ૨૭-૧૦-૨૦૧૪માં આ જમીનનું સુરત જિલ્લા મૂલ્યાંકન સમિતિ દ્વારા પ્રતિ ચો.મી. દીઠ ૧૬,૫૨૦ જેટલું પ્રીમીયમ નવેસરથી નક્કી કરીને કંપનીને તે ભરવા જણાવવામાં આવ્યું હતું. જમીનના ચોમી સામે આ પ્રીમીયમ ગણતા તે રકમ ૧૧૮૯ કરોડ થવા જાય છે

ગુજરાત ભાજપના નવા માળખાની રચના, નવા ચહેરોઓને તક આપી

ગાંધીનગર : ગુજરાત પ્રદેશ પ્રમુખે ભાજપના પ્રદેશના નવા માળખાની રચના કરી તેમાં ૭ ઉપપ્રમુખ, ૮ મહામંત્રી અને ૧૩ મંત્રીઓ સાથે પ્રદેશ માળખુ જાહેર કર્યુ હતું. પાટીલે ભાજપ સંગઠનમાં વર્ષોથી જામી પડેલા નેતાઓને રવાના કરીને નવા ચહેરોઓને તક આપી છે. જ ભાજપની ટીમમાં ભરત બોઘરા અને મહેન્દ્ર પટેલ ઉપપ્રમુખ તરીકે સામેલ થયા છે. ત્યાં જ જયશ્રીબેન દેસાઈ પ્રદેશ મહામંત્રી બનાવાયા છે. યમલ વ્યાસ પ્રદેશના મુખ્ય પ્રવક્તા જાહેર કરાયા છે. યજ્ઞેશ દવેને પ્રદેશ મીડિયા પ્રભારી બનાવાયા છે. આ સાથે જ કિશોર મકવાણા પ્રદેશ સહ મીડિયા પ્રભારી બનાવાયા છે. નિખીલ પટેલને પ્રદેશ કન્વીનર આઈ. ટી સેલ બનાવાયા છે. સિદ્ધાર્થ પટેલ પ્રદેશ કન્વીનર સોશિયલ મીડિયા બનાવાયા છે. મનન દાણીને પ્રદેશ સહ કન્વીનર સોશિયલ મીડિયા બનાવવામાં આવ્યા છે. સુરતમાં કલેક્ટર તરીકે ફરજ નિભાવી નિવૃત થયા બાદ પણ મહેન્દ્ર પટેલને સુરત મેટ્રો રેલ પ્રોજેક્ટમાં એક્ઝિક્યુટીવ ડાયરેક્ટર તરીકે નિમણૂંક આપવામાં આવી હતી. ભાજપ સરકારની ગુડબુકમાં રહેલાં મહેન્દ્ર પટેલને આખરે પ્રદેશ ઉપપ્રમુખ પદ આપીને પાટીલે રાજકીય દોસ્તી નિભાવી છે.

મ્યુનિ. કોર્પો.ની ચૂંટણી લડવા કોંગ્રેસમાં બે હજાર દાવેદારી

- જમાલપુર, દરિયાપુર, બહેરામપુરા, રખિયાલ, સરખેજ સહિતની કોંગ્રેસ પ્રભુત્વવાળી બેઠકો પર દાવેદારોનો રાફડો

અમદાવાદ- સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓનુ એલાન થાય તે પહેલાં કોંગ્રેસે ચૂંટણીઓની તૈયારીઓ આરંભી દીધી છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં છેલ્લા પંદર વર્ષથી કોંગ્રેસ સત્તાથી દૂર રહી છે તેમ છતાંય ચૂંટણી લડવા કોંગ્રેસના દાવેદારોનો જાણે રાફડો ફાટયો છે. મ્યુનિ. કોર્પોરેશનની ચૂંટણી લડવા કોંગ્રેસના બે હજાર દાવેદારોએ શહેર કોંગ્રેસ સમિતીએ બાયોડેટા મોકલ્યાં છે. ઉતરાયણ બાદ ગુજરાતમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓનું એલાન થઈ શકે તેવી શક્યતા છે. આ જોતાં કોંગ્રેસે ચૂંટણીના મેદાને ઉતારવા મૂરતિયાઓની શોધખોળ શરૂ કરી છે. સોમવારે શહેર કોંગ્રેસે દાવેદારોને સાંભળવાની પ્રક્રિયા હાથ ધરી હતી. અત્યાર સુધી શહેર કોંગ્રેસને બે હજાર દાવેદારોના બાયોડેટા મળ્યાં છે. આ વખતે જમાલપુર,ખાડિયા, મકતમપુરા, સરખેજ, દરિયાપુર, શાહપુર, ગોમતીપુર, સરસપુર, બહેરામપુરા રખિયાલ સહિત કોંગ્રેસ પ્રભુત્વ ધરાવતાં વિસ્તારોમાં દાવેદારોની સંખ્યા વધુ છે. જયારે નવરંગપુરા, પાલડી , બોડકદેવ, વાસણામાં દાવેદારોની સંખ્યા પ્રમાણમાં ઓછી છે. પ્રથમ તબક્કામાં ૧૫૦૦ દાવેદારોની યાદી તૈયાર કરાઈ છે જેમાંથી સ્ક્રૂટિની કરીને પેનલ બનાવાશે. સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં કોંગ્રેસે શહેરોમાં પ્રભુત્વ જમાવવા ધ્યાન કેન્દ્રીત કર્યુ છે પરિણામે કોંગ્રેસે ઉમેદવાર નક્કી કરવા ચોક્કસ નિયમો ઘડયા છે.

ચૂંટણી સમયે AIMIM ગુજરાતમાં, કોંગ્રેસના નેતાઓમાં ફફડાટ

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ ટાણે ઔવેસીની પાર્ટી એઆઈ-એમઆઈએમ ગુજરાતમાં એન્ટ્રી કરી શકે છે, આ સ્થિતિમાં રવિવારે સાંજે ઔવેસીની પાર્ટીના ઔરંગાબાદના સાંસદ ઈમ્તિયાઝ જલીલ અને ભાયખલાના પૂર્વ ધારાસભ્ય વારિસ પઠાણ અમદાવાદ સર્કિટ હાઉસ ખાતે આવી પહોંચ્યા હતા. એમઆઈએમના આ બે પ્રતિનિધિઓને મળવા શહેર-જિલ્લાના વિવિધ આગેવાનો દોડી ગયા હતા. ભાવનગરના દલિત આગેવાનોએ પણ એમઆઈએમમાં જોડાવા માટે ઈચ્છા વ્યક્ત કરી હતી. ઔવેસીની પાર્ટીની સંભવિત એન્ટ્રીને પગલે ગુજરાત કોંગ્રેસના મુસ્લિમ આગેવાનોમાં દોડધામ મચી ગઈ છે. ઓલ ઈન્ડિયા મજલિસે ઈત્તેહાદુલ મુસ્લેમીન પાર્ટીના પ્રતિનિધિઓએ જણાવ્યું હતું કે, અમે ચાર દિવસના ગુજરાત પ્રવાસે આવ્યા છીએ.

અમકાવાદમાં વોર્ડ દીઠ ૧૮થી ૪૦ દાવેદારો

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના પડઘમ વાગવાની તૈયારી છે ત્યારે અમદાવાદ શહેરમાં ચૂંટણી લડવા માગતા ઉમેદવારોનો કોંગ્રેસમાં રાફડો ફાટયો છે, એક વોર્ડ દીઠ ૧૮થી ૪૦ જેટલા ઉમેદવારોના બાયોડેટા આવ્યા છે, ઉમેદવારોને સાંભળવાની પ્રક્રિયા પાલડી સ્થિત પ્રદેશ કોંગ્રેસ કાર્યાલયે બે દિવસથી ચાલી રહી છે, જે ૧૩મી જાન્યુઆરીના બુધવારે પૂર્ણ થઈ હતી. પ્રદેશ કોંગ્રેસના આગેવાનો અલગ અલગ ચાર ઝોન પાડીને કવાયત કરી રહ્યા છે.

અનોખી કથાઃ શ્લોક સુરતમાં બોલાયા અને પુજા કેનેડામાં ગુજરાતી પરિવારના ઘરે થઈ

સુરતઃ પાલ ગૌરવ પથ રોડ વિસ્તારના ગૌર બ્રાહ્મણ દેવાંગ હરિહરભાઈ વ્યાસ દ્વારા તાજેતરમાં આ અનોખી ઓનલાઈન કથા કરવામાં આવી હતી. આ અંગે તેમણે કહ્યું કે, લોકડાઉનથી સામાજિક શૈલી બદલાઈ છે. ઓનલાઈન પૂજાનો નવો અધ્યાય શરૂ થયો છે. મૂળ સુરતના વતની અને છેલ્લા પાંચ વર્ષથી કેનેડામાં રહેતા યજમાન હિરેન અનાજવાલાએ બ્રેન્ટોન સિટીમાં નવું ઘર ખરીદ્યું છે. ગૃહપ્રવેશ નિમિત્તે સૌથી પહેલા સત્ય નારાયણ દેવની પૂજા કરાવવા તેમને અદમ્ય ઇચ્છા વ્યક્ત કરી હતી.

સુરતમાં રહેતા તેમના પરિવાર સાથે ટેલિફોનિક ચર્ચા કર્યા બાદ ઓનલાઈન કથા યોજવાનું આયોજન નક્કી કરાયું હતું. તારીખ અને સમય નક્કી થયા બાદ બેથી અઢી કલાક સુધી સત્ય નારાયણ ભગવાનની ઓનલાઈન પૂજા કરાવાઈ હતી. કેનેડાના સમય મુજબ સવારે નવ કલાકે તો ભારતીય સમય પ્રમાણે રાતે આઠ વાગ્યે પૂજા શરૂ થઈ હતી.

કથા પૂર્ણ થયા બાદ બ્રાહ્મણને દક્ષિણા આપવામાં આવે છે. આ ઓનલાઈન કથા પૂર્ણ થયા બાદ મહારાજને દક્ષિણ પણ શ્રધ્ધાભેર અપાઇ હતી.ઓનલાઈન દક્ષિણા આપવામાં આવી હોવાનું મહારાજ દેવાંગ વ્યાસે જણાવ્યું હતું. આ અગાઉ ભારતમાં જાહેર થયેલા લોકડાઉન દરમિયાન મે મહિનામાં પણ યુએસ ખાતે ઓનલાઈન સત્યનારાયણ દેવની પૂજાનું આયોજન કરવામાં આવ્યું હોવાનું તેમણે ઉમેર્યું હતું.

સુરતમાં કેન્દ્રીય કાપડમંત્રી ઈરાનીના હસ્તે સિટેક્ષ એક્સ્પો-૨૧નું ઉદ્ઘાટન

સુરત સરસાણા ખાતે સિટેક્ષ એક્સપોનું આયોજન હાથ ધરવામાં આવ્યું હતું. જેનું ઉદઘાટન કેન્દ્રીય કાપડમંત્રી સ્મૃતિ ઈરાની દ્વારા કરવામાં આવ્યું હતું. આ વચ્ચે સ્મૃતિ ઈરાનીએ એક્સપોના વક્તવ્યમાં એક સ્ટોલ ધારકના વખાણ કર્યા હતા. આ વખાણ મૂળ મહારાષ્ટ્રના અને છેલ્લા ૧૨ વર્ષથી સુરતમાં રહેતા ચંદ્રકાંત પાટીલના કર્યા હતા.

ચંદ્રકાંત પાટીલએ ધો ૧૦ સુધી અભ્યાસ કર્યો છે. તેઓ લુમ્સના કારખાનામાં મજૂરી કામ કરી પોતાના પરિવારજનોનું ગુજરાન ચલાવતા હતા. દરમિયાન **lockdown** ના કારણે તેઓ બેકારીનું જીવન ગુજારતા હતા. **Lockdown** માં ઘરે બેસી રહી ચંદ્રકાંતભાઈ પોતાની હુન્નર બતાવ્યું હતું. તેમના દ્વારા બે મહિનાની મહેનતના અંતે એક કાપડનું મશીન બનાવવામાં આવ્યું હતું. મેક ઇન ઇન્ડિયાનો કોન્સેપ્ટ ઉપયોગ કરી તેમને સુરતના અલગ-અલગ વિભાગમાંથી મશીનને લગતા **tools** મંગાવ્યા હતા.

Youtube પરથી વિડીયો જોઈને તેઓએ આ મશીન બનાવ્યું હતું. અંદાજિત ૨૦૦ થી વધુ વાર **youtube** પર વિડિયો પ્લે કરી મશીન બનાવવાનો પ્રયાસ કર્યો હતો.

કંબોડિયામાં તબેલામાં લાગી ભીષણ આગ, ગાય સહિત ૧૭ પશુના મોત

ભરૂચઃ નેત્રંગ તાલુકાના કંબોડિયા ગામે ખેડૂત અને પશુપાલક રામભાઈ રાખોલીયાના ગાયોના તબેલામાં બપોરના સમયે આકસ્મિક આગ લાગી હતી. તબેલામાં અગમ્ય કારણોસર ભીષણ આગ લાગતા ૧૭થી વધું દુધાળા પશુઓના મોત નિપજ્યા છે. જણાવી દઈએ કે, આખા નેત્રંગ તાલુકામાં ફાયર સ્ટેશન ન હોવાથી આ ગંભીર ઘટના બની હતી. જો આ તાલુકામાં ફાયર સ્ટેશનની વ્યવસ્થા હોત તો કદાચ આ ઘટનામાં આટલી જાનહાની થઇ ન હોત.

તબેલામાં આગ લાગતા ગ્રામજનો દોડી આવ્યા હતા અને આગ પર કાબુ મેળવા ખુબ જ પ્રયાસ કર્યો હતો. લોકોએ તબેલામાં આગ લાગતા માટી તેમજ પાણીનો છંટકાવ કર્યો હતો પરંતુ આગ કાબૂમાં આવી ન હતી અને આગમાં ૧૭ અબોલા પશુઓના મોત નિપજ્યા હતા.

કંબોડિયા ગામે ખેડૂત અને પશુપાલક રામભાઈ રાખોલીયાના ગાયોના તબાલમાં આગ લાગતા આખો તબેલો બળીને ખાખ થઈ ગયો હતો. ઉલ્લેખનિય છે કે, નેત્રંગ તાલુકામાં ફાયર સ્ટેશન ઉભું કરવા લોકો અગાઉ પણ માંગ કરી ચૂક્યા છે. કંબોડિયા ગામમાં પશુપાલક રામભાઈ રાખોલીયાના ગાયોના તબેલામાં બાંધેલા ૨૮ નાની મોટી ગાય અને ૧૧ વાછરડા પૈકી બળી જવાથી ૧૭થી વધુ દુધાળા પશુઓના મોત હતા.

સુરતમાં 'સાઈલન્ટ' એરપોર્ટ બનશે, પ્રવાસીને SMSથી અપાશે માહિતી

સુરતઃ દેશના મેટ્રો સિટીઝના એરપોર્ટ પર અમલી સાયલન્ટ એરપોર્ટ મુજબની કાર્યશૈલી સુરત એરપોર્ટ પર પણ કાર્યરત કરવાની દિશામાં નિર્ણય કરવામાં આવ્યો છે. ૧૫ જાન્યુઆરીથી સુરત એરપોર્ટ સાયલન્ટ એરપોર્ટ તરીકે કાર્યરત થશે.

સુરત એરપોર્ટ ડિરેકટર અમન સૈનીના જણાવ્યા મુજબ, હાલમાં દેશના મુંબઈ, દિલ્હી, ચેન્નાઇ જેવા એરપોર્ટ પર સાયલન્ટ એરપોર્ટ તરીકેને પોલીસી અમલી છે. જ્યાં તાકીદની વિગતો જ એનાઉન્સ કરવામાં આવે છે. જ્યારે અન્ય પ્રાથમિક વિગતો સંદેશા દ્વારા મોકલવામાં આવે છે.

આ પ્રકારની સિસ્ટમ સુરત એરપોર્ટ પર અમલી બનાવવાની દિશામાં પણ નિર્ણય કરવામાં આવ્યો છે. તાજેતરમાં સુરત એરપોર્ટ ઓથોરિટી તથા એરલાઈન્સ કંપનીના અધિકારીઓ વચ્ચે બેઠક થઈ હતી. જે બેઠકમાં સુરત એરપોર્ટને સાયલન્ટ એરપોર્ટ તરીકે કાર્યરત કરવાનુ નક્કી કરવામાં આવ્યું હતું. એરપોર્ટ તંત્ર મુજબ, એરલાઈન કંપનીઓ દ્વારા મુસાફરોને વિવિધ વિગતો મેસેજીસ દ્વારા મોકલવામાં આવશે. સુરતથી બે નવા શહેરો માટે ફલાઈટ મળી છે. સ્પાઈસ જેટ દ્વારા સુરત- કોલકાતા ફલાઈટ સાથે પટણા અને બનારસની કનેક્ટિવિટી આપી છે. સપ્તાહમાં ત્રણ દિવસ મંગળવાર, ગુરૂવાર અને શનિવારના રોજ પટણા તથા સોમવાર- બુધવાર- શુક્રવાર અને રવિવારના રોજ બનારસની ફલાઈટ ઓપરેટ થશે. આ ફલાઈટ સુરત-પટણા-કોલકાત્તા- સુરત તથા સુરત-બનારસ- કોલકાત્તા- સુરત રૂટ પર ઓપરેટ થશે. ૧૨ જાન્યુઆરીથી પટણા માટે પ્રથમ ફલાઈટ ઉડાન ભરી હતી.

DHAMMA TORANA

ONTARIO VIPASSANA CENTRE

Shri S.N. Goenka

Sayagyi U Ba Khin

Vipassana Meditation as taught by S.N.Goenka in the tradition of Sayagi U Ba Khin

Ontario Vipassana Centre, 6486 Simcoe County Road 56, Egbert, Ontario, L0L 1N0, Canada

CONTACT US

GENERAL +1705-434-9850 (info@torana.dhamma.org)

REGISTRATION +1705-434-9850 (registration@torana.dhamma.org)

www.torana.dhamma.org

CANADIAN CENTRES : Dhamma Suttama (QC), Dhamma Surabhi (BC), Dhamma Modana (BC), Dhamma Karuna (AB)

કોણ ભાગ લઈ શકે ?

વિપશ્યના બૌદ્ધ પરંપરામાં સુરક્ષિત રહી હોવા છતાં એમાં કોઈ સાંપ્રદાયિક તત્વ નથી. કોઈ પણ પૃષ્ઠભૂમિની વ્યક્તિ એને અપનાવી શકે છે અને એનો લાભ લઈ શકે છે. વિપશ્યનાની શિબિર એવા લોકો માટે છે કે જે ઈમાનદારીપૂર્વક આ વિધિ શીખવાની ઈચ્છા ધરાવે છે. એમાં કુળ, જાતિ, ધર્મ અથવા રાષ્ટ્રીયતા આડે આવતા નથી. હિન્દુ, મુસ્લિમ, જૈન, શીખ, પારસી, યહૂદી, બૌધ્ધ સૌ કોઈ વિપશ્યના શિબિરોમાં સહજ રીતે જોડાઈ રહેલ છે. સામાન્ય માનવી માત્રથી આ સમન્વયની ભાવના અટકતી નથી. હિન્દુ મહંતો, જૈન મુનિઓ અને સાધ્વીજીઓ, બૌધ્ધ ભિક્ષુઓ, ખ્રિસ્તી પાદરીઓ એમ દરેક પરંપરાના ધર્મ ગુરુઓ આ સાધનામાં સંમિલિત થઈ રહ્યા

ઓન્ટેરિયો વિપશ્યના સેન્ટરમાં કઈ કઈ શિબિરોનું આયોજન થાય છે ?

અહીં મહીલા તથા પુરુષ સાધકો માટે ૧૦ દિવસની ધ્યાન શિબિરોનું અવિરત આયોજન થતું હોય છે. ૮ થી ૧૭ વર્ષ સુધીના બાળકો માટે પણ ૧-૧ દિવસની શિબિર યોજાઈ છે. જેમણે વિપશ્યના સાધના હજુ સુધી બિલકુલ કરેલ જ નથી તેવા લોકો પણ આનાપાનની સાધના સમજે, શીખે, અને દરરોજ ઘેર જઈ સાધના કરે તેનુ માર્ગદર્શન પણ આપવામાં આવે છે.

વિપશ્યના શું છે?

વિપશ્યના ભારતની એક અત્યંત પુરાતન સાધના વિધિ છે. વિપશ્યનાનો અર્થ થાય છે કે જે જેવું છે એને ઠીક એવી રીતે જ સ્વયંમએ અનુભવવું. વિપશ્યના આત્મનિરીક્ષણ દ્વારા આત્મશુદ્ધિની અત્યંત પુરાતન સાધના વિધિ છે. જે જેવું છે, એને ઠીક એવી જ રીતે સ્વાનુભવના આધાર પર સમજવું એ વિપશ્યના છે. લગભગ ૨૫૦૦ વર્ષ પૂર્વે ભારતમાં આ પધ્ધતિ એક સાર્વજનીન રોગના સાર્વજનીન ઉપાય અર્થાત જીવન જીવવાની કળાના રૂપમાં શીખવવામાં આવતી હતી. પોતાના નૈસર્ગિક શ્વાસના નિરીક્ષણથી આરંભ કરીને, પોતાના શરીર અને ચિત્તધારા પર પળે પળ નિમિત્તક પરિવર્તનશીલ ઘટનાઓનું તટસ્થભાવે નિરીક્ષણ કરતા કરતા સાધક અનિત્ય, દુઃખ અને અનાત્મના સાર્વત્રિક સત્યો પ્રત્યક્ષ અનુભવે છે. ચિત્ત-વિશોધન અને સદગુણ-વર્ધનનો આ અભ્યાસ સાધકને કોઈ સાંપ્રદાયિક આલંબનોમાં બાંધતો નથી. આ કારણસર વિપશ્યના સાધના સર્વગ્રાહ્ય છે, કોઈ ભેદભાવ વિના બધાજ માટે સમાનરુપે કલ્યાણકારીણી છે. આ સાધના-વિધિનો ઉદેશ્ય વિકારોનું સંપૂર્ણ નિર્મૂલન અને પરમ વિમુક્તિની અવસ્થા સુધી પહોંચાડવાનો છે.

વિપશ્યનાના લાભો

વિપશ્યનાનો નિયમિત અભ્યાસ કરનાર સાધક માનસિક વિકારો જેવાકે ક્રોધ, ડર, ચિંતા, લોભ, વ્યાકુળતા વિગેરેમાં થી ક્રમશ : મુક્તિ મેળવે છે. તેમજ તે માનસિક તણાવો અને બેચેનીથી મુક્તિ મેળવી અને મનની વાસ્તવિક શાંતિ પ્રાપ્ત કરે છે. તે વર્તમાન પ્રત્યેની જાગૃતિ કેળવી અને મન પર નિયંત્રણ મેળવી ચારિત્રના નિર્માણ સાથે આત્મમંગલ કરતા સર્વ મંગલની ભાવના કેળવે છે. વિપશ્યનાનો નિયમિત અભ્યાસ કરનાર બીજાના દુઃખો પ્રતિ અધિક સંવેદનશીલ થતા હોય છે. તદુપરાંત વ્યાકુળતા વગર મૈત્રી, કરૂણા અને સમતા સભર ચિત્તથી બીજાના દુઃખોને દુર કરવા દરેક રીતે પ્રયત્નશીલ બનતા હોય છે. એમનામાં એક પવિત્ર તટસ્થતા આવતી હોય છે, કે જેથી કરીને તેઓ મનનું સંતુલન ગુમાવ્યા વગર બીજાની મદદ કરવામાં પૂર્ણરૂપે વચનબધ્ધ બની રહે છે.

કોવિડ-૧૯ના કારણે ૬ જાન્યુઆરીથી ૨૮ ફેબ્રુઆરી સુધીના તમામ કાર્યક્રમો રદ કરવામાં આવ્યા છે.

એગ્બર્ટમાં વિવિધ શિબિરનું આયોજન

૨૮ ફેબ્રુઆરી થી ૩ માર્ચ એગ્બર્ડ ખાતે

રજિસ્ટ્રેશન માટે (registration@torana.dhamma.org) પર સંપર્ક કરો

વિપશ્યના શિબિરમાં આવનાર દરેક સાધકનો રહેવાનો, ખાવા-પીવાનો કે સાધના શીખવાનો કોઈ ચાર્જ લેવામાં આવતો નથી. વિશ્વભરની બધી વિપશ્યના શિબિરો જૂના સાધકોના સ્વેચ્છાથી અપાયેલા દાનથી ચાલતી હોય છે.

તંબોલી કાસ્ટિંગ કંપનીના ડાયરેકટર સામે યુવતી સાથે અડપલાનો આરોપ

ભાવનગર: મૂળ વેનઝુએલાની યુવતી તેમજ તેમના વકીલે શનિવારે આ વિશે યોજેલી પત્રકાર પરિષદમાં રજૂ કરાયેલી વિગતો મુજબ ભાવનગરની તંબોલી કાસ્ટિંગ કંપનીમાં તેણી ૬ વર્ષથી સિનિયર માર્કેટિંગ એન્જીનીયર તરીકે ફરજ બજાવે છે. તેની સાથે કંપનીના ડાયરેકટર વૈભવ તંબોલીએ શારીરિક છેડછાડ કરી છે. ઘટના બાદ તે વિશે ભાવનગર પોલીસને રજુઆત કરવામાં આવી હતી. આમ છતાં કોઈ પગલાં લેવાયા ન હતા. વર્ષ ૨૦૧૪માં આ યુવતી ૬ મહિનાની ઈન્ટર્નશીપ માટે વેનેગ્યુલાથી ભાવનગર આવી હતી. અહીં તંબોલી કાસ્ટીંગમાં તમામ પ્રકારની સુવિધા કંપની તરફથી પુરી પાડવામાં આવી હતી. દરમિયાન ૨૭-૦૮-૨૦૨૦ના રોજ કંપનીના ડાયરેકટર વૈભવ તંબોલીએ તેને પોતાની ચેમ્બરમાં બોલાવી યુવતીની મરજી વિરુદ્ધ શારીરિક અડપલાં કરવાની કોશિશ કરી હતી. જેનાથી યુવતી ડરીને ચેમ્બરમાંથી રડતી-રડતી બહાર નીકળી ગઈ હતી અને પોતાના ઘરે જતી રહી હતી.

યુવતીએ આ બનાવની જાણ પોતાની માતાને મેઈલ દ્વારા કરી હતી. ત્યારબાદ તેણી માનસિક તણાવમાં આવી જતા તબીબી સારવાર લેવાની નોબત આવી હતી. આ યુવતી છેલ્લા ૬ વર્ષથી તંબોલી કાસ્ટિંગમાં જોબ કરે છે. યુવતીના વકીલે પત્રકાર પરિષદમાં કંપનીના ડાયરેકટર પર આક્ષેપ મુક્યો હતો કે, યુવતીએ વારંવાર ભાવનગર પોલીસને રજુઆત કરી છે. આમ છતાં પોલીસે અરજી સુદ્ધા સ્વીકારી નથી. આથી યુવતીએ ના છૂટકે ગાંધીનગર સીઆઈડી ક્રાઈમમાં ઓનલાઈન અરજી કરી હતી. ઘટના બાદ યુવતીને હેરાન કરવામાં આવી રહી હતી.

પુત્ર પ્રાપ્તિની વિધિ કરવાનું કહી ઢોંગીએ પરિણીતાને નગ્ન કરી

સાવરકુંડલા: સાવરકુંડલામાં રહેતી એક પરિણીતાએ પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદ મુજબ શહેરમાં રહેતો એક ઢોંગી સમાજનો જ્ઞાતિનો ધર્મગુરુ હોય ૨૪ વર્ષીય મહિલા અને તેના પરિવારના લોકો પણ તેને ગુરુ માનતા હતા. આરોપી પુત્ર પ્રાપ્તિની વિધિ કરી આપવાના બહાને તેના ઘરે બોલાવતો હતો અને ગુપ્ત રીતે વિધિ કરવા માટે પોતાના ઘરમાં બોલાવી પરિણીતાને નગ્ન થવાની ફરજ પાડતો હતો. અને બાદમાં તેના પર બળજબરી કરી બળાત્કાર ગુજારતો હતો. આ રીતે આરોપીએ યુવતી પર બે બે વખત ધાર્મિક વિધિના નામે બળાત્કાર ગુજાર્યો હતો અને બળજબરીથી પોતાની વાસના સંતોષી હતી.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા રૂપિયા ૪ કરોડના ટ્રાન્ઝિટ હાઉસનું લોકાર્પણ

- મુખ્યમંત્રીએ વીડિયો કોન્ફરન્સની મદદથી યુવાનોને ઉદ્‌બોધન કર્યું

રાજકોટ: સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા આજરોજ સ્વામી વિવેકાનંદજીની જન્મજયંતિ નિમિત્તે રાજ્યના મુખ્યમંત્રીના હાથે રૂપિયા ૪ કરોડના ખર્ચે નવનિર્મિત ટ્રાન્ઝિટ હાઉસનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. તદુપરાંત પાંડુરંગ શાસ્ત્રીજી દ્વારા પ્રેરિત ગર્લ્સ હોસ્ટેલમાં વાંચના લઈને પણ ખુલ્લું મુકવામાં આવ્યું હતું.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કેમ્પસ ખાતે યોજવામાં આવેલા એક કાર્યક્રમ દરમિયાન રાજ્યના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ યુનિવર્સિટીની જુદી-જુદી કોલેજો સાથે સંલગ્ન ૨૫ હજારથી વધુ વિદ્યાર્થીઓ સાથે રાષ્ટ્રીય પ્રતિબદ્ધતાના વિષય ઉપર યુવાનોને પ્રાસંગિક ઉદબોધન કર્યું હતું આ પ્રસંગે તેમણે જણાવ્યું હતું કે આજના યુવાનોને આવતીકાલનો નાગરિક છે. શિક્ષણ થકી જ યુવાનો માં રાષ્ટ્રીય પ્રતિબદ્ધતા બીપી કેળવી શકાય છે તેમ જણાવી તેઓએ યુવાનોને રાષ્ટ્રીય અને સમાજ પ્રત્યે પ્રતિબદ્ધ બનાવવાનો અનુરોધ કર્યો હતો. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં આયોજિત આ કાર્યક્રમમાં મુખ્યમંત્રીના હાથે અને વાંચનાલયનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

કોવિડ-૧૯ની રસી પહોંચાડવામાં ગુજરાતી પાયલટે આપ્યું યોગદાન

રાજકોટ: રાજકોટની પ્રથમ મહિલા પાયલોટ કેપ્ટન નિધિ બિપીનભાઈ અઢીયાએ ગુજરાતને ગૌરવ અપાવ્યું છે. આખા દેશમાં આજથી કોરોનાની વેક્સિન પહોંચાડાઈ રહી છે. ત્યારે આજે રાજકોટની દીકરી નિધિ અઢીયાએ આજે પુનાથી હૈદરાબાદ સુધી પ્રથમ કોરોના વેક્સિનનો જથ્થો પહોંચાડ્યો હતો. નિધી પહેલા પેસેન્જર પ્લેન ચલાવતી હતી. સોમવારે દિલ્હીથી કાર્ગો પ્લેન લઈને પુના ગઈ હતી. પુનાથી વેક્સિનનો જથ્થો લઈ હૈદરાબાદ પહોંચી હતી. ભારતમાં જ બનેલી કોરોના વેક્સિનનો જથ્થો હૈદરાબાદ પહોંચાડી ગુજરાતનું ગૌરવ વધાર્યું છે. કેપ્ટન નિધિ અઢિયાએ ગુજરાતનું ગૌરવ વધાર્યું છે. નિધિના પિતા બિપિન અઢિયાએ મીડિયા સમક્ષ જણાવ્યું હતું કે,''મારી દીકરી આજે પુનાથી હૈદરાબાદ કોરોના વેક્સિન લઈને આવી હતી. જેથી આજે મારી ખુશીનો પાર નથી, નિધી અમારૂ રતન છે, નિધિના પિતા તરીકે ગૌરવ અનુભવી રહ્યો છું.'' ઉલ્લેખનિય છે કે, નિધિના પિતા બિપિનભાઈ અઢિયા મનપાના પૂર્વ સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન રહી ચૂક્યા છે, તેમજ તેમના ધર્મપત્ની માલતીબેન અઢીયા કે જેઓ કરોડપતિ એજન્ટ બની ચૂક્યા છે.

સોમનાથ મંદિર ટ્રસ્ટની વર્ચ્યુઅલી બેઠક મોકૂફ

સોમનાથ: સોમનાથ મંદિર ટ્રસ્ટની વર્ચ્યુઅલી બેઠક મોકૂફ રાખવામાં આવી છે. સોમનાથ મંદિર ટ્રસ્ટની વર્ચ્યૂઅલી નવા અધ્યક્ષની નિમણૂંક સહિતના મુદ્દે યોજાવાની હતી. જેમાં સોમનાથ ટ્રસ્ટના નવા ચેરમેનની પંસદગી કરવા માટે વડાપ્રધાન, ગૃહપ્રધાનની ઉપસ્થિતિમાં સોમનાથ ટ્રસ્ટની બેઠક યોજાવાની હતી. પરંતુ આ બેઠક કેન્સલ કરી દેવાઈ છે. આ બેઠકમાં કેશુભાઈ પટેલના નિધનથી ખાલી સોમનાથ ટ્રસ્ટના ચેરમેનપદની જગ્યાએ નવા ચેરમેનનની પંસદગી કરવામાં આવનારી હતી. ટ્રસ્ટની બેઠકમાં અડવાણી અને હર્ષવર્ધન નિવેટીયામાંથી કોઈ એકની ટ્રસ્ટના ચેરમેન તરીકે પસંદગી કરવામાં આવી શકવાની સંભાવના હતી.

ઓનલાઈન મૂરતિયો શોધવાના ચક્કરમાં જામનગરની યુવતીએ ૩૬ લાખ ગુમાવ્યાં

જામનગર: જામનગરની એક યુવતીએ વેવિશાળની એક વેબસાઈટ પર પોતાનો બાયોડેટા મૂક્યો હતો. તે આ વેબસાઈટ પરથી જ પોતાનો જીવનસાથી પસંદ કરવા માંગતી હતી. જો કે, તે પછી વેબસાઈટમાં દર્શાયેલા તેના નંબર પર અજાણ્યા શખ્સે કોલ કર્યો હતો. આ શખ્સે તે યુવતીને મેરેજ માટે પ્રપોઝલ મુકી હતી. વાત ધીમે ધીમે આગળ વધી તો યુવકે યુવતીને ગીફ્ટનું પાર્સલ મોકલ્યું હોવાનો સંદેશો આપ્યો હતો.

જો કે, આ માટે યુવક સાથેની એક યુવતીએ પાર્સલ છોડાવવા માટે રૂ. ૨૦ હજાર ભરવાનું કહ્યા બાદ તબક્કાવાર રીતે છત્રીસ લાખ પડાવી લીધા હતા. મોડે મોડે તે યુવતીને પોતે છેતરાયા હોવાનો અહેસાસ થયો હતો. તેથી તેણીએ આ બાબતની જાણ પોલીસને કરતા જામનગર સાયબર ક્રાઈમ સેલે તપાસ શરૂ કરી હતી. જેમાં દિલ્હીમાં રહેતા નાઈજીરીયાના શખ્સની સંડોવણી બહાર આવતા પોલીસે તે યુવક તથા તેની સાથેની સાગરિત યુવતીને દબોચી લીધી હતી. ઠગાઈનો ભોગ બનેલી યુવતી જામનગરમાં રહે છે અને શિક્ષણના વ્યવસાય સાથે સંકળાયેલી છે.

ફરિયાદને આધારે પોલીસે કાર્યવાહી કરતા હાલ યુવક અને તેની સાગરિતની ધરપકડ કરી લીધી છે. તપાસમાં જામનગરની સાયબર સેલના પીઆઈના વડપણ હેઠળ સ્ટાફે ટેકનીકલ પદ્ધતિથી ચકાસણી કરતા જે નંબર પરથી કોલ આવતા હતાં. તેનું લોકેશન નવી દિલ્હીમાં નીકળ્યું હતું. જેના પગલે તેઓ દિલ્હી દોડી ગયા હતાં. જયાં દ્વારકામાંથી નાઈજીરીયા દેશનો જહોન ચીબુઝોર તથા દિલ્હીની સવિતા ઈરપ્પા વાલેકર નામની મહિલા મળી આવ્યા હતાં.

ચાર મહાકુંભ બે અર્ધકુંભ મેળાની માહિતી

હિન્દુ ધર્મ પ્રમાણે દર "૧૨" વર્ષે જે તે જગોએ મુખ્ય મહાકુંભ આવતો હોવાથી આવા "૪" મહાકુંભ દર ત્રણ વર્ષે આવે છે. સૂર્ય અને ગુરૂ ગ્રહની કથોળકીય ગોચર ભ્રમણને કારણે કુંભ અને સ્નાનનો મહીમાં ધર્મમાં દર્શાવેલ છે. આ કુંભ (૧) હરિદ્વાર (૨) પ્રયાગ રાજ (૩) ઊજ્જૈન (૪) નાસિકમાં આવતા કુંભને મહાકુંભ (મોટો) તરીકે ઓળખાય છે.

(૧) હરિદ્વાર મહાકુંભ :- જ્યારે મેષ રાશિ સંક્રાંતિ અને ગૌચરનો ગુરૂ કુંભ રાશિમાં આવવાથી કુંભ મેળાની શરૂઆત થાય અને એક માસ સુધી ચાલે છે આજ સ્થાને અર્ધ કુંભ મેળો જ્યારે મેષ રાશિમાં સૂર્ય આવે અને ગોચરનો ગુરૂ સિંહ રાશિમાં હોય ત્યારે આવે છે.

(૨) પ્રયાગરાજ કુંભ મેળો :- જ્યારે મકર રાશિમાં ગૌચરનો સૂર્ય અને ગુરૂ વૃષભ રાશિમાં ભેગા થાય ત્યારે મહાકુંભ આવે તથા વૃશ્ચિક રાશિમાં ગુરૂ હોય અને સૂર્ય મેષ રાશિમાં આવે ત્યારે અર્ધકુંભ મેળો આવતો હોય છે ચૈત્ર માસની બીજ તિથિ તા. ૧૪-૪-૨૦૨૧ને બુધવારને સવારે સૂર્ય ઊદયથી ૧૨-૪૦ મિનિટ સુધી સંક્રાંતિનો પૂર્ણ્યકાલ હોવાથી શાહિ સ્નાન માટે ઊત્તમ સમય છે. જે પાંચ કલાક સુધી ચાલશે.

(૩) ઊજ્જૈન મહાકુંભ મેળો :- જ્યારે સિંહ રાશિમાં ગુરૂ હોય અને મેષ રાશિમાં સૂર્ય હોય ત્યારે મહાકુંભ આવે વૈશાખ માસની પૂનમ તા. ૨૬-૫-૨૦૨૧ને દિવસે શાહી સ્નાન કરવામાં આવે છે.

આ દિવસે વૃશ્ચિક રાશિમાં થનાર ખગ્રાસ ચંદ્રગ્રહણ ભારતના પૂર્વીય ભાગમાં આંશિક દેખાશે ભારતીય સમય મુજબ બપોરે ૩ કલાક અને ૧૪ મિનિટ શરૂ થશે અને એજ સાંજે ૬ કલાક ૨૦ મિનિટે પૂર્ણ થશે ગ્રહણ પહેલા અને ગ્રહણ પછી સ્નાન પૂણ્ય તર્પણ દાન વિગેરે કરવાથી પૂર્ણ્યની પ્રાપ્તિ થાય છે.

નાશિક મહાકુંભ મેળો :- જ્યારે ગુરૂ- સૂર્ય- ચંદ્ર આ ત્રણેય ગ્રહો સિંહ રાશિમાં અંશાત્મક યુતિ કરે તે દિવસે અમાસ હોવાથી સિંહસ્થ મહાકુંભની શરૂઆત થાય છે.

શાહી સ્નાન અને વધારાના સ્નાનની વિગતો

(૧) મહાવદ - ૧૩ ગુરૂવાર તારીખ ૧૧-૩-૨૦૨૧ મહા શિવરાત્રિ શાહી સ્નાન (પ્રથમ) છે. (૨) ફાગણ વદ અમાસ સોમવાર જે સોમવતી અમાવસ્યા તરીકે ઓળખાય છે તે તારીખ ૧૨-૦૪-૨૦૨૧ને દિવસે શાહી સ્નાન તથા ચૈત્ર સુદ એકમ મંગળવાર તા. ૧૩-૪-૨૦૨૧ને દિવસે નવું સંવત્સર શાલિવાહન ૧૯૪૩ની તેમજ ચૈત્રિ નવરાત્રિ કાલીકાની શરૂ થતી હોય વધારાના સ્નાનની શરૂઆત થાય છે. (૩) ચૈત્ર સુદ બીજને બુધવાર તા. ૧૪-૪-૨૦૨૧ મેષ સંક્રાંતિ પૂણ્ય કાલ હોવાથી સવારે સૂર્ય ઊદયથી કુંભ મેળાનું ત્રિજુ શાહી સ્નાનની શરૂઆત થશે. તા. ૨૧-૪-૨૦૨૧ને બુધવારે રામ નવમી આવતી હોવાથી વધારાનું સ્નાન કરી શકાશે. (૪) ચૈત્ર સુદ પૂર્ણિમાં (પૂનમ) મંગળવાર તા. ૨૭-૪-૨૦૨૧ને દિવસે કુંભ મેળાનું ચોથું શાહી સ્નાન કરી શકાશે.

આમ ચાર શાહી સ્નાન અને બે વધારાના સ્નાન આવતા હોય છે. આ સિવાય જુદા જુદા ધર્મની પ્રથા મુજબ અન્ય સ્નાનો કરી શકાય છે.

મહાકુંભ ભરાવાની ખગોળકીય માહિતી



મહાકુંભ :- (૧) હરિદ્વાર (૨) પ્રયાગરાજ (૩) ઊજ્જૈન (૪) નાસિકમાં કુંભ મેળો ભરાય છે. અર્ધ કુંભ :- (૧) હરિદ્વાર (૨) પ્રયાગ રાજ

મહાકુંભ તથા અર્ધ મહાકુંભ આકાશી ગુરૂગ્રહ અને સૂર્યગ્રહની રાશિ પરત્વે આવવાથી બનતા હોવાથી મહાકુંભ આવતા હોય છએ.



કુંભ મેળાનું ધાર્મિક મહત્વ પૌરાણીક કથા

જ્યારે સમુદ્ર મંથન થવાથી તેમાં અમૃત કળશ નિકળ્યો તેના માટે દેવ અને દાનવો વચ્ચે તેને પહેલા પ્રાપ્ત કરવાની ઈચ્છાથી કળશની ખેચા-ખેચી થઈ ત્યારે ઈન્દ્ર અને ઈન્દ્રાણીનો પુત્ર જયંત અમૃત કલશ લઈને આકાશ માર્ગે દોડવા લાગ્યો તે સમયે અમૃત છલકાયું અને તે જે સ્થાનો ઉપર પડ્યું તે સ્થાનો ઉપર મહાકુંભ અને અર્ધ કુંભ મેળાઓ ભરાય છે.

જ્યારે કુંભ મેળો ભરાય ત્યારે તે જગોએ સંતો, મહન્દો, બાવાઓના અખાઢા મુજબ સ્નાન કરવાનો ક્રમ હોય છે. લોકો સ્નાન, દાન, વિગેરે કરી પુણ્યની પ્રાપ્તિ કરે છે.

---------- : સંપર્ક સાધવા માટે : ----------
બીપીન જ્યોતિષી
૨૨, સંતરામનગર સોસાયટી, નાના કુંભનાથ રોડ, નડીયાદ-૩૮૭૦૦૧
જિલ્લો ખેડા - ગુજરાત ઈન્ડિયા. મોબાઈલ - 98790 87511
Time : 10.00 am to 6.00 pm

દેશભરમાં ૧૧ રાજ્યો બર્ડ ફ્લૂની ચપેટમાં, વધુ ૧૦૦૦ પક્ષીનાં મોત

નવી દિલ્હી : ઝારખંડ અને ઉત્તર પ્રદેશમાં પણ બર્ડ ફ્લુના કેસો સામે આવતા બર્ડ ફ્લુવાળા રાજ્યોની સંખ્યા વધીને ૧૨ થઇ ગઇ છે. આ દરમિયાન કેન્દ્ર સરકારે ટેસ્ટિંગ પ્રોટોકોલ અને પીપીઇ કીટનો પૂરતો જથ્થો રાખવા માટે એડવાઇઝરી જારી કરી છે. દરમિયાનમાં હિમાચલ સહિતના રાજ્યોમાં આજે કુલ એક હજાર પક્ષીનાં મૃત્યુ થયા હતા.

ઉત્તરાખંડમાં છેલ્લા કેટલાક દિવસોમાં ૩૦૦ પક્ષીઓના મોત થયા છે. જેમાં મોટા ભાગે કાગડાઓનો સમાવેશ થાય છે. મહારાષ્ટ્રના લાતુર જિલ્લામાં પક્ષીઓની કતલ કરવાના આદેશ આપવામાં આવ્યા છે. પક્ષીઓની કતલ માટે પીપીઇ કીટ જરૂરી હોય છે.

ઉલ્લેખનીય છે કે ગઇકાલ સુધીમાં દિલ્હી, મહારાષ્ટ્ર, ઉત્તરાખંડ, ઉત્તર પ્રદેશ, કેરળ, રાજસ્થાન, મધ્ય પ્રદેશ, હિમાચલ પ્રદેશ, હરિયાણા અને ગુજરાતમાં બર્ડ ફ્લુના કેસો સપાટી પર આવ્યા હતાં. મત્સ્ય, પશુપાલન અને ડેરી મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું છે કે રાજસ્થાનના ઝુનઝુનુ જિલ્લામાં મૃત્યુ પામેલા કાગડાઓમાં બર્ડ ફ્લુ વાઇરસ હોવાનું સપાટી પર આવ્યું છે.

ઉત્તર પ્રદેશના કાનપુરના ઝૂલોજિકલ પાર્કમાં મૃત્યુ પામેલા પક્ષીઓમાં પણ એવિઅન ઇન્ફ્લુએન્ઝા સ્ટ્રેન એચફાઇવએનવન જોવા મળી છે. મંત્રાલયના જણાવ્યા અનુસાર નેશનલ ઇન્સ્ટીટયૂટ ઓફ હાઇ સિક્યુરિટી એનિમલ ડિસીઝની ટીમે મધ્ય પ્રદેશના ઝાબુઆ જિલ્લામાંથી સેમ્પલ કલેક્ટ કર્યા હતાં. મુંબઇના પરા વિસ્તાર ચેમ્બુરમાં રવિવારે મૃત મળી આવેલા ૧૩ પક્ષીમાંથી બેના સેમ્પલ પોઝિટિવ આવતાં બીએમસીએ શહેરમાં બર્ડ ફ્લૂના પ્રસારની પુષ્ટિ કરી હતી.

૮૩ તેજસ વિમાન માટે ૪૮ હજાર કરોડ મંજૂર કરાયા

- ચીન-પાક. સાથે તંગદિલી વચ્ચે ભારતીય એરફોર્સ વધુ શક્તિશાળી બનશે

નવી દિલ્હી : ભારતીય એરફોર્સમાં ટુંક સમયમાં ૮૩ તેજસ વિમાન સામેલ થશે. યુદ્ધ વિમાન તેજસની ૪૮ હજાર કરોડની ડીલને કેબિનેટે મંજૂરી આપી દીધી છે. સંરક્ષણ પ્રધાન રાજનાથસિંહે આ ડીલ અંગે જાણકારી આપતા કહ્યું હતું કે આ ડીલ સંરક્ષણ ક્ષેત્રે ગેમચેંજર સાબીત થશે. જેમાં એંટીશિપ મિસાઇલ, બોમ્બ અને રોકેટ પણ લગાવી શકાય તેમ છે. તેજસ ૪૨ ટકા કાર્બન ફાઇબર, ૪૩ ટકા એલ્યૂમીનિયમ એલોય અને ટાઇટેનિયમથી બનાવવામાં આવ્યું છે. તેજસ સ્વદેશી ચોથી પેઢીના ટેલલેસ કંપાઉંડ ડેલ્ટા વિંગ વિમાન છે. આ વિમાન ચોથી પેઢીના જેટલા પણ વિમાન છે તેમાં સૌથી હલકા વજનનું અને કદમાં નાનુ છતા શક્તિશાળી છે. ઓછા વજન વાળા આ તેજસ વિમાનને ભારતીય એરફોર્સ દ્વારા પાકિસ્તાન સરહદે તૈનાત કરવામાં આવ્યા છે. રાજનાથસિંહે કહ્યું હતું કે હિંદુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ પહેલા જ પોતાના નાસિક અને બેંગાલુરુ ડિવીજનોમાં બીજી હરોળની નિર્માણ સુવિધા સ્થાપિત કરવામાં આવી છે.

બાબરી કેસ : આરોપીઓના છૂટકારા સામેની અપીલની સુનાવણી ફરી મુલતવી

લખનઉ : અલ્લાહાબાદ હાઇકોર્ટે બાબરી મસ્જિદ ધ્વંશ કેસમાં ભાજપના પીઢ નેતાઓ એલ.કે. અડવાણી અને ડો. મુરલી મનોહર જોષી સહિતના તમામ ૩૨ આરોપીઓના નિર્દોષ છૂટકારા સામે કરાયેલી અરજીની સુનાવણીને પખવાડિયા માટે મુલતવી રાખી છે.

કોર્ટની લખનૌ બેન્ચે અરજદારોએ એમની કેસ ફાઇલમાં રહેલી થોડી ક્ષતિઓને દૂર કરવા માટે સમય માગતા સુનાવણીને મોકુફ રાખી. ન્યાયમૂર્તિ રાકેશ શ્રીવાસ્તવની બેન્ચે સમક્ષ આ કેસની સુનાવણી થઇ રહી છે. અયોધ્યામાં વસતા હાજી મહમુદ અહમદ અને સઇદ અખલાક અહમદ નામના બે નાગરિકોએ કોર્ટને તા.૮ જાન્યુઆરીએ અરજી સુપરત કરી છે. બાબરી મસ્જિદ પગલાં સમિતિના સંયોજક ઝફરયાબ જિલાનિ અરજદારોના ધારાશાસ્ત્રી છે.

કોવિશીલ્ડ બાદ ભારત બાયોટેકની કોવેક્સિન ૧૧ શહેરોમાં પહોંચી ગઇ

- કોવિશીલ્ડ, કોવેક્સિનના ૭ કરોડ ડોઝની ખરીદવાની મંજૂરી અપાઇ

૧૬મી જાન્યુઆરીથી દેશભરમાં શરૂ થઇ રહેલા કોરોના રસીકરણ અભિયાન અંતર્ગત બુધવારે હૈદરાબાદ સ્થિત ભારત બાયોટેક દ્વારા તૈયાર કરાયેલી સ્વદેશી કોરોના રસી કોવેક્સિનના ડોઝ દેશના ૧૧ શહેરમાં પહોંચતા કરાયા હતા. જોકે ભારત બાયોટેક તરફથી ડોઝની સંખ્યા અંગે કોઇ સ્પષ્ટતા કરાઇ નહોતી. કોવેક્સિનના દરેક વાયલમાં રસીના ૨૦ ડોઝ છે. સાંજ સુધીમાં અન્ય શહેરોમાં પણ કોવેક્સિન રસી પહોંચી જશે. કેન્દ્ર સરકારે કોરોના રસીકરણ અભિયાનના પ્રથમ તબક્કા માટે ભારતમાં ઇમર્જન્સી યૂઝ માટે મંજૂર કરાયેલી કોવિશીલ્ડ અને કોવેક્સિન રસીના ૭ કરોડ ડોઝની ખરીદી કરવાની મંજૂરી આપી દીધી છે. જેમાં ૬૦,૦૦૦ ડોઝ કોવેક્સિનના જયપુર પહોંચ્યા, ૧૬,૨૦૦ વાયલ કોવેક્સિનના રાંચી પહોંચ્યા, ૯૩,૫૦૦ ડોઝ કોવિશીલ્ડના સુરત પહોંચ્યા, ૯૪,૦૦૦ ડોઝ કોવિશીલ્ડના ભોપાલ પહોંચ્યા, ૧,૩૯,૦૦૦ ડોઝ કોવિશીલ્ડના મુંબઇ પહોંચ્યા, ૨૦,૦૦૦ વાયલ કોવેક્સિનના ભુવનેશ્વર પહોંચ્યા, ૨૩,૫૦૦ ડોઝ કોવિશીલ્ડના ગોવા પહોંચ્યા, ૫૬,૫૦૦ ડોઝ કોવિશીલ્ડના અગરતલા પહોંચ્યા, ૧,૦૩,૦૦૦ ડોઝ કોવિશીલ્ડના થાણે પહોંચ્યા હતા.

દિલ્હીને કોરોના વેક્સિનના ૨.૭૪ લાખ ડોઝ મળ્યા, સપ્તાહમાં ૪ દિવસ રસીકરણ

નવી દિલ્હી : સમગ્ર દેશમા કોરોના વાઇરસના સંક્રમણથી બચવા માટે રસીકરણના અભિયાનની તૈયારી કરવામા આવી રહી છે. દેશની રાજધાની દિલ્હીમા રસીકરણની યોજનાની તૈયારી થઇ ગઇ છે. મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે ૧૪ જાન્યુઆરીએ જણાવ્યુ કે અત્યારે દિલ્હીના ૮૧ સેન્ટર પર કોરોના વેક્સિન લગાવવામા આવશે. શરૂઆતમા દરેક સેન્ટર પર ૧૦૦ લોકોને રસી લગાવવામા આવશે. આવનારા કેટલાક દિવસોમા ૧૭૫ ફરી ૧૦૦૦ સેન્ટર પર કોરોના વેક્સિનેશનનો કાર્યક્રમ ચાલુ કરવામા આવશે. કેન્દ્રએ કોરોના વેક્સિનના ૨,૭૪,૦૦૦ ડોઝ મળવાની વાત કરી છે. સાથે તેમણે કહ્યુ કે કોરોનાની રસી અઠવાડિયાના ૪ દિવસ એટલે કે સોમવાર, મંગળવાર, ગુરૂવાર અને શનિવારે લગાવવામા આવશે.

ઇસ્લામ ધર્મમાં પાલનહાર અલ્લાહના સ્મરણ(ઝીક્ર)નો મહિમા તથા મહત્વતા

ભાગ-૧

મુસ્લિમ ધર્મશાસ્ત્ર કુરાન મજીદના બોધવચનો પર આધારિત

બ્રહ્માંડના સર્જનહાર પરમેશ્વરની સ્તુતિ, ભક્તિ, ઉપાસના કે બંદગીનો એક પ્રકાર તેની પ્રશંસા કરવાનો છે અને આ પ્રશંસા મોઢેથી અથવા મનમાં તેના સ્મરણ(ઝીક્ર) થકી પણ થઈ શકે છે. સ્મરણ (ઝીક્ર) પરમેશ્વરને સંબોધીને પણ કરી શકાય છે અને પરમેશ્વરે આપેલા આદેશો (ધર્મશાસ્ત્રમાં આપેલા આદેશો એટલે કે બોધવચનો)નું સ્મરણ(ઝીક્ર) કરીને પણ કરી શકાય છે. જગતના દરેક ધર્મના ધર્મશાસ્ત્રમાં પરમેશ્વરની પ્રશંસાના શ્લોકોનો સમાવેશ થયેલ છે, અને આ શ્લોકોનું અથવા અન્ય શ્લોકોનું પઠન અને જાપ કોઈ ખાસ પ્રસંગે કે ભક્તિ, સ્તુતિ, ઉપાસના કે બંદગી પ્રસંગે ખાસ રીતે કરવામાં આવે છે. ખાસ કરીને કોઈ માનવીના નિધન (મૌત) પછીની વિધીઓમાં ધર્મગુરૂઓ ઉપરાંત તે માનવીના સગા સ્નેહીઓ તથા મિત્રો પણ ધર્મશાસ્ત્રના શ્લોકોનું પઠન અને જાપ કરે છે.

આવા ખેદજનક પ્રસંગ ઉપરાંત આનંદ ઉલ્લાસના પ્રસંગે પણ પરમેશ્વરની સ્તુતિ અને ઉપાસના તરીકે અને તેનો આભાર માનવા માટે પણ તેની પ્રશંસા રૂપે ધર્મશાસ્ત્રો માંથી શ્લોકોનું પઠન અને જાપ પરમેશ્વરના સ્મરણ (ઝીક્ર) તરીકે કરવામાં આવે છે.

તે ઉપરાંત ધાર્મિક તહેવારો, પ્રસંગો અને ઉત્સવોના સમયે તથા કોઈ સંકટ કે આપત્તિ કે ભયના સમયે પણ પરમેશ્વર ને પ્રાર્થના રૂપે ધર્મશાસ્ત્રો માંથી શ્લોકોનું પઠન અને જાપ વ્યકિતગત રીતે અથવા સમુહગત રીતે પણ પરમેશ્વરના સ્મરણ(ઝીક્ર) સ્વરૂપે કરવામાં આવે છે.

મુસ્લિમ ધર્મશાસ્ત્ર કુરાન મજીદમાં પણ પાલનહાર અલ્લાહના સ્મરણ (ઝીક્ર) કરવાની મહત્વતા વિષે અસંખ્ય બોધવચનો આપવામાં આવેલ છે. પાલનહાર અલ્લાહના સ્મરણ (ઝીક્ર)ને એક ભક્તિ કે બંદગી રૂપે માનવામાં આવે છે, અને કુરાન મજીદમાં પાલનહાર અલ્લાહનું સ્મરણ (ઝીક્ર) કરવા માટે આદેશો આપવામાં આવેલ છે. આ વિષેના કુરાન મજીદમાંના અસંખ્યા બોધવચનો માંથી અમુક બોધવચનો આ પ્રમાણે છે :-

ઈસ્લામની આરસી
કાસિમ અબ્બાસ

"હે શ્રધ્ધાળુઓ (મોમીનો-ઈમાનવાળાઓ), અલ્લાહનું સ્મરણ (ઝીક્ર) પુષ્કળ પ્રમાણમાં કરતા રહો, અને સવાર સાંજ તેની પવિત્રતાનો જાપ કરતા રહો." (પ્રકરણ ૩૩, શ્લોક ૪૧ અને ૪૨)

"અને પોતાના પાલનહાર અલ્લાહનું સ્મરણ (ઝીક્ર) સવાર સાંજ કરો, અને રાત્રે પણ તેને નમન (સીજદો) કરો અને મોડી રાત્રે તેની પવિત્રતાનો જાપ કરો." (પ્રકરણ ૭૬, શ્લોક ૨૫ અને ૨૬)

"(હે પયગંબર), પોતાના પાલનહાર અલ્લાહનું સ્મરણ (ઝીક્ર) સવાર સાંજ કરો, મનમાં કરગરીને તથા ડરની સાથે અને મૌખિક પણ ધીમા સ્વરમાં. તમે એ લોકો પૈકીના ન થઈ જાવ, જેઓ બેદરકાર (ગાફીલ) છે." (પ્રકરણ ૭, શ્લોક ૨૦૫)

"(હે પયગંબર), અમોએ તમને સાક્ષી આપનાર, ખુશ ખબર આપનાર તથા ચેતવણી આપનાર બનાવીને મોકલેલ છે. તે માટે હે લોકો, તમે અલ્લાહ તથા તેના પયગંબર પર શ્રધ્ધા (ઈમાન)લઈ આવો તથા પયગંબરનો સાથ આપો, તેનો આદર અને સન્માન કરો અને સવાર સાંજ અલ્લાહની પવિત્રતાનો જાપ કરો." (પ્રકરણ ૪૮, શ્લોક ૯)

"અલ્લાહ ઉત્તમ (સુંદર) નામો (અસમાઉલ હુસના)નો અધિકૃત (હકદાર) છે. તેને તે જ ઉત્તમ (સુંદર) નામોથી સાદ દો (પોકારો)." (પ્રકરણ ૭, શ્લોક ૧૮૦)

"હે પયગંબર, એમને (લોકોને) કહી દો કે તમે અલ્લાહ કહીને તેને પોકારો કે રહેમાન (અતિ દયાળુ) કહીને, જે પણ નામથી પોકારો, તેના માટે બધા નામો ઉત્તમ (સુંદર) છે, અને પોતાની બંદગી (નમાઝ) ન ઉંચા સ્વરે પઢો અને ન બહું જ ધીમા સ્વરે, પરંતુ આ બંને વચ્ચે મધ્યમ સ્વરે પઢો." (પ્રકરણ ૧૭, શ્લોક ૧૧૦)

આ વાત સત્ય છે અને તેના પર સર્વે ધર્મગુરૂઓ તથા શ્રધ્ધાળુઓ સહમત છે કે પરમેશ્વર એટલે કે પાલનહાર અલ્લાહના સ્મરણ (ઝીક્ર) થકી મનને શાંતિ તથા હૃદયને સંતોષ પ્રાપ્ત થાય છે. આ શાંતિ અને સંતોષ પ્રાપ્ત થવાના કારણો એ છે કે શ્રધ્ધાળુઓ પાલનહાર અલ્લાહનું સ્મરણ (ઝીક્ર) તેની ભક્તિ, સ્તુતિ, ઉપાસના, પ્રાર્થના અને બંદગી તરીકે કરે છે, પાલનહાર અલ્લાહને યાચિકા (દુઆ) તરીકે કરે છે તથા પાલનહાર અલ્લાહની પ્રશંસા તરીકે કરે છે.

ક્રમશઃ

ખેડૂતોમાં રોષ યથાવત : કાયદાની નકલો બાળી

નવી દિલ્હી : કૃષિ કાયદા રદ કરાવવા માટે કેન્દ્ર સરકાર સામે જંગે ચઢેલા ખેડૂત સંગઠનો ૪૯ દિવસે પણ આંદોલન ચાલુ રાખવા મક્કમ છે. બુધવારે ખેડૂત સંગઠનો દ્વારા દિલ્હીની વિવિધ સરહદે જ્યાં તેઓ તંબુ તાણીને બેઠા છે ત્યાં લોહરીના પર્વની ઉજવણી કરવામાં આવી હતી. ખેડૂતોએ સિંધુ સરહદે ભેગા થઈને લોહરીની ઉજવણી કરી હતી અને તેના માટે પ્રગટાવવામાં આવેલી આગમાં તલ, ગોળ, ગજક, રેવડી અને સિંગના બદલે કૃષિ કાયદાની નકલો હોમી દીધી હતી.

દેશભરમાં ૨૦ હજાર સ્થળોએ કૃષિ કાયદાની નકલો આગમાં હોમી દેવામાં આવી હતી અને લોહરી ઊજવવામાં આવી હતી. ખેડૂતોએ જણાવ્યું કે, કાયદા તો સરકારે પાછા ખેંચવા જ પડશે. બીજી તરફ રાકેશ ટિકૈતે જણાવ્યું કે, અમે શાંતિપૂર્ણ વિરોધ કરી રહ્યા છીએ. આંદોલન દરમિયાન કોઈપણ વ્યક્તિ દેશદ્રોહની વાત કરતી નજરે પડે તો સરકાર તેની ધરપકડ કરી શકે છે. અહીંયા ખેડૂતો માત્ર કાયદાના વિરોધમાં ભેગા થયા છે. મહત્ત્વની વાત એ છે કે, ખેડૂતો દ્વારા એક સરહદે કાયદાની નકલો બાળવામાં આવ્યા બાદ ખેડૂત સાથીઓમાં તલ અને ગોળનો પ્રસાદ વહેંચવામાં આવ્યો હતો. ભાજપના સાંસદ હેમા માલિનીએ જણાવ્યું હતું કે, ખેડૂતોની સાથે જોડાઈને જે લોકો વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે તેમને ખબર જ નથી કે તેઓ શું ઈચ્છે છે અને કૃષિ કાયદાઓમાં શું મુશ્કેલીઓ રહેલી છે કે કોઈ સુધારા વધારાની જરૂર છે. આ બાબત જ સ્પષ્ટ કરે છે કે, તેઓ કોઈના ઈશારે વિરોધ કરી રહ્યા છે.

દિલ્હીમાં ટ્રેક્ટર રેલીમાં સામેલ નહીં થનારા ખેડૂતોને દંડ ફટકારવાની જાહેરાત

ચંદીગઢ : કેન્દ્ર સરકારના નવા કૃષિ કાયદાઓના વિરોધમાં ખેડૂત સંગઠનોએ દિલ્હીમાં ૨૬ જાન્યુઆરીએ ટ્રેક્ટર રેલી કાઢવાની જાહેરાત કરી છે. આ રેલી માટે ભીડ એકઠી કરવા પંજાબમાં અત્યારથી જ ખેડૂત સંગઠનો સક્રિય થઈ ગયા છે.તેમાં પણ પંજાબના બે ગામ રાઉકે કલા અને ભલ્લ રહેડીમાં તો આ માર્ચમાં સામેલ નથી થનારા ખેડૂતોને દંડ ફટકારવાની જાહેરાત કરવામાં આવી છે.માર્ચમાં સામેલ નથી થનારા ખેડૂતોએ ૨૧૦૦ રુપિયા સુધી દંડ ભરવો પડશે. ખેડૂત સંગઠનનુ કહેવુ છે કે, આ નિર્ણય સર્વસંમતિથી લેવાયો છે અને જે લોકો આ રેલીમાં સામેલ નહીં થાય તેઓ ડીઝલ ખર્ચ માટે યોગદાન આપી રહ્યા છે તેવુ સમજીને પણ દંડ ભરી દે પણ આ નિર્ણય આખરી છે.

૩ કૃષિ કાયદાના અમલ પર સુપ્રીમની રોક, વિવાદ ઉકેલવા સમિતિની રચના

નવી દિલ્હી : કેન્દ્ર સરકાર દ્વારા સંસદના ચોમાસુ સત્રમાં ઘડાયેલા ૩ વિવાદાસ્પદ કૃષિ કાયદાઓની બંધારણીય યોગ્યતાને પડકારતી સંખ્યાબંધ અરજીઓ પર આદેશ જારી કરતાં સુપ્રીમ કોર્ટે મંગળવારે ત્રણેય કૃષિ કાયદાનો અમલ સ્થગિત કરી દીધો હતો.

ભારતના ચીફ જસ્ટિસ એસ એ બોબડે, જસ્ટિસ એ એસ બોપન્ના અને જસ્ટિસ વી રામાસુબ્રમણિયનની બેન્ચે જણાવ્યું હતું કે, અમે સરકાર અને ખેડૂતો વચ્ચે ચાલી રહેલા ગતિરોધનો અંત એક સમિતિના માધ્યમથી લાવવા માગીએ છીએ. સરકાર દ્વારા ઘડાયેલા કૃષિ કાયદાઓની ચકાસણી કરવા સુપ્રીમ કોર્ટે ભારતીય કિસાન યુનિયનના રાષ્ટ્રીય અધ્યક્ષ બી એસ માન, મહારાષ્ટ્ર શેતકારી સંગઠનના પ્રમુખ અનિલ ધનવત, ઈન્ટરનેશનલ ફૂડ પોલિસી રિસર્ચ ઈન્સ્ટિટયૂટના સાઉથ એશિયાના ડિરેક્ટર પ્રમોદ કુમારજોશી અને કૃષિ અર્થશાસ્ત્રી અશોક ગુલાટીનો સમિતિમાં સમાવેશ કર્યો છે.

સુપ્રીમ કોર્ટે વિવાદના ઉકેલ માટે ખેડૂત સંગઠનોને સમિતિ સમક્ષ જવા અને સહકાર આપવા અપીલ કરી હતી. સુપ્રીમે જણાવ્યું હતું કે, સ્થિતિનું સાચું ચિત્ર મેળવવા માટે અમે સમિતિની રચના કરી છે. અમે એવી દલીલ સાંભળવા ઇચ્છતા નથી કે ખેડૂતો સમિતિ સમક્ષ નહીં જાય. સુપ્રીમે એમએસપી પર ખેડૂતોની ચિંતા દૂર કરતાં જણાવ્યું હતું કે, કૃષિ કાયદા અમલમાં મૂકાયા તે પહેલાં ચાલી રહેલી એમએસપી સિસ્ટમ આગામી આદેશ સુધી જારી રહેશે. અમે આ વિવાદનો ઉકેલ લાવવા માગીએ છીએ. જો ખેડૂતો અનિશ્ચિત મુદત માટે આંદોલન ચાલુ રાખવા માગતા હોય તો તેઓ તેમ કરી શકે છે. ચીફ જસ્ટિસ એસ એ બોબડેએ જણાવ્યું હતું કે, અમે અમારા માટે આ સમિતિની રચના કરી છે.

ખેડૂત આંદોલન પર કંઈ પણ સાંભળવા તૈયાર નથી : સીજેઆઈ

સુપ્રીમ કોર્ટે ત્રણેય નવા કૃષિ કાયદાઓના અમલ પર સ્ટે લગાવી દીધો છે. અદાલતે ૪ સભ્યોવાળી એક સમિતિનું ગઠન કર્યું છે, જે આ કાયદાને વિસ્તૃત રીતે ચકાસશે. કમિટી એ જોશે કે કઈ જોગવાઈ ખેડૂતોના હિતમાં છે. બે મહિનામાં કમિટીની રિપોર્ટ સુપ્રીમ કોર્ટને સોંપવામાં આવશે. સીજેઆઈ એસએ બોબડે , જસ્ટિસ એએસ બોપન્ના અને જસ્ટિસ વી રામસુબ્રમણ્યમની ખંડપીઠે કહ્યું કે કમિટી સરકાર સહિત તમામ હિતધારકોની વાત સાંભળશે. જ્યારે કેટલાક વકીલોએ કહ્યું કે કમિટીનું સ્વરૂપ સૌને સ્વીકાર્ય હોવું જોઈએ. જો કે, કોર્ટે વધુમાં કંઈ પણ સાંભળવા ઇન્કાર કર્યો હતો.

નવો આદેશ ન થાય ત્યાં સૂધી એમએસપી પ્રથા ચાલુ જ રહેશે

બેન્ચે પોતાના આદેશમાં એ પણ કહ્યું કે, "કૃષિ કાયદો લાગુ થવાથી પહેલાની ન્યૂનતમ સમર્થન મૂલ્ય પ્રમાણે આગામી આદેશ સુધી લાગુ રહેશે. આ ઉપરાંત ખેડૂતોની જમીનના માલિકીના હકની સુરક્ષા હશે, મતલબ નવા કાયદા અંતર્ગત કરવામાં આવેલી કોઈ પણ કાર્યવાહીમા પરિણામ સ્વરૂપ કોઈ પણ ખેડૂતને બેદખલ અથવા માલિકીના હકથી વંચિત નહીં કરવામાં આવે." આ મામલે હવે ૮ અઠવાડિયા બાદ સુનાવણી થશે. ખંડપીઠે વધુમાં જણાવ્યું હતું કે, "દિલ્હીમાં કમિટીને સરકાર કાર્યકારી જગ્યા અને સચિવાલય સહાય પૂરી પાડશે. દિલ્હી અથવા અન્યત્ર બેઠકની બેઠકનો તમામ ખર્ચ કેન્દ્ર સરકાર ઉઠાવશે.

પટણામાં એરલાઇન્સના મેનેજરની ઘરની બહાર ગોરી ઘરબી હત્યા

પટના : બિહારની રાજધાની પટણામાં ઈન્ડિગો એરલાઈન્સના સ્થાનિક મેનેજર રૂપેશ કુમારની એના ઘરની બહારજ ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી.

પટણામાં રૂપેશ કુમારનો દબદબો એક સેલેબ્રિટી જેવો હતો. એ મંગળવારે એરપોર્ટ પરથી પોતાના નિવાસસ્થાને આવી રહ્યા હતા ત્યારે ઘરની બહાર અથવા કહો કે ઘરની નજીક તેમના પર ગોળીબાર કરવામાં આવ્યો હતો. એમને તરત હૉસ્પિટલમાં લઈ જવાયા હતા જ્યાં ડૉક્ટરોએ તેમને મરેલા જાહેર કર્યા હતા. નજરે જોનારા લોકોના કહેવા મુજબ બાઇક પર આવેલા હત્યારાઓએ રૂપેશ કુમાર પર એક સાથે છ ગોળીબાર કર્યા હતા. ત્યારબાદ ગનને લહેરાવતાં આ બાઇક સવારો નાસી ગયા હતા. આ ઘટના શાસ્ત્રીનગર પોલીસ સ્ટેશનની હદમાં આવેલા પુનાઈચોક વિસ્તારમાં કુસુમ એપાર્ટમેન્ટ પાસે બની હતી. આ ઘટના બન્યા બાદ આખાય વિસ્તારમાં સનસનાટી ફેલાઇ ગઈ હતી. માહિતી મળતાં પોલીસ ઘટના સ્થળે ધસી ગઈ હતી અને તપાસ શરૂ કરી હતી. અત્રે એ નોંધનીય છે કે બિહાર રાજ્ય ક્રાઇમ રેકર્ડ બ્યૂરોના અહેવાલ મુજબ ૨૦૨૦ના વર્ષમાં બિહારમાં ૨૪૦૬ હત્યા અને ૧૧૦૬ રેપની ઘટના બની હતી એટલે કે રોજ સરેરાશ નવ હત્યા અને ચાર રેપ થતા હતા.

સીતા માતા વિશે અપશબ્દો બોલનારનું માથું વાઢનારને પાંચ કરોડના ઈનામની જાહેરાત

નવી દિલ્હી : પશ્ચિમ બંગાળના શાસક પક્ષ તૃણમૂલ કોંગ્રેસના સાંસદ કલ્યાણ બેનર્જીનું માથું કાપી લાવનારને પાંચ કરોડ રૂપિયા ઈનામ આપીશ એવી સનસનાટી ભરી જાહેરાત અયોધ્યાના એક મહંતે કરી હતી.

ઉત્તર પ્રદેશમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ વિશે ટકોર કરતાં કલ્યાણ બેનર્જીની જીભ લપસી પડી હતી અને તેમણે રામાયણની કથાનાયિકા સીતામાતા વિશે અભદ્ર ટકોર કરી હતી. તેમની આ ટકોરથી અયોધ્યામાં વસતા મોટા ભાગના સાધુસંતો નારાજ થયા હતા.

એવા એક સંત તપસ્વી છાવણીના મહંત પરમહંસ દાસે મંગળવારે કલ્યાણ બેનર્જી પર રાસુકા લાગુ પાડવાની માગણી કરી હતી અને રાસુકા લાગુ ન પાડી શકાય તેમ હોય તો તેમના માથા પર પાંચ કરોડ રૂપિયાના ઈનામની જાહેરાત કરી હતી. મહંતે કહ્યું કે જે કોઈ કલ્યાણ બેનર્જીનું માથું વાઢી લાવશે એને હું પાંચ કરોડ રૂપિયા ઈનામ આપીશ.

કલ્યાણ બેનર્જી ખરેખર તો ઉત્તર પ્રદેશની રાજ્ય સરકાર કાયદો અને વ્યવસ્થા જાળવવામાં નિષ્ફળ નીવડી છે એવું કહેવા માગતા હતા. પરંતુ તેમની જીભ લપસી પડી હતી અને સીતામાતા વિશે અણછાજતી ટકોર કરી બેઠા હતા. આ ટકોરની વિડિયો ક્લીપ સોશ્યલ મિડિયા પર વાઇરલ થયા બાદ અયોધ્યાના સાધુસંતો નારાજ થયા હતા. કેટલાક સાધુસંતોએ બેનર્જીની ટકોરની મૌખિક ટીકા કરીને સંતોષ માન્યો હતો.

બેંગ્લોરની સ્ટીલ કંપની સામે રૂપિયા ૨૦૦ કરોડની છેતરપિંડીનો કેસ દાખલ

- ઈન્ડિયન બેન્કના કોન્સોર્ટિયમને જંગી નુકસાનઃ ક્રેડિટ સુવિધાનો ગેરલાભ લઈ ખેલ થયો

નવી દિલ્હી : ઈન્ડિયન બેન્કના નેતૃત્વ હેઠળના બેન્કોના કોન્સોર્ટિયમ સાથે રૂપિયા ૨૦૦ કરોડની છેતરપીંડી કરવા બદલ સીબીઆઈએ બેંગલુરૂની કંપની સ્ટીલ હાઈપર ઈન્ડિયા પ્રા.લિ. અને તેના ડારેક્ટરો સામે કેસ કર્યો હતો. આ લોકોએ બેન્ક સાથે ઠગાઈ કરતાં બેન્કોને મોટો નુકસાન થયો હતો.

એજન્સીએ બુધવારે બેંગલુરૂ અને તામિલનાડુના શુલાગીરી જિલ્લા ક્રિશ્ના ગીરી ના નિવાસસ્થાને દરોડા પાડયા હતા, એમ સીબીઆઈએ કહ્યું હતું. કંપની ઉપરાંત સીબીઆઈએ કંપનીના ડાયરેકટરો મહેન્દ્ર કુમાર સિંઘી અને સુમન મહેન્દ્ર કુમાર સિંઘી તેમજ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ મુકેશ સુરાણા સામે ચાર્જશીટ દાખલ કરી હતી. બેન્કે કરેલી ફરીયાદ અનુસાર, આ લોકોએ ભેગા મળી તેમને મળતી ક્રેડિટ ફેસિલિટીનો ગેર લાભ લીધો હતો.

૨૦૧૭થી ૨૦૧૯ વચ્ચે ઈન્ડિયન બેન્ક અને ઈ-વિજયા બેન્કમાંથી તેમણે જંગી લોન લીધી હતી. એપ્રીલ ૨૦૧૯માં તેમના ખાતાને એનપીએ જાહેર કરાયા હતા અને અંતે ગયા વર્ષે છેતરપીંડીનો કેસ કર્યો હતો. ફોડમાં ઈન્ડિયન બેન્કના રૂપિયા ૧૬૮.૩૯ કરોડ અને ઈ-વિજયા બેન્ક (હાલની બેન્ક ઓફ બરોડા)ના રૂપિયા ૩૧.૯૯ કરોડ ડૂબ્યા હતા.

એમ કહેવામાં આવ્યું હતું કે બેન્કમાંથી લોન લેવા માટે તેમણે પોતાની કંપનીના ખાતા ખુબ નફાકરક બતાવ્યા હતા જેમાં ચાર્ટર્ડ એકાઉન્ટન્ટે તેમની મદદ કરી હતી. ખરીદી અને વેચાણમાં ગેરરીતી જણાઇ હતી.

બિહાર ન સચવાતું હોય રાજીનામું આપો : તેજસ્વીનો નીતીશ પર વાર

- મધુબની ગેંગરેપ ઘટના બાદ વિપક્ષી પાર્ટીઓએ નીતીશ કુમાર અને એનડીએ પર નિશાન સાધ્યું

પટના : બિહારના મધુબની જિલ્લામાં મંગળવારે એક દિવ્યાંગ (મૂક-બધીર) બાળકી સાથે ગેંગરેપની ઘટના બની છે. ગેંગરેપથી ના અટકતા આરોપીઓ દ્વારા તેની બંને આંખો પણ ફોડી નાંખવામાં આવી છે. આ ઘટના બાદ બિહારના વિપક્ષી દળો અને નેતાઓ સત્તાપક્ષ અને મુખ્યમંત્રી નીતીશ કુમાર તેમજ એનડીએને નિશાન બનાવી રહ્યા છે. આરજેડીના નેતા તેજસ્વી યાદવે તો મુખ્યમંત્રી નીતીશ કુમારના રાજીનામાની માંગ કરી છે. તેજસ્વી યાદવે બુધવારે ટ્વિટ કરીને કહ્યું કે અનૈતિક સરકારના સંરક્ષણમાં અપરાધ અને દુષ્કરમોની સંખ્યા દરરોજ વધી રહી છે, તે એનડીએની સામુહિક નિષ્ફળતા છે. નીતીશજી દ્વારા અપરાધોને છુપાવવાના પ્રાયસ અને સ્વીકાર નહીં કરવું એ જ સૌથી મોટો અપરાધ છે લઅને અપરાધીઓ માટે રામબાણ છે. જો તેમનાથી બિહાર ના સંભાળાતું હોય તો તરત રાજીનામુ આપી દે.

કાશ્મીર અને લદ્દાખમાં હાડ થીજાવતી ઠંડી : દ્રાસમાં માઈનસ ૨૮.૫ ડિગ્રી

નવી દિલ્હી : મોટાપાયે હિમવર્ષાના પગલે જમ્મુ-કાશ્મીર, હિમાચલ, લેહ-લદ્દાખમાં હાડ થીજાવતી ઠંડી જોવા મળી હતી. દ્રાસમાં તપામાનનો પારો ગગડીને માઈનસ ૨૮.૫ ડિગ્રી પહોંચી ગયો હતો. લેહમાં તાપમાન માઈનસ ૧૫.૯ અને કારગિલમાં માઈનસ ૧૪.૪ ડિગ્રી તાપમાન નોંધવામાં આવ્યું હતું. કાશ્મીરનું ગુલમર્ગ માઈનસ ૧૧.૨ ડિગ્રી સાથે સૌથી ઠંડું રહ્યું હતું. પહેલગામમાં પણ તાપમાન ઘટીને માઈનસ ૫.૩ ડિગ્રી નોંધાયું હતું. હવામાન ખાતાના જણાવ્યા પ્રમાણે ઠંડીનો નવો તબક્કો શરૂ થઈ ગયો છે. પર્વતીય રાજ્યોમાં ઠંડીને પગલે મેદાની રાજ્યોમાં પણ દિવસ દરમિયાન શીતલહેર જોવા મળી હતી. દિલ્હી, પંજાબ, હરિયાણા, ચંડીગઢ, યુપીમાં દિવસ દરમિયાન પણ શીતલહેર જોવા મળી હતી.

તેમાં પણ દિલ્હીમાં મંગળવારે સવારે ૪.૩ ડિગ્રી તપામાન નોંધાયું હતું. હવામાન ખાતાના મતે આગામી બે-ત્રણ દિવસમાં



પણ દિલ્હી, પંજાબ, હરિયાણા અને ચંડીગઢ તથા યુપીમાં તાપમાન ઓછું જોવા મળશે અને ૧૪ જાન્યુઆરીએ વધુ ઠંડી પડે તેવા અણસાર છે. બીજી તરફ વેસ્ટર્ન ડિસ્ટર્બન્સને પગલે તામિલનાડુ, કેરળ, અરુણાચલ અને સિક્કિમમાં વરસાદી ઝાપટાં પડવાની શક્યતાઓ જોવાઈ રહી છે.

આસામમાં મેડિકલ અને તબીબોની રૂ. ૧૦૦ કરોડની કરચોરી પકડાઇ

- ગુવાહાટી,નલબારી અને દિબ્રુગઢમાંથી રૂ.૭.૫૪ કરોડ રોકડા જપ્ત કર્યા

ગુવાહાટી : આસામના કેટલાક જાણીતા ડોકટરો અને મેડિકલ પ્રોફેશન સાથે સંકળાયેલાઓને ત્યાં આવક વેરા વિભાગે દરોડા પાડતાં રૂપિયા એક સો કરોડની કરચોરી પકડાઇ હતી, એમ સીબીડીટીએ એક નિવેદનમાં કહ્યું હતું. રાજ્યના મુખ્ય શહેરો ગુવાહટી,નલબારી અને દિબ્રુગઢમાં ૨૯ સ્થળોએ આઠમી જાન્યુઆરીએ સર્ચ ઓપરેશન હાથ ધરાયા હતા અને ત્યાંથી આશરે ૭.૫૪ કરોડ રોકડા જપ્ત કર્યા હતા.આમાં નલબારીમાંથી જપ્ત કરેલા રૂપિયા ૧.૭૬ કરોડનો સમાવેશ થતો હતો. વિવિધ હોસ્પિટલો અને મેડિકલ પ્રોફેશનલો પાસેથી જપ્ત કરેલી રકમ અંગે તેમણે કોઇ ખુલાસો કર્યો નહતો. અધિકારીઓને જાણવા મળ્યું હતું કે હોસ્પિટલના જંગી વ્યવહારોને છુપાવવામાં આવ્યા હતા.'આ ગ્રુપ સામે સોથી મોટો આક્ષેપ એ હતો કે તેમણે વ્યક્તિગત રીતે અને હોસ્પિટલમાં મેળવેલી રકમને ખુબ ઓછી દર્શાવી હતી. તેમના નર્સીંગ હોમમાં, ડાયગ્નોસ્ટિક સેન્ટરમાં અને દવાઓના કારોબારમાં તેમણે મેળવેલી ઓવકને ખુબ ઓછી દર્શાવી હતી'એમ નિવેદનમાં કહેવામાં આવ્યું હતું.

બિહારમાં જઘન્ય કૃત્યઃ દિવ્યાંગ પર રેપ કરી આંખો ફોડી નાખી

મધુબની : બિહારના મધૂબનીમાં રેપની જઘન્ય ઘટના સામે આવી છે. અહીં એક દિવ્યાંગ યુવતી પર રેપ ગુજાર્યા બાદ પીડિતાની બન્ને આંખો ફોડી નાખી હતી. આરોપીઓને પીડિતા ઓળખી ન શકે તે માટે આંખો ફોડી નાખી હતી.

મધૂબનીના હરલાખી વિસ્તારના એક ગામમાં એક યુવકે દિવ્યાંગ વિદ્યાર્થિની પર રેપ ગુજાર્યો હતો, બાદમાં અણી વાળા હિથયાર વડે તેની આંખો ફોડી નાખી હતી. પીડિતા આરોપીને ઓળખી ન જાય અને પોલીસને કે પરિવારને જાણ ન કરી શકે તે માટે નરાધમે તેની આંખો ફોડી નાખી હતી. ગ્રામજનોએ આ ઘટનામાં અન્ય લોકો પણ સામેલ હોવાની શંકા વ્યક્ત કરી છે.

પોલીસે હાલ ફરિયાદના આધારે એક યુવકની ધરપકડ કરીને આગળની કાર્યવાહી હાથ ધરી છે. આ દિવ્યાંગ વિદ્યાર્થિની પોતાની બકરીઓના ઘાસચારો માટે ગઈ હતી. જ્યાં હાજર એક યુવકે તેના પર ખેતરમાં લઈ જઈને રેપ ગુજાર્યો હતો. બાદમાં આંખો ફોડી યુવતીને બેભાન હાલતમાં ખેતરમાં છોડીને નાસી છૂટયો હતો. પીડિતાને તાત્કાલીક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી.

સરકારી વેબસાઈટ પર પીઓકેને આઝાદ પ્રદેશ ગણાવ્યો, એરક્રાફ્ટ રિપોર્ટમાં ગડબડ

નવી દિલ્હી : સામાન્ય રીતે સરકારી રિપોર્ટ્સમાં કે દસ્તાવેજોમાં પીઓકેને એ જ સ્વરૂપે રજૂ કરાતો હોય છે. પરંતુ તાજેતરમાં એક સરકારી વેબસાઈટ પર પીઓકેને આઝાદ જમ્મુ કશ્મીર તરીકે રજૂ કરાયો હતો. આ મુદ્દે સોશ્યલ મિડિયા પર હોબાળો થયા બાદ આ રિપોર્ટ પાછો ખેંચી લેવો પડ્યો હતો.

એરક્રાફ્ટ એક્સિડંટ ઈન્વેસ્ટિગેશન બ્યૂરો (એએઆઈબી)ની વેબસાઈટ પર પીઓકેને આઝાદ જમ્મુ કશ્મીર તરીકે રજૂ કરાયો હતો આ રિપોર્ટમાં જુલાઈ ૨૦૧૯ સુધી થયેલા વિમાની અકસ્માતોની વિગતો હતો. આ સમયગાળા દરમિયાન વિસ્તારા એરલાઈન્સની એક ફ્લાઈટ શ્રીનગરથી જમ્મુ જઈ રહી હતી. પ્રતિકૂળ હવામાનના કારણે પાયલટને ઈમર્જન્સીમાં જરૂર પડ્યે વિમાનમાં પૂરતું ઈંધણ નહીં હોવાની જાણ એર ટ્રાફિક કન્ટ્રોલ ટાવરને કરી હતી.

ત્યારબાદ આ ઘટના અંગે એએઆઈબીએ પોતાનો રિપોર્ટ વેબસાઈટ પર મૂક્યો હતો. આ રિપોર્ટમાં એએઆઈબીએ પીઓકેને આઝાદ જમ્મુ કશ્મીર તરીકે વર્ણવ્યો હતો. સોશ્યલ મિડિયા પર આ મુદ્દે વિવાદની લાગણી ફરી વળી હતી. થોડીક હો હા થયા બાદ એએઆઈબીએ આ રિપોર્ટ પાછો ખેંચી લીધો હતો. સરકારી વેબસાઈટ જ પીઓકેના મુદ્દે આવા છબરડા કરે તો આમ આદમીની શી વિસાત. અહીં મહત્ત્વનો મુદ્દો એ છે કે શ્રીનગરથી જમ્મુ તરફ જતી કોઈ ફ્લાઈટે પીઓકે પરથી પસાર થવાનો સવાલજ પેદા ન થાય. એ દ્રષ્ટિએ વિચારતાં આ વેબસાઈટ પર રજૂ થયેલો રિપોર્ટ ગંભીર ભૂલ સમાન હતો.

બિહારમાં કોંગ્રેસની બેઠકમાં બે જુથ વચ્ચે છુટ્ટાહાથથી મારામારી, ખુરશીઓ ઉછળી

- બિહાર કોંગ્રેસમાં બે ફાંટા પડવાની શક્યતા
- રાજકુમાર રાજે ટિકિટ વહેંચણીમાં ધાંધલીનો આરોપ મૂકતા હોબાળો થયો

પટના : બિહારમાં ઝઝૂમી રહેલી કોંગ્રેસમાં આંતરીક વિવાદ વધી રહ્યો છે. બિહારના નવનિયુક્ત પ્રભારી ભક્ત ચરણ દાસની હાજરીમાં મંગળવારે બેઠક દરમિયાન બે જુથો વચ્ચે છુટ્ટાહાથની મારામારી થઈ હતી. એટલુ જ સામસામે ખુરશીઓ પણ ઉછળી હતી.

બળવાખોર નેતાઓમાં સામેલ રાજકુમાર રાજનને બોલતા અટકાવવામાં આવ્યા હતા, જેને પગલે પાર્ટીના જ બે જુથના નેતાઓ આમને સામને આવી ગયા હતા. બન્નેએ સામસામે ભારે હોબાળો મચાવ્યો હતો, એકબીજા સાથે મારપીટ કરી, જુતા અને ચપ્પલ ફેંક્યા એટલુ જ નહીં બેઠક માટે મુકાયેલી ખુરસીઓ પણ સામસામે ઉછાળી, આ સમગ્ર ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાઇરલ થઈ રહ્યો છે. પાર્ટી નેતાઓની આજે પહેલા તબક્કાની બેઠક શરૂ થતા જ કિસાન નેતા રાજકુમાર રાજને પાર્ટીના પ્રદેશ નેતૃત્વ પર મનમાની કરવાનો અને વિધાનસભા ચૂંટણીમાં ટિકીટોની વહેંચણીમાં ધાંધલી કરવાનો આરોપ લગાવ્યો હતો. તેઓએ હજુ બોલવાનું શરૂ જ કર્યું હતું કે પ્રદેશ નેતૃત્વના અનેક નેતાઓએ તેનો વિરોધ કર્યો હતા. પ્રભારી ભક્ત ચરણ દાસ આ બધુ જોઈ રહ્યા હતા, રાજકુમારને રોકવાનો પ્રયાસ થયો પણ તેઓ બોલતા રહ્યા, જે બાદ કેટલાક નેતાઓ તેમની તરફ આગળ વધ્યા, જેનાથી ભડકેલા રાજકુમાર સમર્થકો પણ સામે આવી ગયા અને બન્ને વચ્ચે છુટ્ટાહાથની મારામારી થઈ અને સામસામે ખુરશીઓ પણ ઉછળી હતી.

કર્ણાટકમાં કેન્દ્રીય પ્રધાન શ્રીપદ નાયકનો અકસ્માત, પત્નીનું મોત

- હોસ્પિટલમાં પ્રધાનશ્રી આઉટ ઓફ ડેન્જર છે

અંકોલા : કેન્દ્રના પ્રધાન શ્રીપદ નાયકની કારને કર્ણાટકના અંકોલામાં ગંભીર અકસ્માત નડતાં તેમને ઈજા થઈ હતી પરંતુ નાયક પોતે ઊગરી ગયા હતા. તેમનાં પત્ની આ અકસ્માતમાં મરણ પામ્યા હતા.

શ્રીપદ નાયક હાલ હૉસ્પિટલમાં સારવાર હેઠળ છે અને ડૉક્ટરોના કહેવા મુજબ તેઓ હવે ભયમુક્ત (આઉટ ઑફ ડેન્જર) હતા. કર્ણાટકના હલિયાલ વિસ્તારના ધારાસભ્ય આર વી દેશપાંડેએ ટ્વીટર પર શ્રીપદ નાયકની કારને થયેલા અકસ્માતનો ઉલ્લેખ કરીને જલદી સાજા થઈ જાવ એવો સંદેશો મૂકવા ઉપરાંત નાયકનાં પત્નીના અવસાન અંગે દિલસોજી વ્યક્ત કરી હતી.

પ્રથમદર્શી અહેવાલ મુજબ નાયકની ઈનોવા કારની સ્પીડ વધુ પડતી હતી એટલે ડ્રાઈવરે કાર પરનો કાબુ ગુમાવ્યો હતો અને કાર સડક પરથી ગબડીને એક ખાડામાં પડી ગઈ હતી. આ અકસ્માતની જાણ થતાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ગોવાના મુખ્ય પ્રધાન પ્રમોદ સાવંત સાથે ફોન પર વાત કરીને નાયકને ગોવામાં સારામાં સારી સારવાર મળે એવી વ્યવસ્થા કરવાનું જણાવ્યું હતું.

રાજકીય વંશવાદ દેશનો દુશ્મન, યુવાનો રાજકારણમાં આવી તેનો નાશ કરે : મોદી

નવી દિલ્હી : વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ નેશનલ યૂથ ડે દરમિયાન નેશનલ યૂથ પાર્લામેન્ટ ફેસ્ટિવલના સમાપન દરમિયાન યુવાનોને સંબોધન કર્યું હતું. સ્વામી વિવેકાનંદની જયંતીએ યોજાયેલા આ વિશેષ કાર્યક્રમમાં વડા પ્રધાને જણાવ્યું કે, યુવાનોએ રાજકારણમાં જોડવા આહ્વાન કર્યું હતું. તેમણે જણાવ્યું કે, રાજકીય વંશવાદ આપણા દેશ અને રાજકારણનો સૌથી મોટો દુશ્મન છે. તેને જડમૂળથી ઉખાડી કાઢવો જોઈએ. આ કામ યુવાનો જ કરી શકે છે. એક સમય હતો જ્યારે ભ્રષ્ટાચાર જ રાજકારણની ઓળખ બની ગયો હતો હવે દેશમાં પ્રામાણિક રાજકારણીઓને પણ પ્રેમ અને સન્માન મળી રહ્યા છે. જનપ્રતિનિધિઓ સમજી ગયા છે કે, સીવી સ્ટ્રોંગ રાખવો પડશે, તો જ જનતા પસંદગી ઉતારશે. હવે સરનેમના આધારે ચૂંટણી લડવાના અને જીતવાના દિવસો જતા રહ્યા.

મધ્ય પ્રદેશમાં ત્રણ મહિનામાં બીજો લઠ્ઠાકાંડ : ૧૨નાં મોત, સાત બીમાર

- મોરેનાના માનપુર અને પહાવલી ગામના લોકોએ સોમવાર રાતે ઝેરી દારૂ ગટગટાવ્યો હતો

ભોપાલ : મધ્ય પ્રદેશના મોરેના જિલ્લામાં ઝેરી દારૂ પીવાથી ૧૨ લોકોનાં મોત થયા છે અને અન્ય સાત લોકો બીમાર થયા છે તેમ સત્તાવાળાઓએ જણાવ્યું છે. મધ્ય પ્રદેશમાં ત્રણ મહિનામાં બીજો લઠ્ઠાકાંડ સપાટી પર આવ્યો છે. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે મોરેના જિલ્લાના માનપુર અને પહાવલી ગામના લોકોએ સોમવારની રાતે સફેદ રંગનો દારૂ પીધો હતો તેમ પોલીસના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું છે. છેલ્લા ત્રણ

મહિનામાં મધ્ય પ્રદેશમાં આ બીજી ઘટના બની છે. ગયા વર્ષે ઓક્ટોબરમાં ઉજ્જૈનમાં ઝેરી દારૂ પીવાથી ૧૪ લોકોનાં મોત થયા હતાં. ડેપ્યુટી ઈન્સ્પેક્ટર જનરલ(ડીઆઈજી) કે મોરેના જિલ્લામાં ઝેરી દારૂ પીવાથી ૧૨ લોકોનાં મોત થયા છે અને અન્ય સાત ગંભીર રીતે બીમાર થયા છે.

વીજકંપનીએ એક નાનકડી ફેકટરીને ફટકાર્યું અધધ ૩૧૧ કરોડનું વીજ બિલ

જયપુર : રાજસ્થાનની વીજ કંપનીએ ખોટુ વીજ બિલ આપવાનો નવો વિક્રમ સર્જ્યો છે. આમ તો વીજ કંપની દ્વારા માન્યામાં ના આવે તેવી રકમનુ બિલ અપાતુ હોવાના ઘણા કિસ્સા બન્યા છે પણ રાજસ્થાનની જયપુર વિદ્યુત વિતરણ નિગમ લિમિટેડે એક કંપનીને ૩.૧૧ અબજ રુપિયાનુ બિલ ફટકારતા કંપની સંચાલકના હોશ ઉડી ગયાહ તા. અહીંના ઈન્ડસ્ટ્રિયલ એરયામાં આવેલી ડીઝલ પાવર ઈન્ટરનેશનલની માલિક અનિતા શર્માએ રાબેત મુજબ પોતાની ફેકટરીનુ બિલ ચેક કર્યુ તો તેમાં લખેલી રકમ જોઈને તેમના હોશ ઉડી ગયા હતા. કારણકે બિલની રકમ ૩.૧૧ અબજ રુપિયા હતી.આ બિલ જો ૨૫ જાન્યુઆરી સુધી ભરવામાં ના આવે તો ૬ કરોડ રુપિયાની પેનલ્ટી થશે તેવો ઉલ્લેખ પણ બિલમાં કરાયો હતો.

મહેશ તરફ સ્મિત ફેલાવતી પ્રતિભા ચાલવા માંડી

કમબખ્ત ઘડિયાળ આજે જાણે કે મેરેથોનમાં ઊતર્યું હતું.

રાતના સવા નવ વગ્યા હતા. અખબારી કચેરીઓ માટે તો આ સમયની ક્ષણે ક્ષણ કામની. મારું કામ પણ હજુ ખતમ થયું નહોતું અને ખિસ્સામાં એંડવાન્સની બે ટિકિટો પડી હતી.

'બ્લો હોટ બ્લો કોલ્ડ' પિક્ચરે આખાયે શહેરમાં આકર્ષણ ઊભું કર્યું હતું.

'બોલ ભાઈ ! કેટલી વાર છે ?' સાથી મિત્રે પૂછ્યું. 'હજુ પિક્ચર તો

સાડા નવે શરૂ થશે ને ?' મેં આશ્વાસન આપ્યું.

'જો યાર, હું તો પિક્ચરનું એક પણ દૃશ્ય ચૂકવા માગતો નથી માટે જલદી

પતાવ.'

'હા, પણ તું હવે વાત બંધ કરે તો જ જલદી પતાવું ને !'

ઘણી ઉતાવળ કરી છતાંયે મોડું થઈ ગયું. જ્યારે અમે થિયેટર પહોંચ્યા ત્યારે મૂળ ચિત્ર આરંભાઈ ચૂક્યું હતું.

ડોરકીપરે કંટાળો વ્યક્ત કરતાં અંધરામાં અમારી સીટ શોધી કાઢવા અમને અમારી આવડત પર છોડી દીધા હતા.

પરદા પર ઝીંકાઈ રહેલા 'ગુલીઆનો ગેમ્મા' અને 'રોસમરી ડેક્ષટર'ના તોફાની રોમાન્સના ઝબકારાની સહાયથી અમે માંડ બેઠક માટેની હરોળ શોધી શક્યા. આખરે ડોરકીપરે એક છોકરાને ટોર્ચ લઈ અમારી મદદ માટે મોકલ્યો અને હરોળના છેડે અમે ગોઠવાયા.

એ વેળા ચિત્રની કથા ઠીકઠીક આગળ વધી ચૂકી હતી. ઈટાલિયન ટાપુ સુધી સહેલાણીઓ પહોંચી ગયાં હતાં. ખુલ્લા ગાર્ડનમાં સૌ નાસ્તાના ટેબલ પર ગોઠવાયાં હતાં અને અચાનક કોઈ ગભરાઈ ગયેલી સ્ત્રીની બૂમો નજીકના ખંડોમાંથી આવતી સાંભળી સૌ ચોંકી ઊઠ્યા હતા અને કોઈ દરિયાઈ જંતુથી ગભરાઈ ગયેલી હીરોઈન 'યથાવત્' હાલતમાં ખંડમાંથી બહાર દોડી આવે છે.

પાછળ પાછળ હીરો પણ છે.

પ્રેક્ષકોમાં હાસ્યનું મોજું ફરી વળે છે.

'હેય...!' મારા સાથી મિત્રે મને કોણીથી ગોદો માર્યો.

'શું છે યાર ?'

'પરદા પર શું જુએ છે ? તારી આગલી સીટ પર જોને !'

મેં સહેજ ધ્યાનપૂર્વક આગળ નજર બદલી. એકમેકમાં પરોવાઈ ગયેલા બે જીવ કોઈનેયે પરવા કર્યા વિના જાણે કે 'ગુલીઓનો' અને 'ડેક્ષટર'ની હરીફાઈમાં ઊતર્યા હતા. કોઈ ઊજળા દૃશ્યથી થિયેટરમાં વ્યાપતા ઉજાસને કારણે એ યુગલની પ્રતિકૃતિઓ વધુ સ્પષ્ટ જણાતી હતી. પરદા પરનાં ચુંબન-દૃશ્યો કરતાંયે અનેકગણું અધિક આકર્ષણ અમારા સૌ માટે આગલી હરોળ જમાવી ગઈ. પણ એ બાલ્કનીનું ઑડિયન્સ હતું. ચૂપચાપ સૌ એમને નીરખી રહ્યાં.

ચિત્રમાં સાગરતટે બેફામ બની રહેલો રોમાન્સ પ્રેક્ષકો માટે આનંદની ઘડીઓ પૂરી પાડી રહ્યો હતો.

'દોસ્ત ! મારે તો ક્યાં જોવું તે સમજાતું નથી.' ફરીથી મારા સાથી મિત્રે કૉમેન્ટ કરી.

પણ એ કૉમેન્ટ સાંભળી જ ન હોય એમ એ યુગલ વધુ ને વધુ મસ્તીએ ચડતું ગયું. કોણ કોના ખભા પર માથું મૂકીને સૂવે તે માટે મીઠો ઝઘડો અને ખેંચતાણ ચાલતી હોય એવું અમને લાગ્યું. પછી તો ચિત્રનાં દૃશ્યો ઝડપથી બદલાતાં ગયાં. અંગત જીવનથી અસંતુષ્ટ પ્રોફેસર ચિત્રના હીરો-હીરોઈનનો પ્રણય-પ્રતાપ જોઈ શકતો નથી. સહન કરી શકતો નથી અને આવેશમાં ગાંડો બનીને હીરોનું ખૂન કરી નાખે છે. એ દૃશ્યો કરતાંયે વિશેષ ચટકીલાં દૃશ્યો અમારી આગળ ભજવાઈ રહ્યાં.

ચિત્ર પૂરું થયું. રાતના સાડા બાર વાગ્યા હતા. થિયેટરમાં ફરી લાઈટો ચાલુ થઈ.

'પ્રતિભા !'

મેં પાછળ નજર કરી. મારો સાથી મિત્ર કોઈકને બોલાવી રહ્યો હતો.

'હલ્લો મહેશ !'

હું આશ્ચર્યમાં ડૂબી ગયો. 'આ તોફાની છોકરી તો અનુરાગની ઓળખીતી નીકળી.' હું મનમાં બબડી રહ્યો.

અનુરાગના ચહેરા પરના ભાવ બદલાયેલા જોઈ હું વિશેષ મૂંઝાયો.

અનુરાગ એની તરફ તાકી રહ્યો હતો. દરમિયાન તેણીના વાંસા પર હાથ મૂકી તેના યુવક મિત્રે નાટકીય સ્વરે કહ્યું : 'કમ ઓન પ્રતિભા... લેટ્સ મૂવ.'

પ્રતિભા માત્ર ઔપચારિક સ્મિત મહેશ તરફ ફેંકી ચાલવા માંડી. તો યુવક મિત્ર અનુરાગ સામે વિજયનું સ્મિત ફેંકતો પ્રતિભાની પીઠ પાછળનો એક ખભો પકડતો આગળ ચાલ્યો.

મને અનુરાગ પ્રત્યે સહાનુભૂતિ થઈ. તેના મોં પર ગુસ્સો નહીં પણ કોઈ દર્દીલી રેખાઓ ઊપસી આવી હતી. થોડીક વારમાં ઑડિયન્સ વેરાઈ ગયું.

'સ્ત્રીઓને હવે પોતાનાથી ઓછા બુદ્ધિશાળી પુરુષો પસંદ છે, જેથી પોતાનું આધિપત્ય રહે એવું મારું માનવું છે. કદાચ એ હિસાબે જ પ્રતિભા...' મેં કહ્યું. 'એ વાતને બાજુએ રાખીએ તો પણ પ્રતિભાએ એ છોકરાના ભૂતકાળમાંથી તો કંઈક શીખવું-જાણવું જોઈએ ને ? મેં પ્રતિભાને હજાર વાર કહ્યું કે, તું જેની પાછળ ગાંડી છે તો સારો છોકરો નથી.

'કોણ હતી એ ?' નેહરુબ્રિજની ફૂટપાથની પાળી પર બેસતાં મેં પૂછ્યું.

'પ્રતિભા.'

'એ તો મને ક્યારનીયે ખબર પડી કે એ પ્રતિભા છે.'

'યાર... એનું નામ માત્ર પ્રતિભા નથી. એ ખરેખર એક 'પ્રતિભા' છે.

આવી પ્રતિભાશાળી છોકરી

'કેમ એવું તે શું છે ?' મેં પૂછ્યું.

'એટલા માટે કે પ્રતિભા એ ખરેખર જ અસાધારણ બુદ્ધિશાળી છોકરી છે. મેડિકલ કૉલેજમાં અભ્યાસ કરે છે. તે માત્ર સ્વરૂપવાન જ નથી, વિવેકી પણ છે. ઊંચા શ્રીમંત પરિવારમાંથી આવે છે. ઘરના તમામ સભ્યોની શહેરમાં એક

શાન છે.' અનુરાગ એકીશ્વાસે બોલી રહ્યો.

'તો પછી એ એના મનગમતા મિત્ર સાથે હરેફરે એમાં તને શું વાંધો

છે ?' મેં પ્રશ્ન કર્યો.

'અરે યાર ! પ્રતિભા સાથે જે છોકરો હતો તેને તું જાણતો નથી. વેગાબોન્ડ છે. રખડેલ છે. તેં એનું મોં જોયુંને ! પ્રતિભાની સરખામણીમાં કેવો ગમાર જેવો લાગે છે. બુદ્ધિની બાબતમાં પણ એ છેલ્લી પાટલીએ બેસનારો છે. હા, પૈસા છે એની પાસે, ફર્સ્ટક્લાસ મોટર છે, બંગલો છે. પ્રતિભા રોજેરોજ એની સાથે ફરે છે.'

'સ્ત્રીઓને હવે પોતાનાથી ઓછા બુદ્ધિશાળી પુરુષો પસંદ છે, જેથી પોતાનું આધિપત્ય રહે એવું મારું માનવું છે. કદાચ એ હિસાબે જ પ્રતિભા...' મેં કહ્યું.

'એ વાતને બાજુએ રાખીએ તો પણ પ્રતિભાએ એ છોકરાના ભૂતકાળમાંથી તો કંઈક શીખવું-જાણવું જોઈએ ને ? મેં પ્રતિભાને હજાર વાર કહ્યું કે, તું જેની પાછળ ગાંડી છે તે સારો છોકરો નથી. નવી નવી છોકરીઓને લઈ ફરવું એ જ એનો શોખ છે. મિત્રોમાં પણ એ એનું ગૌરવ લે છે.'

'પછી પ્રતિભાએ શું કહ્યું ?' મેં ફરી પૂછ્યું.

'પ્રતિભા તો કહે છે કે, એ ગમે તે હોય... મને એ ખૂબ ગમે છે. એને જોઉં છું ને હું ગાંડી થઈ જાઉં છું. મને એના પ્રત્યે એટલો બધો અભરખો કેમ છે તે હું સમજી શકતી નથી. પ્રતિભા કહે છે કે મેં એના કરિયર વિશે ઘણીવાર ચર્ચા કરી છે. એ તો સ્પષ્ટપણે કબૂલ કરે છે કે અગાઉ મેં જે કંઈ કર્યું હતું તે

મારી નાસમજમાં, ભોળપણમાં કર્યું હતું.' અનુરાગ બોલી રહ્યો.

'તું હવે પ્રતિભાને નહીં બચાવી શકે.'

'કેમ ?'

'પ્રતિભાનું નાવ તોફાની મધદરિયે... આવેશના ઘોડાપૂરમાં તે તણાઈ ગઈ છે. ભગવાન જ એને બચાવી શકે.'

'તમારી વાત સાચી છે... હવે તો તેઓ ખૂબ આગળ વધી ગયાં છે...'

નિસાસો નાખતાં અનુરાગ બોલી રહ્યો.

હું ચોંકી ગયો.

અનુરાગે ચલાવ્યે રાખ્યું : 'પ્રતિભાને હું વર્ષોથી ઓળખું છું. કેટલી શાંત છોકરી ? પણ તેના તરફ કોઈએ જ દરકાર રાખી નહીં. તેના આવિર્ભાવો તેણે મનમાં જ ગોપાવી રાખ્યા. એના અંતરની લાગણીઓને વાચા આપનારું – ઝીલનારું કોઈ મળ્યું નહીં ને એના પરિણામે કોઈ ભમરો એને બહેકાવી ગયો.

મધ ચૂસાઈ ગયા પછી એની શું હાલત હશે...!' અનુરાગના સ્વરમાં દર્દ હતું.

'એ બની શકે... પોતાના રૂપને, બુદ્ધિને એપ્રિસિયેટ કરનારું કોઈક તો નીકળ્યું એમ માનીને પ્રતિભા કદાચ એ છોકરા પ્રત્યે ખેંચાઈ હોય એ સંભવ છે.

બુદ્ધિશાળી વ્યક્તિઓની પણ આ તકલીફ છે. તેઓ ઘણીવાર જાણીબૂઝીને એવી ભૂલો કરી નાખતા હોય છે કે તેનાં માઠાં ફળ આખી જિંદગી ભોગવવાં પડે.

પ્રતિભાનો કિસ્સો પણ એવો જ લાગે છે. પણ અનુરાગ ! તું એ છોકરીની આટલી બધી ચિંતા કેમ કરે છે ?' મેં પૂછી જ નાખ્યું.

થોડીવાર સુધી અનુરાગ ચૂપ રહ્યો. મેં એની સામે જોયું.

તે બોલ્યો : 'તું નહીં માને... પણ મને એ છોકરા પ્રત્યે ઈર્ષ્યા નથી,

બલ્કે મને પ્રતિભા પ્રત્યે કયા કારણસર આટલી બધી ઊંડી લાગણી છે તે હું સમજી શક્યો નથી. એક ફૂલની પાંખડીઓ ધીમેધીમે વિખરાઈ રહી છે.' અનુરાગે નિસાસો નાખ્યો.

તે વખતે રાત આગળ વધી ચૂકી હતી. રડ્યાંખડ્યાં સહેલાણીઓ ઘર તરફ વળી રહ્યાં હતાં. મેં અનુરાગ સામે જોયું. તે કંઈક વિચારતો હતો... શાયદ પ્રતિભા અત્યારે ક્યાં હશે ? એની એ ચિંતા કરતો હશે.

હું નિઃસહાય હતો.

પ્રતિભાની ચિંતા અનુરાગને કેમ હતી તે હું આજ સુધી સમજી શક્યો નથી.

દેવેન્દ્ર પટેલ
સંપર્ક
+91 98792 07102

જાણવા જેવું

આપણા દેશનું આગવું જળાશય : વાવ

જ મીનના પેટાળમાં પાણીના સ્રોતો હોય છે. બોરિંગ કરીને કે કૂવા ખોદીને પાણી મેળવી શકાય છે. કૂવા એ મહત્ત્વના જળસ્રોત છે. ઓછી ઊંડાઇએ આવેલા જળસ્રોતની આસપાસ બાંધકામ કરીને પાણી સુધી પહોંચી શકાય તેવા પગથિયાવાળા કૂવાને વાવ કહે છે. ભારતમાં ઘણી બધી કલાત્મક અને જોવાલાયક વાવ આવેલી છે. હિન્દીમાં તેને બાઉલી અને અંગ્રેજીમાં સ્ટેપવેલ કહે છે. ભારતની કેટલીક સુપ્રસિદ્ધ વાવનો ટૂંકો પરિચય પણ રસપ્રદ છે. ચાંદ બાઉલી : ભારતની સૌથી ભવ્ય રાજસ્થાનની ચાંદ વાવ ૧૩ માળની છે. તેમાં ૩૫૦૦ જેટલા પગથિયા છે દરેક માળે નાનકડી દેરીઓ, સ્તંભો અને છાજલી જોવા મળે છે. ભરપુર કલાત્મક કોતરણીવાળી આ વાવ સૌથી જૂની છે. ગુજરાતની પાટણની રાણકી વાવ વર્લ્ડ હેરિટેજમાં સ્થાન પામી છે. બીજી અડાલજની વાવ પણ આકર્ષણનું કેન્દ્ર છે. આ ઉપરાંત રાજસ્થાનના બુંદીની રાણીની વાવ દિલ્હીમાં અગ્રસેનની વાવ અને રાજોકી બાઉલી જોવા જેવી છે.

અલ્ટ્રાવાયોલેટ કિરણો શું છે? તે ક્યાંથી આવે?

સૂર્યપ્રકાશ સાત રંગોનો બનેલો છે તે જાણીતી વાત છે. આ સાત રંગ એટલે માણસ જોઈ શકે તે જ છે તે સિવાય પણ સૂર્યપ્રકાશના કિરણમાં બીજા રંગ હોય છે. રંગ એટલે કિરણની તરંગલંબાઈ કે વેવલેન્થ. દરેક રંગ પોતપોતાની અલગ વેવલેન્થ ધરાવે છે. આપણે જોઈ શકીએ તે પ્રથમ રંગ જાંબલી કે વાયોલેટ છે. તેની પહેલાંનો અલ્ટ્રાવાયોલેટ રંગ આપણને દેખાતો નથી. મધમાખી જેવા કેટલાક જંતુઓ અને પશુ-પક્ષીઓને આ રંગ દેખાય છે. અલ્ટ્રાવાયોલેટના આ કિરણો ચામડીને દઝાડે અને આંખોને નુકસાન કરે તેટલા તીવ્ર હોય છે. જો કે સૂર્યમાળામાં આવતા બધા જ અલ્ટ્રાવાયોલેટ કિરણો પૃથ્વી સુધી પહોંચતા નથી. પૃથ્વીના વાતાવરણમાં પ્રવેશે ત્યારે તે ઑક્સિજન સાથે પ્રક્રિયા કરી નવો ઓઝોન વાયુ બનાવે છે અને તેનું સ્તર બને છે. ઓઝોન સ્તર અલ્ટ્રાવાયોલેટ કિરણો સામે આપણું રક્ષણ કરે છે. આપણા શરીરને થોડા અલ્ટ્રાવાયોલેટ કિરણોની જરૂર છે. તે ચામડીમાં વિટામીન 'ડી' બનાવવામાં ઉપયોગી છે. તે તીવ્ર હોવાથી રોગજનક બેક્ટેરિયાનો નાશ પણ કરે છે. વિજ્ઞાનીઓએ અલ્ટ્રાવાયોલેટ કિરણો પેદા કરવાના લેમ્પ બનાવ્યા છે તે ઘણા રોગોની સારવારમાં ઉપયોગી થાય છે.

ન્યૂઝીલેન્ડની સોફિ ડિવાઈને રચ્યો ઈતિહાસ

ટી-૨૦ ક્રિકેટમાં માત્ર ૩૬ બોલમાં સદી ફટકારી

ન્યૂઝીલેન્ડની સ્ટાર મહિલા ક્રિકેટર સોફી ડિવાઈને ઈતિહાસ રચી દીધો છે. સોફી ડિવાઈને મહિલા ટી-૨૦ ક્રિકેટના ઈતિહાસમાં સૌથી ઝડપી સદી ફટકારી છે. ન્યૂઝીલેન્ડની સુપર સ્મૈશ કોમ્પિટિશનમાં સોફી ડિવાઈને માત્ર ૩૬ બોલમાં જ સદી ફટકારી હતી. ન્યૂઝીલેન્ડની મહિલા ટીમની કેપ્ટને આ શાનદાર ઈનિંગ્સ દરમિયાન ૯ ફોર અને ૯ સિક્સ ફટકારી હતી. સોફી ડિવાઈન ૧૦૮ રને અણનમ રહી હતી. સોફી ડિવાઈને પોતાના ઐતિહાસિક અને રેકોર્ડ બ્રેક ઈનિંગ્સમાં ૩૮ બોલ રમ્યા હતા. સોફી ડિવાઈનની આ ઈનિંગ્સને કારણે તેની ટીમ વેલિંગ્ટને માત્ર ૮.૪ ઓવરમાં ૧૨૯ રનનો ટાર્ગેટ ચેઝ કરી લીધો હતો. સોફીની ટીમે ૧૫.૫૯ પ્રતિ ઓવરના દરે રન સ્કોર કર્યા હતા. ગત નવેમ્બરમાં રિબેલ વુમન બિગ બેશ લીગ બાદ કોઈપણ ફોર્મેટમાં આ સોફીની પ્રથમ મેચ હતી. રસપ્રદ વાત એ છે કે, તે રવિવારે ૧૪ દિવસના ક્વારેન્ટાઈનને પૂર્ણ કર્યો હતો. સોફી ડિવાઈને વિન્ડીઝની ડીન્દ્રા ડોટિનનો ૧૦ વર્ષ જૂના રેકોર્ડને તોડ્યો હતો. ડીન્દ્રાએ વિમેન્સ ટી-૨૦માં પ્રથમ સદી ૨૦૧૦માં ફટકારી હતી અને આ માટે તેણે ૩૮ બોલ રમ્યા હતા. ૨૦૧૮માં ઓસ્ટ્રેલિયાની ગ્રેસ હેરિસે બ્રિસ્બેન હિટ તરફથી રમતા ૪૨ બોલમાં સદી ફટકારી હતી.

અંકિતા રૈના અંતિમ ક્વોલિફાયર મુકાબલામાં હારી

નવીદિલ્હી: ભારતની નંબર વન સિંગલ્સ ખેલાડી અંકિતા રૈનાનું ગ્રાન્ડસ્લેમના મુખ્ય ડ્રોમાં સ્થાન મેળવવાનું સ્વપ્ન ફરીથી રોળાઇ ગયું હતું. તે ઓસ્ટ્રેલિયન ઓપન ગ્રાન્ડસ્લેમની ક્વોલિફાઇંગ ટૂર્નામેન્ટના અંતિમ રાઉન્ડમાં સર્બિયાની ઓલ્ગા ડોનિલોવિચ સામે હારી ગઇ હતી. દુબઇ ખાતે રમાતી આ ટૂર્નામેન્ટમાં અંકિતાએ સર્બિયન ખેલાડી સામે લગભગ બે કલાક સંઘર્ષ કર્યા બાદ ૬-૨, ૩-૬, ૬-૧થી પરાજયનો સામનો કર્યો હતો. ગ્રાન્ડસ્લેમના મુખ્ય ડ્રોમાં સ્થાન મેળવવા માટે અંકિતાનો આ છઠ્ઠો પ્રયાસ હતો.

આ અગાઉ અંકિતા રૈના વિમેન્સ સિંગલ્સમાં વિશ્વની ૧૧૮મી ક્રમાંકિત ખેલાડી કેટરિના જાવાતસ્કા સામે ત્રણ સેટમાં વિજય હાંસલ કરીને ઓસ્ટ્રેલિયન ઓપન ક્વોલિફાયર ટેનિસ ટૂર્નામેન્ટના અંતિમ રાઉન્ડમાં પહોંચી હતી. અંકિતાએ બીજા રાઉન્ડના મુકાબલામાં યુક્રેનની ખેલાડીને બે કલાક ૨૦ મિનિટ સુધી રમાયેલા મુકાબલામાં ૬-૨, ૨-૬, ૬-૩થી હરાવી હતી.

બુમરાહ બ્રિસબેન ટેસ્ટમાંથી બહાર, અગ્રવાલને નેટ્સમાં ઈજા

સિડની: આધારભૂત પેસ બોલર જસપ્રીત બુમરાહ પેટના સ્નાયુ ખેંચાઇ જવાના કારણે ઓસ્ટ્રેલિયા સામે ૧૫મી જાન્યુઆરીથી રમાનારી બ્રિસબેન ટેસ્ટમાંથી બહાર થઇ જતાં ઇજાઓથી ખોડંગાયેલી ભારતીય ટીમને વધુ એક ફટકો પડ્યો છે. આ ઉપરાંત બ્રિસબેન ટેસ્ટ માટેની ભારતીય પ્લેઇંગ ઇલેવનમાં હનુમા વિહારીના વિકલ્પ તરીકે મનાતા મયંક અગ્રવાલને પણ નેટ્સમાં બેટિંગ કરતી વખતે હાથમાં ઇજા થઇ હતી અને તેને હેરલાઇન ફ્રેક્ચર હોવાનું માનવામાં આવી રહ્યું છે. સિડની ખાતે ડ્રો રહેલી ત્રીજી ટેસ્ટના પાંચમા દિવસે લગભગ સાડા ત્રણ કલાક સુધી બેટિંગ કરવાના કારણે સિનિયર ખેલાડી આર. અશ્વિનની પીઠના સ્નાયુ જકડાઇ ગયા હોવાથી ભારતીય ટીમની સ્થિતિ વધારે કફોડી બની છે અને આ કારણથી ભારત પાસે પ્લેઇંગ ઇલેવન માટે સીમિત વિકલ્પ રહી ગયા છે. ભારતીય બોલિંગ આક્રમણના મહત્ત્વપૂર્ણ સભ્ય બુમરાહને સિડની ખાતેની ટેસ્ટમાં પેટના સ્નાયુ ખેંચાઇ જવાની ઇજા થઇ હતી.

બુમરાહની ઈજા ગંભીર નહીં હોવાથી મેનેજમેન્ટને રાહત થઈ

પેસ બોલર બુમરાહની ઇજા ગંભીર નથી તે સાંભળીને ટીમ મેનેજમેન્ટને રાહત થઇ છે. જો કે મેનેજમેન્ટ બ્રિસબેન ટેસ્ટ માટે બુમરાહ અંગે કોઇ જોખમ લેવા માગશે નહીં કારણ કે જો તે ટેસ્ટની અધવચ્ચે વધારે ઇજાગ્રસ્ત બનશે તો વધારે ખોટી અસર પડશે. જો અમે બુમરાહને તેની ૫૦ ટકા ફિટનેસ સાથે રમાડવાનું જોખમ ઉઠાવીએ અને તેની ઇજામાં વધારો થાય તો તે ઇંગ્લેન્ડ સામેની મોટા ભાગની શ્રેણીમાંથી પણ બહાર થઇ જશે. વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપની ફાઇનલને ધ્યાનમાં રાખતા ઇંગ્લેન્ડ સામેની શ્રેણી ભારતીય ટીમ માટે વધારે મહત્ત્વપૂર્ણ છે.

ટિમ પેઇનેએ અશ્વિનની માફી માગી

સિડની: ઓસ્ટ્રેલિયન ટેસ્ટ ટીમના સુકાની ટિમ પેઇનેએ ભારત સામે ડ્રો થયેલી સિડની ટેસ્ટ બાદ મેદાનમાં પોતાના વર્તન અંગે માફી માગી હતી. તેણે જણાવ્યું હતું કે હું પ્રેરણાદાયી કેપ્ટનશિપ કરવામાં નિષ્ફળ રહ્યો હતો અને અશ્વિન સામે સ્લેજિંગ કરતી વખતે હું બેવકૂફ જેવો લાગતો હતો. મેચ દરમિયાન હું ઘણી વખત ગુસ્સામાં આવીને મારું ધ્યાનભંગ કરી બેઠો હતો. મેં મેચ બાદ અશ્વિન સાથે વાતચીત કરી હતી અને મેં તેની માફી પણ માગી હતી. મેચ બાદ પેઇનેને ઓનલાઇન પ્રેસ કોન્ફરન્સ માટે આવવાનું નહોતું પરંતુ તે પહોંચી ગયો હતો અને તેણે જણાવ્યું હતું કે મારે કેટલીક બાબતો સ્પષ્ટ કરવી હતી.

અશ્વિન-વિહારીએ ઓસી.નો વિજય છીનવ્યો

સિડની: ઓસ્ટ્રેલિયન બોલર્સે બોડી લાઇન બાઉન્સરની રણનીતિ અપનાવી હોવા છતાં અશ્વિન અને હનુમા વિહારીએ પાંચમા દિવસની ૯૦ ઓવરની રમતમાં ૪૩ ઓવર સુધી અડીખમ બેટિંગ કરતા ભારતે ભારે રસાકસી બાદ સિડની ટેસ્ટ ડ્રો કરવામાં સફળતા મેળવી હતી. ઓસ્ટ્રેલિયાએ ભારતને વિજય મેળવવા માટે ૪૦૭ રનનો ટાર્ગેટ આપ્યો હતો જેના જવાબમાં ભારતે પાંચ વિકેટે ૩૩૪ રન બનાવ્યા હતા. અંતિમ દિવસે એક ઓવરની રમત બાકી હતી ત્યારે ઓસ્ટ્રેલિયન સુકાની ટિમ પેઇનેએ આખરે મેચને ડ્રો કરવાની જાહેરાત કરી હતી. અશ્વિને ૧૨૮ બોલમાં સાત બાઉન્ડ્રી વડે ૩૯ તથા વિહારીએ ૧૬૧ બોલમાં ૨૩ રનનું યોગદાન આપ્યું હતું.

ICC ટેસ્ટ રેન્કિંગ : સ્ટિવ સ્મિથ બીજા ક્રમે, પંતની હરણફાળ

દુબઇ: આઇસીસી ટેસ્ટ રેન્કિંગમાં ભારતીય સુકાની વિરાટ કોહલી બેટ્સમેનોની યાદીમાં ત્રીજા સ્થાને સરકી ગયો છે. તેના સ્થાને ઓસ્ટ્રેલિયાનો સ્ટિવ સ્મિથ બીજા ક્રમે પહોંચ્યો છે. બીજી તરફ ભારતની નવી દીવાલ તરીકે ગણાતો ચેતેશ્વર પૂજારા બે ક્રમાંકની આગેકૂચ કરીને ૮મા ક્રમે પહોંચી ગયો છે. નવી યાદીમાં કોહલીના ૮૭૦ રેટિંગ પોઇન્ટ છે. તે પેટરનિટી રજાના કારણે ઓસ્ટ્રેલિયા સામેની પ્રથમ ટેસ્ટ બાદ વતન પરત ફર્યો હતો. સ્મિથ ૯૦૦ પોઇન્ટ સાથે બીજા ક્રમે છે. વિલિયમ્સન આઇસીસી ટેસ્ટ રેન્કિંગમાં હાઇએસ્ટ રેટિંગ પોઇન્ટ મેળવનાર ન્યૂઝીલેન્ડનો પ્રથમ ક્રિકેટર પણ બની ગયો છે. ટીમ ઇન્ડિયાનો અજિંક્ય રહાણે એક ક્રમાંક પાછળ સરકીને ૭મા ક્રમે પહોંચ્યો છે. રિષભ પંતે સિડનીમાં ૩૬ તથા ૯૭ રનની ઇનિંગ્સ રમી હતી અને તે ૧૯ ક્રમાંકની છલાંગ લગાવીને ૨૬મું સ્થાન મેળવ્યું હતું. હનુમા વિહારી ૫૨મા, શુભમન ગિલ ૬૯મા તથા અશ્વિન ૮૯મા ક્રમાંકે છે. બોલિંગમાં ઓફ સ્પિનર અશ્વિનને બે ક્રમાંકનું નુકસાન થયું છે અને તે ૯મા ક્રમે સરકી ગયો છે.

સિંધૂ-પ્રણીત પરાસ્ત, કોરોનાગ્રસ્ત સાઇનાનો રિપોર્ટ ગણતરીના કલાકોમાં નેગેટિવ આવ્યો

બેંગકોક : વર્લ્ડ ચેમ્પિયન પીવી સિંધૂને ઇન્ટરનેશનલ બેડમિન્ટનમાં પુનરાગમન કરવાની સાથે જ પ્રથમ રાઉન્ડમાં પરાજયનો સામનો કરવો પડ્યો હતો. તે થાઇલેન્ડ ઓપન સુપર ૧૦૦૦ ટૂર્નામેન્ટના પ્રારંભિક મુકાબલામાં જ ડેનમાર્કની મિયા બ્લિચફેલ્ડ સામે ત્રણ ગેમમાં હારી ગઇ હતી. ૭૪ મિનિટ સુધી રમાયેલા મુકાબલામાં થાઇ ખેલાડીએ સિંધૂને ૧૬-૨૧, ૨૬-૨૪, ૨૧-૧૩થી પરાજય આપ્યો હતો. કોરોના

વાઇરસની મહામારીના કારણે ઇન્ટરનેશનલ કેલેન્ડર વિઘ્નિત થયાના મહિનાઓ બાદ છઠ્ઠી ક્રમાંકિત સિંધૂએ આ ટૂર્નામેન્ટ દ્વારા કોર્ટ ઉપર પુનરાગમન કર્યું હતું. બીજી તરફ સાઇના નેહવાલનો કોરોના પોઝિટિવ રિપોર્ટ ગણતરીના કલાકોમાં નેગેટિવ આવતાં તેને ટૂર્નામેન્ટમાં રમવા અંગે મંજૂરી મળી હતી. મેન્સ સિંગલ્સમાં સાઇ પ્રણીતને થાઇલેન્ડના કેન્ટાફોન વાંગચારોને સીધી ગેમમાં ૧૬-૨૧, ૧૦-૨૧ના સ્કોરથી હરાવ્યો હતો. આ પહેલાં મિક્સ ડબલ્સમાં સાત્વિક સાઇરાજ રેંકીરેડ્ડી અને અશ્વિની પોનપ્પાએ ઇન્ડોનેશિયાના હફીઝ ફૈઝલ તથા ગ્લોરિયા વિઝાજાને ૨૧-૧૧, ૨૭-૨૯, ૨૧-૧૬થી પરાજય આપ્યો હતો.

શ્રીલંકન ટેસ્ટ ટીમમાં એન્જેલો મેથ્યુઝનું પુનરાગમન

કોલંબોઃ ઇંગ્લેન્ડ સામે ગુરુવારથી ગાલે ખાતે રમાનારી બે ટેસ્ટની શ્રેણી માટે શ્રીલંકાએ તેના ૨૨ ખેલાડીઓમાં અનુભવી ઓલરાઉન્ડર એન્જેલો મેથ્યુઝનો સમાવેશ કર્યો છે. ભૂતપૂર્વ સુકાની મેથ્યુઝ હેમસ્ટ્રિંગ ઇજાના કારણે સાઉથ આફ્રિકાના પ્રવાસે જઇ શક્યો નહોતો પરંતુ ઇંગ્લેન્ડ સામેની પ્લેઇંગ ઇલેવનમાં તેનો સમાવેશ કરવામાં આવશે તેવી સંભાવના છે. આ શ્રેણી આઇસીસી વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપનો હિસ્સો છે. દિમુખ કરુણારત્ને શ્રીલંકન ટીમનું નેતૃત્વ કરશે.

કતારમાં રમાનાર વર્લ્ડ કપ બધી રીતે શ્રેષ્ઠ સાબિત થશે : ફાલર

નવી દિલ્હી: પૂર્વ લિવરપૂલ સ્ટ્રાઇકર રોબી ફાલર ૨૦૨૨ માં કતારમાં ફીફા વર્લ્ડ કપની આતુરતાથી રાહ જોતા ફૂટબોલ સ્ટાર્સમાંના એક છે. કતારે આ કાર્યક્રમ માટે અત્યાધુનિક ટેકનોલોજી અને વિશ્વકક્ષાની સુવિધાઓ સાથે ભવ્ય સ્ટેડિયમ બનાવ્યા છે, જે એશિયામાં બીજી વખત અને મધ્ય પૂર્વમાં પ્રથમ વખત બનનાર છે, જેણે પહેલાથી જ ફૂટબોલ પ્રેમીઓને આકર્ષવાનું શરૂ કર્યું છે. કતારે વર્લ્ડ કપ માટે આઠ સ્ટેડિયમ તૈયાર કરવાની યોજના બનાવી હતી અને તેમાંથી ચાર ઉદઘાટન કરવામાં આવ્યાં છે. બાકીના કામ પર ઝડપી કામગીરી ચાલુ છે. આ સ્ટેડિયમ દ્વારા કતાર ચાહકો માટે એક મહાન અનુભવની આશા રાખે છે. રસપ્રદ વાત એ છે કે, કતાર કોરોના રોગચાળા પછી યોજાનારી ૨૦૨૨ નો વર્લ્ડ કપ રમતગમતની એક મોટી ઘટના હશે. કતાર વર્લ્ડ કપ ઘણી બાબતોમાં અનોખો અને અનોખો હશે અને ફાલાર પણ માને છે કે તે ખેલાડીઓ અને ચાહકો માટે એક મહાન પ્રસંગ હશે. ઈન્ડિયન સુપર લીગ (આઈએસએલ) માં એસસી ઈસ્ટ બંગાળના કોચિંગ આપી રહેલા ફાલરે કહ્યું કે, હું ખરેખર માનું છું કે કતારમાં વર્લ્ડ કપ મહાન હશે.

અમેરિકામાં એક દિવસમાં રેકોર્ડ બ્રેક ૪૭૭૦ અને બ્રાઝિલમાં ૧૧૧૦ના મોત, ચીનમાં ફરી કેસ વધ્યા

રશિયામાં નવા ૨૨,૯૩૪ કેસ, કુલ કેસની સંખ્યા ૩૪.૪૮ લાખ, ૨૪ કલાકમાં ૫૩૧ના મોત નીપજ્યા

વોશિંગ્ટન : અમેરિકામાં કોરોનાનો કહેર જાણે કે પુરો થવાનું નામ નથી લઈ રહ્યો. કોરોનાના કેસ અને કોરોનાના કારણે થતા મોતનો આંકડો દરરોજ નવા રેકોર્ડ બનાવી રહ્યો છે. ત્યારે ગુરૂવારે પણ અમેરિકામાં કોરોનાના કારણે રેકોર્ડ મૃત્યુ થયા હતા. કોરોનાએ ગત ૨૪ કલાકમાં ૪૭૭૦ લોકોનો જીવ લીધો હતો. જે ત્યાર સુધીમાં સૌથી વધારે છે. દુનિયામાં કોરોના વાયરસથી સૌથી વધુ પ્રભાવિત દેશોની યાદીમાં અમેરિકા મોખરે છે. જ્યાં અત્યાર સુધીમાં ૨ કોરડ ૨૮ લાખ કરતા પણ વધારે કોરોના કેસ નોંધાયા છે. તો કોરોનાના કારણે ૩ લાખ ૮૦ હજાર કરતા વધારે લોકોના જીવ ગયા છે.

તો આ તરફ જ્યાંથી આ મહામારી ફેલાય છે તેવા ચીનની અંદર પણ ફરીથી કોરોના વાયરસનો ફેલાવો વધ રહ્યો છે. જેના કારણે ચીનના ચાર

શહેરોમાં લોકડાઉન કરવામાં આવ્યું છે. ચીનના રાષ્ટ્રીય સ્વાસ્થ્ય આયોગના જણાવ્યા પ્રમાણે કોરોના વાયરસના ૧૧૫ કેસ નોંધાયા છે. તો એક દિવસ પહેલા ૫ કેસ સામે આવ્યા હતા. ૩૦ જુલાઈ બાદ એક દિવસમાં સૌથી વધારે કેસ સામે આવ્યા છે. ૧૧૫માંથી ૧૦૭ કેસ તો સ્થાનિક છે. જેમાંથી સૌથી વધારે ૯૦ કેસ હેબઈ પ્રાંતમાં નોંધાયા છે.

આ બાજુ રશિયાની વાત કરે તો રશિયામાં પણ કોરોનાના નવા ૨૨,૯૩૪ કેસ નોંધાયા છે. જેના કારણે કુલ કેસની સંખ્યા ૩૪ લાખ ૪૮ હજાર કરતા વધી છે. તો ગત ૨૪ કલાકમાં કોરોનાના કારણે રશિયામાં ૫૩૧ લોકોના મોત થાય છે. અત્યાર સુધીનો કુલ મૃત્યુઆંક ૬૨,૮૦૪ થયો છે. સૌથી વધારે પ્રભાવિત દેશોમાં બ્રાઝિલ પણ આવે છે.જ્યાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના કારણે ૧૧૧૦ લોકોના મોત થયા છે. તો ૬૪૦૨૫ નવા કેસ પણ સામે આવ્યા છે. બ્રાઝિલમાં ત્યાર સુધીમાં ૮ લાખ કરતા પણ વધારે કેસ નોંધાયા છે અને ૨,૦૪, ૬૯૦ લોકોના મોત થયા છે.

કોરોનાને કારણે મલેશિયામાં કટોકટી જાહેર, ચીનમાં ફરી લોકડાઉન લાગુ

બેઈજિંગ : ચીનના વુહાનમાં કોરોના વાઈરસની શરૂઆત થઈ હતી, જે બાદમાં સમગ્ર વિશ્વમાં પહોંચી ગયો છે. આ સ્થિતિ વચ્ચે વિશ્વ આરોગ્ય સંસ્થા (ડબલ્યુએચઓ) વુહાનની મુલાકાત માટે પોતાના ૧૦ સભ્યોની ટીમને રવાના કરશે. આ ટીમ સિંગાપોરથી સીધી ચીનના વુહાન શહેરમાં પહોંચશે કે જ્યાં વાઈરસની શરૂઆત થઈ હતી. વાઈરસ ખરેખર કેવી રીતે અને ક્યાંથી ફેલાયો તેની જાણકારી મેળવવામાં આવશે. જ્યારે ચીનમાં ફરી લોકડાઉન જાહેર કરાયું છે અને મલેશિયાએ કોરોનાને કારણે કટોકટી જાહેર કરી છે. ચીનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા ઝાઓ લિજિયાને કહ્યું હતું કે વર્તમાન આયોજન મૂજબ ડબલ્યુએચઓની ટીમ ૧૪મી જાન્યુઆરીએ સિંગાપોરથી વુહાન પહોંચશે. વિશ્વમાં લાખો લોકોનો ભોગ લેનારા કોરોના વાઈરસની તપાસ માટે સંસ્થાની ટીમ ચીન પહોંચી રહી છે, જેને કારણે હવે એ સત્ય પણ બહાર આવી શકે છે કે આ વાઈરસ ચીનથી જ ફેલાયો છે. જ્યારે ચીન આ સત્યને નકારી રહ્યું છે અને અગાઉ સંસ્થાની મુલાકાતને પણ મંજૂરી નહોતી આપી. બીજી તરફ ચીનમાં ફરી લોકડાઉનને લંબાવી દેવામાં આવ્યું છે. મંગળવારથી ચીનના કેટલાક શહેરોમાં સાત દિવસ માટે લોકડાઉન જાહેર કરાયું છે.

રસીકરણ પછી ૨૦૨૧માં વિશ્વમાં હર્ડ ઈમ્યૂનિટીની શક્યતા ઓછી : WHO

વોશિંગ્ટન : વિશ્વના ઘણા મોટા દેશોમાં રસીકરણની કામગીરી શરૂ થઈ ગઈ છે અને ભારતમાં પણ આ સપ્તાહના અંતમાં રસીકરણ શરૂ થવાનું છે ત્યારે ડબ્લ્યુએચઓએ નવી ચિંતા વ્યક્ત કરી છે અને જણાવ્યું કે, ૨૦૨૧માં દુનિયામાં કોરોનાની સામે હર્ડ ઈમ્યૂનિટી જનરેટ થાય તેવી શક્યતાઓ નહીંવત છે. વેક્સિનના ઉત્પાદનમાં સમય લાગી રહ્યો છે બીજી તરફ રસીકરણ અને રસી લેવાના તબક્કામાં પણ મોટું અંતર હોવાથી રસીની અસરકારકતા અંગે અત્યારથી તારણ બાંધી શકાય નહીં. ચીનમાં કેસ વધતાં લોકડાઉન આકરું બનાવાયું

વિશ્વમાં કોરોનાના કેસ સતત વધી રહ્યા છે. બીજી તરફ ચીનમાં કોરોનાના કેસમાં વધારો જોવા મળી રહ્યો છે. તેને પગલે ચીન ફરી સતર્ક થયું છે. બેઈજિંગની આસપાસના પ્રાન્તમાં કોરોનાના કેસ આવતાં લોકડાઉન આકરું કરવામાં આવ્યું છે. રાજકીય કાર્યક્રમો અને મેળાવડાઓ ઉપર પણ પ્રતિબંધ મૂકી દેવામાં આવ્યો છે. રાષ્ટ્રીય કક્ષાના આયોજનો હાલ પૂરતા સ્થગિત કરાયા છે. જર્મનીમાં કેસમાં વધારો જોવા મળી રહ્યો છે. તેને પગલે એન્જેલા મર્કેલે વિશેષ બેઠક બોલાવી છે. જાણકારોના મતે લોકડાઉન અને પ્રતિબંધોની સ્થિતિમાં વધારો કરવાની શક્યતાઓ પ્રબળ બની છે.

ચીનમાં ફરી કોરોનાથી એક મોત, વાયરસે ઉથલો માર્યો

બેઇજિંગ : ચીન ગમે તે કહે પણ વુહાનમાંથી દુનિયામાં કોરોના વાયરસ ફેલાયો હોવાનુ મોટાભાગના દેશો માની રહ્યા છે. જોકે અત્યાર સુધીમાં ચીને કોરોના પર કાબૂ મેળવી લીધો છે અને બીજા દેશો તેની સામે ઝઝૂમી રહ્યા હોવાનુ દેખાતુ હતુ પણ હવે ચીનમાં કોરોના વાયરસ ફરી ઉથલો મારે તેવો ભય વ્યક્ત થઈ રહ્યો છે.કારણકે આઠ મહિના બાદ ચીનમાં કોરોના વાયરસના કારણે પહેલુ મોત થયુ છે અને ચીનમાં તેના કારણે ફરી ફફડાટ ફેલાયો છે.

જાપાનમાં કોરોનાનો નવો સ્ટ્રેન : નિષ્ણાતો દ્વારા ગંભીર ખતરાની ચેતવણી, ઇમરજન્સી જાહેર

બેઈજિંગ : ચીનના વુહાન શહેરમાંથી નીકળેલ કોરોના વાયરસ સતત પોતાના નવા-નવા સ્વરૂપ ધારણ કરતાં ખૂબ જ સંક્રમક થઈ રહ્યું છે. બ્રિટન, દક્ષિણ આફ્રિકા બાદ હવે જાપાનમાં પણ કોરોના વાયરસનો એક નવો મ્યુટેટ સ્ટ્રેન મળ્યો છે. નિષ્ણાતોએ ચેતવણી આપી છે કે કોરોના વાયરસનો આ નવો સ્ટ્રેન બ્રિટનમાં જોવા મળેલા સ્ટ્રેનની જેમ જ ખૂબ જ વધુ સંક્રમક છે. કોરોના વાયરસનો આ નવો સ્ટ્રેન અત્યાર સુધી જોવા મળ્યો નહોતો અને બ્રાઝીલથી પાછા આવેલા ૪ લોકોમાં જોવા મળ્યો છે. નિક્કેઈ એશિયાના રિપોર્ટ પ્રમાણે આ સંક્રમિત પેસેન્જર બે જાન્યુઆરીના રોજ બ્રાઝીલથી જાપાનના હનેદા એરપોર્ટ પર ઉતર્યા હતા. આ લોકોમાં મહિલાઓ અને પુરુષ બંને સામેલ છે. આ તમામ લોકોનો એરપોર્ટ પર ટેસ્ટ થયો હતો અને હવે રિઝલ્ટ પોઝિટિવ આવ્યા છે. જે ત્રણ લોકોમાં કોરોના વાયરસનો નવો સ્ટ્રેન જોવા મળ્યો છે તેમાં શ્વાસ લેવામાં મુશ્કેલી, તાવ અને ગળામાં મુશ્કેલી જોવા મળી છે.

સેનડિએગોના ઝૂ સફારી પાર્કના ગોરિલાઓને કોરોના રિપોર્ટ પોઝિટિવ

અમેરિકાના સેન ડિએગોના ઝૂ સફારી પાર્કમાં અનેક ગોરિલાઓના કોરોના ટેસ્ટ પોઝિટિવ આવ્યા છે. પાર્કના એક્ઝિક્યૂટીવ ડાયરેક્ટર લિસા પિટરસનના જણાવ્યા અનુસાર અએક સાથે રહેતા આઠ ગોરિલાઓને કોરોના થયો હોવાની શક્યતા છે. જ્યારે અન્ય કેટલાક ગોરિલા કફની સમસ્યાનો સામનો કરી રહ્યાં છે. સૂત્રોના જણાવ્યા અનુસાર પાર્કની વાઇલ્ડ લાઇફ ટીમના એક સભ્યને થોડાક સમય પહેલા કોરોના થયો હતો.

પાક.માં મંદિર તોડવા મદદરૂપ થયેલા ૧૨ પોલીસને નોકરીમાંથી કાઢી મુકાયા

ઈસ્લામાબાદ : પાકિસ્તાના ખૈબર પખ્તુનખા પ્રાંતમાં આવેલા હિન્દૂ મંદિરના પુનરોદ્ધાર વખતે ૩૧ ડિસેમ્બરના રોજ કટ્ટરવાદી મુસ્લિમોએ હુમલો કરી મંદિરમાં તોડફોડ કરી હતી તેમજ મંદિરમાં રહેલી દેવી દેવતાઓની મૂર્તિઓ તેમજ ફોટાઓ તોડી ફોડી નાખ્યા હતા. ઉપરાંત નવા તથા જુના બાંધકામને તોડી નાખ્યું હતું.

રાજ્ય સરકારની મંજૂરી લીધા પછી આ પ્રાચીન મંદિરનો જીર્ણોદ્ધાર કરવાનું કામ શરૂ થયું હતું. તેમ છતા અમુક કટ્ટરવાદી જૂથોએ હુમલો કરી મંદિરમાં તોડફોડ કરી હતી. જે અંગે ડેપ્યુટી ઈન્સ્પેકટર જનરલ ઓફ પોલીસે તપાસ કરાવી હતી. તેનો અહેવાલ આવી જતા ૧૨ પોલીસોને નોકરીમાંથી બરતરફ તથા ૩૩ પોલીસ કર્મચારીની નોકરી એક વર્ષ માટે જપ્ત કરવા ભલામણ કરાઈ હતી. આધારે ઉપરોક્ત પગલું લેવાયું હતું તેવું સમાચાર સૂત્રો દ્વારા જાણવા મળે છે. છેલ્લા ઘણા દિવસથી પાકિસ્તાનાં હિંદુ લોકોને ત્રાસ આપવામાં આવી રહ્યો છે. અને પાકિસ્તાનમાં વિવિધ હિંદુ મંદિરો ઉપર હુમલો કરીને તોડફોડ કરવામાં આવી રહી છે. મંદિરની અંદર ભગવાનના ફોટો ફાડી નાખવામાં આવી રહ્યા છે. અને સાથે સાથે ભગવાનની મુર્તીઓને પણ તોડી નાખવામાં આવી રહી છે. પાકિસ્તાન દ્વારા આ પ્રકારની ઘટનાનો ભારતીય હિંદુ દ્વારા વિરોધ કરવામાં આવી રહ્યો છે. છેલ્લા દિવસોમાં પાકિસ્તાનમાં હિંદુઓના અનેક મંદિરોમાં તોડફોડ કરવામાં આવી છે. પાકિસ્તાનની આર્થિક રાજધાની કરાચીમાં કટ્ટરપંથિઓના સમુહે એક બાળક ઉપર પૈગંબરની નિંદાનો આરોપ લગાવ્યો છે અને એક પ્રાચીન મંદિરમાં તોડફોડ કરી હતી.

યુએસનાં રાષ્ટ્રીય સુરક્ષા ડોક્યુમેન્ટસમાં ભારત-ચીન સરહદ વિવાદ અંગે ઘટસ્ફોટ

બેઈજિંગ : પુર્વી લદ્દાખમાં વાસ્તવિક નિયંત્રણ રેખા પર સરહદી વિવાદ અંગે તંગદીલી શરૂ થવાનાં બે વર્ષ પહેલા જ અમેરિકાએ ઈન્ડો-પેસિફિક વિસ્તાર માટે રણનિતી તૈયાર કરી હતી, તાજેતરમાં જ બહાર આવેલા અમેરિકાનાં રાષ્ટ્રિય સુરક્ષા ડોક્યુમેન્ટસ પ્રમાણે તેમાં ચીનની સાથે સરહદ વિવાદ જેવા પડકારોનું સમાધાન કરવા માટે ભારતને રાજકિય અને સૈન્ય સમર્થન આપવાની વાત કહેવામાં આવી હતી.

વર્ષ ૨૦૧૮ની શરૂઆતમાં અમેરિકાનાં પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે વર્ષ ૨૦૧૭ દરમિયાન રાષ્ટ્રિય સુરક્ષા પરિષદ દ્વારા બનાવવામાં આવેલી રણનિતીનું સમર્થન કર્યું હતું, વ્હાઈટ હાઉસ દ્વારા તૈયાર કરાયેલી રાષ્ટ્રિય સુરક્ષા બ્રિફિંગ, જેને ગુપ્ત અને વિદેશી નાગરિકો માટે નહીં બતાવાયા હતાં, એવું બહાર આવ્યું છે, આ બુધવારે જાહેર કરવામાં આવશે, ઓસ્ટ્રેલિયાનાં પબ્લિક સર્વિસ બ્રોડકાસ્ટર એબીસી ન્યુઝે મંગળવારે આ ઘટનાક્રમ સાથે સંકળાયેલા ડોક્યમેન્ટસ પ્રાપ્ત કર્યા છે.

ડોક્યમેન્ટસને ટાંકીને એબીસી ન્યુઝે જણાવ્યું કે અમેરિકાનાં રાજકીય,સૈન્ય અને ગુપ્ત ચેનલો દ્વારા ભારતને સમર્થન આપવાનું પ્લાનિંગ કર્યું હતું, જેથી ચીનની સાથેનાં સરહદી વિવાદ જેવા પડકારોનું સમાધાન કરી શકાય, તેનાથી અમેરિકાનાં હેતુઓ સંરક્ષણ સહયોગ અને અંતર ક્ષમતા માટે એક મજબુત આધારનું નિર્માણ કરીને સુરક્ષાનાં નેટ પ્રોવાઈડર તરીકે સેવા કરવા માટે ભારતની વૃધ્ધી અને ક્ષમતામાં તેજી લાવવાનો હતો.

૫૦ રાજ્યોમાં ટ્રમ્પ સમર્થકોના સશસ્ત્ર આંદોલનની ચેતવણી

વોશિંગ્ટન : આગામી દિવસોમાં અમેરિકી સંસદ પર વધુ હુમલા કરાય તેવી ચેતવણી વોશિંગ્ટન પોલીસ અને એફબીઆઈ દ્વારા જારી કરાઈ છે. વોશિંગ્ટન પોલીસે ડેમોક્રેટ સાંસદોને અમેરિકી સંસદ પર હુમલાના વધુ ૩ કાવતરાં અંગે માહિતી આપી છે. અમેરિકાની ઘરેલુ ઈન્ટેલિજન્સ એજન્સી એફબીઆઈએ પણ ચેતવણી જારી કરી છે કે જો બાઈડેનના શપથ ગ્રહણ પહેલાં ડોનાલ્ડ ટ્રમ્પને પ્રમુખપદેથી હટાવવામાં આવશે તો દેશના તમામ ૫૦ રાજ્યોમાં સશસ્ત્ર વિરોધ પ્રદર્શનો ફાટી નીકળશે.

એફબીઆઈના ઈન્ટરનલ બુલેટિનમાં ચેતવણી અપાઈ છે કે દેશવ્યાપી વિરોધ પ્રદર્શનો શરૂ થઈ શકે છે અને તે ૨૦મી જાન્યુઆરીના રોજ જો બાઈડેનના શપથગ્રહણ સુધી લંબાય તેવી સંભાવના છે. દેશના તમામ ૫૦ રાજ્યોમાં ટ્રમ્પના કટ્ટર સમર્થકો દ્વારા સશસ્ત્ર વિરોધ પ્રદર્શનો શરૂ કરવાની યોજના તૈયાર કરાઈ છે. ચેતવણી પણ આપી છે કે સશસ્ત્ર ટ્રમ્પ સમર્થકો રાજ્યોની એસેમ્બ્લીઓને નિશાન બનાવી શકે છે. બીજી તરફ ટ્વિટરે સોમવારે **QAnon conspiracy** થિયરી સાથે સંકળાયેલા ૭૦,૦૦૦થી વધુ ટ્રમ્પ સમર્થકોના ટ્વિટર એકાઉન્ટ સસ્પેન્ડ કરી દીધાં હતાં.

અમેરિકી વિદેશ મંત્રાલયે ટ્રમ્પનો કાર્યકાળ સમાપ્તની જાહેરાત કરી દેતાં ફજેતી થઈ

વિદેશ વિભાગે વેબસાઇટ પર સોમવારે રાત્રે ડોનાલ્ડ ટ્રમ્પનો કાર્યકાળ સમાપ્ત થયો હોવાની જાહેરાત કરી દેતાં ભારે ફજેતી થઇ હતી. ધ્યાન જતાં થોડા સમય બાદ વિદેશ મંત્રાલયની વેબસાઇટ પરથી આ પોસ્ટ હટાવી લેવાઇ હતી. વિદેશ મંત્રાલય દ્વારા આ અંગે કોઇ સ્પષ્ટતા કરાઇ નથી.

અમેરિકા પર ઝળુંબતી 3 મુશ્કેલીઓ

- પ્રાઇવેટ કોલ દ્વારા અમેરિકાની ધરતી પર ક્યારેય ન થયાં હોય તેવા સશસ્ત્ર પ્રદર્શનોની ધમકી
- અમેરિકી સંસદ પરના હુમલામાં મારી ગયેલી એરફોર્સ વેટરન એસ્લી બેબિટને શ્રદ્ધાંજલિના બહાને હુમલાની સંભાવના
- વોશિંગ્ટનનો ઘેરાવ કરી કોઇપણ ડેમોક્રેટ નેતાને વ્હાઇટ હાઉસ અને સુપ્રીમ કોર્ટમાં પ્રવેશતા અટકાવવાનું કાવતરું

ટ્રમ્પનુ એકાઉન્ટ બંધ થતાં ટ્વિટરના શેરમાં ધોવાણ : અબજોનો ફટકો

વોશિંગ્ટન : અમેરિકામાં સંસદ ભવનમાં ઘુસીને અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના સમર્થકોએ હિંસા આચરી હતી.એ પછી ટ્વિટર દ્વારા ડોનાલ્ડ ટ્રમ્પના નિવેદનોને ઉશ્કેરણીજનક ગણાવીને તેમના એકાઉન્ટને કાયમ માટે બંધ કરવાની જાહેરાત કરાઈ હતી.

જોકે એવુ લાગે છે કે, ટ્વિટરને આ હરકત બહુ મોંઘી પડી રહી છે.કારણકે સોમવારે અમેરિકન શેર બજારમાં સોશિયલ મીડિયા કંપનીના શેરોમાં ભારે ઘટાડો જોવા મળ્યો હતો.ટ્વિટરના શેરમાં ૬.૪ ટકાનો ઘાટો નોંધાયો છે. જેના પગલે ટ્વિટરને ભારતીય ચલણમાં ગણીએ તો અબજો રુપિયાનુ નુકસાન ગયુ છે. ટ્વિટર પર ટ્રમ્પના ૮ કરોડ ઉપરાંત સમર્થકો હતા.ટ્રમ્પ પર બેન મુકીને ટ્વિટરને આ સમર્થકોનો રોષ વ્હોરી લીધો છે. ટ્વિટર સામે ટ્રમ્પ સમર્થકોએ તેના હેડક્વાર્ટર બહાર વિરોધ પણ નોંધાવ્યો હતો. બીજી તરફ એપલ, એમેઝોન, આલ્ફાબેટના શેરના ભાવમાં પણ ઘટાડો થયો છે.ટ્વિટર દ્વારા ટ્રમ્પના એકાઉન્ટને બેન કરવાના નિર્ણયનુ સમર્થન થઈ રહ્યુ છે તો સાથે વિરોધ પણ થઈ રહ્યો છે. કેટલાક લોકો હવે ટ્વિટર પર માત્ર ડાબેરી વિચારધારાનુ જ સમર્થન કરવાનો આરોપ લગાવી રહ્યા છે.

પ્રમુખપદ છોડવાની સાથે જ ટ્રમ્પનું આવી બનશે, સિગ્નેચર બેંકે પગલાં લેવા માંડ્યાં

- ૧૧ જાન્યુઆરીથી ટ્રમ્પના એકાઉન્ટ બંધ કર્યા

વોશિંગ્ટન : ગયા સપ્તાહે પ્રમુખ ટ્રમ્પના સમર્થકોએ કેપિટલ હિલ પર કરેલા હિંસક હુમલા બાદ ટ્રમ્પની કંપનીઓની મુશ્કેલી શરૂ થઈ ગઈ હતી.

વીસ જાન્યુઆરીએ ટ્રમ્પ પ્રમુખપદ છોડે એટલી વાર છે. પછી તેમના પર મુશ્કેલીઓની વણઝાર ત્રાટકશે એમ મનાય છે.

એની શરૂઆત સોમવાર ૧૧ જાન્યુઆરીથી થઈ ગઈ હતી. સિગ્નેચર બેંકે ટ્રમ્પ ઓર્ગેનાઝેશનના ખાતાં બંધ કરવા માંડ્યાં હતા. એકવાર ટ્રમ્પ વ્હાઈટ હાઉસ છોડે પછી તેમની કંપની ટ્રમ્પ ઓર્ગેનાઈઝેશનને કોઈ બેંક લોન આપવા તૈયાર થશે કે કેમ એ કહેવાનું કપરું છે. છેલ્લાં દસ વર્ષમાં ડ્યૂશ બેંકે ટ્રમ્પની કંપનીઓને ૩૦૦ મિલિયન ડૉલર્સની લોન આપી હતી. ગયા મહિને ડ્યૂશ બેંકના ટ્રમ્પ સમર્થક બંને પ્રાઈવેટ બેંકર્સે રાજીનામાં ધરી દીધાં હતાં.

બીજી બાજુ ટ્રમ્પની સ્થાવર મિલકત પર પણ મુશ્કેલીઓ આવવાની શરૂઆત થઈ ગઈ હતી. એવી મિલકતમાં વૉશિંગ્ટન ડીસીના પૂર્વ વિસ્તારમાં એક પોસ્ટ ઑફિસ પર બનેલી હૉટલનો સમાવેશ થાય છે. પોસ્ટ ઑફિસ સરકારી મિલકત છે. એના પર ટ્રમ્પ પોતાની હૉટલ ચલાવી શકે નહીં.

કેપિટલ હિલમાં હિંસક બનાવો બન્યા પછી કેટલીક કંપનીઓએ ટ્રમ્પ સાથેના સંબંધોનો અંત આણવાની શરૂઆત કરી દીધી હતી. એવી એક કંપની પ્રોફેશનલ ગોલ્ફ એસોસિયેશન છે. આ સંસ્થાએ એવો નિર્ણય જાહેર કર્યો હતો કે ટ્રમ્પના ન્યૂ જર્સી ખાતે આવેલા ગોલ્ફ કોર્સમાં હવે અમે કોઈ ચેમ્પિયનશીપ સ્પર્ધા નહીં યોજીએ.

તેલ ભંડારો ખૂટી ગયા પછીના યુગની તૈયારી સાઉદીમાં કાર ફ્રી શહેર 'ધ લાઈન' બનાવાશે

અબુધાબી : સાઉદી અરબના ક્રાઉન પ્રિન્સ મહમદ બિન સલમાને તેલ ભંડારો ખતમ થયા પછીના સાઉદી અરબના ભાવિ કાર ફ્રી શહેરની પરિકલ્પના જાહેર કરી હતી. ૫૦૦ અબજ ડોલરના ખર્ચે હાથ ધરવામાં આવેલા 'નિઓમ' બિઝનેસ ઝોન માટેના પ્રોજેક્ટના ભાગરૂપે જ શૂન્ય કાર્બન ઉત્સર્જન કરનારું કાર ફ્રી શહેર 'ધ લાઈન' માટે નિર્માણ કાર્ય હાથ ધરવામાં આવશે. રવિવારે ટીવી સંબોધન કરતાં ક્રાઉન પ્રિન્સે જણાવ્યું હતું કે આ વર્ષના પ્રથમ ત્રિમાસ દરમિયાન જ 'ધ લાઈન' શહેરનું નિર્માણકાર્ય શરૂ થઈ જશે.

ક્રાઉન પ્રિન્સે જણાવ્યું હતું કે નવું શહેર કુદરતને ખોળે ઊભું થશે અને તેમાં કાર અને રસ્તા નહીં હોય. ૧૦૫ માઈલની એક જ લાઈનમાં વસેલા ધ લાઈન શહેરમાં પગે ચાલીને ફરી શકાશે. ૧૦ લાખની વસતી સમાવી શકે તેવું આ શહેરનું બાંધકામ શરૂ થતાં વર્ષ ૨૦૩૦ સુધીમાં ૩,૩૮,૦૦૦ નોકરીઓનું સર્જન થશે. ક્રાઉન પ્રિન્સનો ડ્રીમ પ્રોજેક્ટ નિઓમ વિશ્વના સૌથી મોટા તેલ નિકાસકર્તા દેશના અર્થતંત્રને વળાંક આપવા માટેનો પ્રોજેક્ટ છે. રાતા સમુદ્ર નજીક અરબસ્તાનના વાયવ્ય વિસ્તારમાં આ પ્રોજેક્ટ હાથ ધરાઈ રહ્યો છે.

ઈન્ડોનેશિયામાં ભેખડો ધસી પડતાં ૧૩ નાગરિકનાં મોત, ૨૬ લાપતા

- વરસાદી વાતાવરણથી શોધ અને બચાવની કામગીરી ખોરવાઈ

જાકાર્તા : રાહત- બચાવ વિભાગના કર્મચારીઓ ઈન્ડોનેશિયાના પશ્ચિમ જાવા પ્રાંતના એક ગામે ગયા સપ્તાહની રજાઓમાં બે ભેખડો ધસી પડવાથી હજી લાપતા રહેલા ૨૬ લોકોને શોધી રહ્યાં છે. પશ્ચિમ જાવાના સુમેદંગ જિલ્લાના સિહાનજુઆન્ગ ગામે રવિવારે ભારે વરસાદના પરિણામે ભેખડો ધસી પડવાથી ૧૩ લોકોના મોત થયા હતા, જયારે અન્ય ૨૯ જણ ઘવાયા હતા.

બુધવારે ભેખડ ધસી પડતાં ફસાયેલાઓને બચાવવા ગયેલા રાહત-બચાવ વિભાગના કેટલાક કર્મચારીઓ પણ બીજી ભેખડ ધસી પડવાથી માર્યા ગયા હતા. દુર્ઘટના સ્થળની આસપાસના વિસ્તારમાં જળવાઈ રહેલા વરસાદી વાતાવરણથી શોધ અને બચાવની કામગીરી ખોરવાઈ ગઈ હતી. તાજેતરમાં ઈન્ડોનેશિયામાં થઈ રહેલા મોસમી વરસાદ અને ભારે ભરતીથી અનેક સ્થળે ભેખડો ધસી પડી છે. અને પ્રચંડ પૂર આવ્યા છે. ૧૭,૦૦૦ ટાપુઓના બનેલા આ દેશમાં લાખો લોકો પર્વતીય વિસ્તારોમાં અથવા પૂરની શક્યતાવાળા નદી કાંઠાના ફળદ્રૂપ વિસ્તારોમાં રહે છે.

૬૨ મુસાફરો ભરેલું અને તુટી પડેલા ઈન્ડોનેશિયન વિમાનનું બ્લેક બોક્સ મળ્યું

જાકર્તા : ૬૨ મુસાફરોના જીવ લેનાર અને તુટી પડેલા ઈન્ડોનેશિયાના વિમાનને શોધવા માટે સરકારે ૩૬૦૦ બચાવ કર્મીઓને કામે લગાડયા હતા અને ૫૪ જંગી વહાઓએ વ્યાપક શોધ શરૂ કરી હતી. ઈન્ડોનેશિયાના તરવૈયાઓને સીરીવિજયા એરલાઈનના વિમાનના ડેટા રેકોર્ડર બ્લેક બોક્સને શોધવામાં સફળતા મળી હતી. બ્લેક બોક્સથી એ જાણવામાં મદદ મળશે કે ક્યા કારણસર બોઈંગ ૭૩૭ તુટી પડયું હતું.જાકર્તાથી ટેક ઓફ કર્યાના થોડી મિનિટોમાં જ ભારે વરસાદમાં વિમાને ડાઈ મારી હતી. જાકર્તાની ઉત્તેર તુટી પડેલા વિમાનના બોક્સને શોધવા માટે ૨૦ નાના હોડકાની પણ મદદ લેવામાં આવી હતી. વિમાનના ભંગારમાં તીક્ષ્ણ ધાર વાળા કચરામાંથી રેકોર્ડર મળી આવ્યું હતું, એમ મિલિટરીના એર ચીફ માર્શલ હાદી જાહાન્તુએ કહ્યું હતું.

ધરતીની પરિભ્રમણ સ્પીડ વધી, ૨૪ કલાકના સમયચક્રમાં થોડો ઘટાડો

- જુલાઈ ૧૯, ૨૦૨૦નો દિવસ છેલ્લી અડધી સદીમાં સૌથી ટૂંકો

લંડન : ધરતીની પોતાની ધરી પરની પરિભ્રમણ સ્પીડમાં મામુલી વધારો નોંધાયો છે. તેના કારણે દિવસની લંબાઈ પણ ૨૪ કલાકને બદલે જરા ઘટી છે. ધરતી પોતાની ધરી પર ગોળ ફરે છે અને સાથે સાથે સૂર્ય ફરતે પરિભ્રમણ કરે છે. એ રીતે ધરતીનો ગોળો કુલ બે પરિભ્રમણ કરે છે. તેમાંથી પોતાની ધરી પરના પરિભ્રમણમાં સરેરાશ ૦.૦૫ મિલિસેકન્ડ (૧ સેકન્ડ બરાબર ૧૦૦૦ મિલિસેકન્ડ) નો ઘટાડો થયો છે.

છેલ્લા ૫૦ વર્ષમાં જોવા મળેલો આ સૌથી મોટો અને નોંધપાત્ર ઘટાડો છે. ધરતીના પરિભ્રમણ અને સમય માપન પર નજર રાખતા સંગઠન ધ ઈન્ટરનેશનલ અર્થ રોટેશન એન્ડ રેફરન્સ સિસ્ટમ (આઈઈઆરએસ)ના આંકડા મુજબ ૨૦૨૦નો ૧૯ જુલાઈનો દિવસ અત્યાર સુધીનો સૌથી ટૂંકો હતો. એ દિવસ સરેરાશ કરતાં ૧.૪૬૦૨ મિલિસેકન્ડ ટુંકો હતો. અણુ ઘડિયાળની મદદથી આઈઈઆરએસ ૧૯૬૦ના દાયકાથી ધરતીની ગતિ અને સમયના તાલમેલનો રેકોર્ડ રાખે છે. એમાં નોંધાયેલો આ સૌથી મોટો ઘટાડો છે. ધરતી ૨૪ કલાકમાં પોતાની ધરી પર એક પરિભ્રમણ કરે છે. એમાં ૮૬,૪૦૦ સેકન્ડનો સમાવેશ થાય છે.

મહિલા યૌન શોષણ સહિતના આરોપ લાગતાં તુર્કીના ધર્મગુરુને ૧૦૭૫ વર્ષની જેલ

અંકારા : તુર્કીની એક અદાલતે ધર્મગુરુ અને ટીવી પ્રચારક તથા લેખક અદનાના ઓત્તકારને ૧૦૭૫ વર્ષની જેલની સજા ફટકારી છે. ઓત્તકારના બીજા ૧૩ સમર્થકોની સજાને પણ ગણતરીમાં લેવામાં આવે તો સજાના કુલ વર્ષો ૯૮૦૩ થવા જાય છે. અદનાન પર ગુનાખોરી માટે ટોળકી બનાવવાનો, છેતરપિંડી કરવાનો અને યૌન શોષણ કરવાનો આરોપ હતો. અદનાન પહેલા પોતાની ટીવી ચેનલ ચલાવતા હતા અને તે ધાર્મિક વિષયો સાથે જોડાયેલા ટોક શોમાં હોસ્ટનો રોલ પણ અદા કરતા હતા. એક વખત તેમણે ડાન્સ શોનુ પ્રસારણ પણ કર્યુ હતુ અને તેમાં તે ડાન્સ કરતા નજરે પડ્યા હતા. પોલીસે ૨૦૧૮માં તેમની ધરપકકડ કરી હતી. તેમની સાથે બીજા ૭૭ સમર્થકો પર કેસ ચલાવવામાં આવ્યો હતો. જેનો ચુકાદો હવે આવ્યો છે.

Dr. Salim Kapadia DDS

Dental Centre

SK

Dr. Salim Kapadia Dental Centre
SCARBOROUGH MIRROR
2020
readers' choice
Awards
PLATINUM

Your Perfect Smile...

Is Our Greatest Satisfaction!

SERVICES

- Smile Makeover
- Laser Teeth Whitening
- Dental Implants - Start to Finish
- Single Visit Root Canal
- Re-treatment of Failing Root Canal
- Surgical Wisdom Teeth Extraction
- Scaling & Root Planing
- White Tooth Colored Filling
- Implant Retained Dentures
- Complete & Partial Dentures
- Lumineers & Veneers
- Crown & Bridges(Zirconia & E.max)

1825 Markham Rd, Suite 102
Scarborough, ON M1B 4Z9
drsalimkapadiadental.com

416-321-3268

VICTORIA SUPERMARKET

JANUARY 15 - 21 COUPON FLYER

OPEN EVERYDAY FROM 9AM-10PM, 1400 VICTORIA PARK AVE, TORONTO WWW.VICTORIASUPERMARKET.CA

GALA APPLES REGULAR $1.99 — .99 LB	ORANGES REGULAR $1.99 — 1.29 LB	POTATOES 10 LB BAG REGULAR $4.99 — 2.79 EACH	CABBAGE REGULAR $1.29 — .49 LB	DRIED WHITE MULBERRIES REGULAR $7.99 — 5.99 LB	RED SULTANA RAISINS REGULAR $4.99 — 2.99 LB	CEDAR 5 PACK PITA BREAD REGULAR $5.99 — .69 EACH
ASSORTED SURATI SNACKS REGULAR $2.49 — 1.79 EACH	GITS KHAMAM DHOKLA 180 G REGULAR $1.49 — .99 EACH	LIPTON 900G YELLOW LABEL LOOSE LEAF TEA REGULAR $12.99 — 8.99 EACH	ARGHAWAN GREEN TEA 600 G REGULAR $11.99 — 5.99 EACH	LUXMI 300 G SOYA CHUNKS REGULAR $2.99 — 1.69 EACH	EASTERN 500 G TAMARIND REGULAR $4.49 — 2.99 EACH	SHAN ASSORTED 50 G SPICES REGULAR $1.79 — 1.29 EACH
RANI BLACK EYED BEANS 4 LB REGULAR $5.99 — 3.99 EACH	RANI TOOR DAL 4 LB REGULAR $5.99 — 3.99 EACH	AASHIRVAAD ATTA 9 KG REGULAR $12.99 — 8.99 EACH	ELITE RAGI POWDER REGULAR $4.99 — 3.25 EACH	ELITE MATTA RED RICE 5 KG REGULAR $9.99 — 7.99 EACH	RANI PREMIUM 10 LB BASMATI RICE REGULAR $14.99 — 7.99 EACH	LAZEEZ / BADSHAH 8 LB PARBOILED OR BASMATI RICE REGULAR $6.99 — 4.99 EACH
PRAN 400G PUFFED RICE BUY 2 GET 1 FREE — 2.99 EACH	CAPRI 3L CANOLA OIL REGULAR $5.99 — 4.89 EACH	SURATI 340 G TUVAR LIVA REGULAR $2.99 — 1.79 EACH	DAWN 30 PACK PLAIN PARATHAS REGULAR $8.99 — 6.99 EACH	LAZEEZ 30 PACK PLAIN PARATHAS REGULAR $6.99 — 3.99 EACH	ASSORTED LAZEEZ 5 PACK PARATHAS REGULAR $1.99 — .99 EACH	LAZEEZ VEGE SPRINGROLLS/ SAMOSAS 12PC REGULAR $2.99 — 1.49 EACH
TIDE PLUS LAUNDRY 1 KG DETERGENT REGULAR $6.99 — 3.99 EACH	ROHU FISH 3KG AND UP REGULAR $2.99 — 2.49 LB	BASA FILET 3.75 LB REGULAR $9.99 — 6.99 EACH	CHICKEN LEG WHOLE (AS IS) REGULAR $1.75 — .99 LB	GOAT SHOULDER REGULAR $7.99 — 6.99 LB	VEAL SHOULDER REGULAR $3.99 — 3.49 LB	GROUND CHICKEN REGULAR $3.99 — 3.49 LB

ORDER ONLINE. FREE DELIVERY.

HALAL MEAT
WE CLEAN YOUR IN HOUSE FISH FOR .50/LB AT THE FISH CORNER

FRESH HOT FOOD TO GO INSIDE

SOME CONDITIONS MAY APPLY